RNI:- GUJGUJ/2016/67425


# પાક્કો ગુજરાત

સુવિચાર
હિંમત હારનાર પહેલાં જ હારી જાય છે. જ્ઞાન કરતાં મોટું ધન નથી.

Date:- 05-06-2026 I VOL : 12 I Issue : 80 I Page : 8 I Price : 1.00/-

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક

Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008


3  ગાંધીનગરના વિકાસ કાર્યોને ગતિ આપવા હર્ષ સંઘવી એક્શન મોડમાં

4 


ખેલ મહાકુંભમાં જીતેલા ખેલાડીઓના કરોડો રૂપિયા ક્યાં ગયા? વિજેતાઓને...

6  રામ ચરણ અને જ્હાન્વી કપૂરની 'પેડ્ડી'નો ધમાકો, ઓપનિંગ ડે પર જ કરી કરોડોની કમાણી...

7  'હા ક્રિકેટમાં ફિક્સિંગ થાય છે' લલિત મોદીના સનસનીખેજ ખુલાસા


## એક નજર...

### રેડ બ્રાલેટમાં અલાયા એફએ કેમેરા સામે ફ્લોન્ટ કર્યું પરફેક્ટ ફિગર



અભિનેત્રી પૂજા બેદીની પુત્રી અલાયા ફર્નિચરવાલા (Alaya F)એ પોતાની સ્ટાઈલ અને ફિટનેસથી ચાહકોને દિવાના બનાવી દીધા છે. અભિનેત્રી અલાયા એફની લેટેસ્ટ તસવીરોએ પણ ઈન્સ્ટાગ્રામની દુનિયામાં હલચલ મચાવી દીધી છે. તાજેતરમાં, અભિનેત્રી અલાયા એફએ ખૂબ જ બોલ્ડ તસવીરો ઈન્સ્ટાગ્રામ પર શેર કરી છે.

### 26 બેઠકો પર 18 જૂને ચૂંટણી

# રાજ્યસભા ચૂંટણી: ભાજપે 11 ઉમેદવારોની યાદી જાહેર કરી

નવી દિલ્હી

ભાજપે રાજ્યસભા ચૂંટણી માટે ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરી છે. ભાજપે મધ્યપ્રદેશની બે બેઠકો માટે રાષ્ટ્રીય મહાસચિવ તરુણ ચુગ અને ઉદ્યોગપતિ રજનીશ અગ્રવાલને ઉમેદવાર બનાવ્યા છે. રાજસ્થાનમાંથી પૂર્વ પ્રદેશાધ્યક્ષ ડો. સતીશ પૂનિયા અને ડો. અલકા ગુર્જરને ઉમેદવાર બનાવ્યા છે. ગુજરાતની ચાર બેઠકો પર રાજુભાઈ શુક્લા, મુકેશભાઈ રાઠવા, માનસિંહ પરમાર અને જીતેન્દ્ર કણઝારીયાને ઉમેદવાર બનાવવામાં આવ્યા છે. અરુણાચલ પ્રદેશમાંથી તાઈ તાગક અને મણિપુરથી એ. શારદા દેવીને ટિકિટ મળી છે.



ઓડિશામાં રાજ્યસભાની ખાલી બેઠક પર યોજાનારી પેટાચૂંટણી માટે પાર્ટીએ દેબાશિષ સામંતરાયને ઉમેદવાર જાહેર કર્યા છે. આ બેઠક પેટાચૂંટણી દ્વારા ભરવામાં આવશે. 12 રાજ્યોની 26 રાજ્યસભા બેઠકો પર 18 જૂને ચૂંટણી યોજાશે. નોમિનેશન ભરવાની છેલ્લી તારીખ 8 જૂન છે. તમિલનાડુ: CM વિજયની પાર્ટી TVKએ રાજ્યની એક રાજ્યસભા બેઠક કોંગ્રેસને આપી છે. પાર્ટીએ અહીંથી પ્રવીણ ચક્રવર્તીને ઉમેદવાર બનાવ્યા છે. મેઘાલય: મેઘાલય ડેમોક્રેટિક એલાયન્સ-II (MDA-II)એ નેશનલ પીપલ્સ પાર્ટી (NPP)ના જેમ્સ પીકે સંગમાને સર્વસંમતિથી ઉમેદવાર બનાવ્યા છે. મિઝોરમ: રાજ્યની એક બેઠક માટે સત્તાધારી પક્ષ ઝોરામ પીપલ્સ મૂવમેન્ટ (ZPM)એ પાર્ટી પ્રવક્તા કે. લાલતલુઆંગકિમાને ઉમેદવાર જાહેર કર્યા છે. રાજ્યસભાની જે 26 બેઠકો પર ચૂંટણી યોજાવાની છે, તેમાંથી NDA પાસે હાલમાં 18 (આંધ્ર પ્રદેશમાંથી 1, ગુજરાતમાંથી 4, કર્ણાટકમાંથી 3, રાજસ્થાન-મધ્ય પ્રદેશમાંથી 2-2, ઝારખંડ, મણિપુર, મેઘાલય, અરુણાચલ, મહારાષ્ટ્ર અને તમિલનાડુમાંથી એક-એક બેઠક છે). જ્યારે કોંગ્રેસ ગઠબંધન પાસે 5 બેઠકો છે. જ્યારે અન્ય ત્રણ બેઠકો YSRCPના ખાતામાં છે. આ ચૂંટણીઓમાં NDAને 17 બેઠકો મળવાની સંભાવના છે, જ્યારે કોંગ્રેસને પાંચ, JMMને બે અને TVKને એક બેઠક મળવાની અપેક્ષા છે.

## બંધારણ નિષ્ણાત અને પદ્મભૂષણ ડૉ. સુભાષ કશ્યપનું નિધન

### 97 વર્ષની વયે લીધા અંતિમ શ્વાસ

નવી દિલ્હી

ભારતીય બંધારણ, સંસદીય પરંપરાઓ અને લોકશાહી સંસ્થાઓના પ્રખ્યાત વિદ્વાન ડૉ. સુભાષ સી. કશ્યપનું 97 વર્ષની વયે તેમના નિવાસસ્થાને અવસાન થયું છે. મળતી માહિતી અનુસાર, તેમનું મૃત્યુ કાર્ડિયો-પલ્મોનરી અરેસ્ટ(હૃદયરોગના હુમલા)ના કારણે થયું છે. ડૉ. કશ્યપ દેશના અગ્રણી બંધારણીય નિષ્ણાત, રાજકીય વિશ્લેષક અને સંસદીય બાબતોના અગ્રગણ્ય એક્સપર્ટ હતા. તેમના નિધનથી દેશના રાજકીય, સંસદીય અને શૈક્ષણિક જગતમાં શોકની લહેર છે. ચાર દાયકા સુધી સંસદ સાથે જોડાયેલા રહ્યા અને લોકસભાના મહાસચિવ બન્યા 10 મે, 1929ના રોજ જન્મેલા ડૉ. સુભાષ કશ્યપે ભારતીય સંસદ સાથે જોડાયેલી અનેક મહત્ત્વપૂર્ણ જવાબદારીઓ ખૂબ જ નિષ્ઠાપૂર્વક નિભાવી હતી. તેમણે વર્ષ 1953માં સંસદ સચિવાલયથી પોતાની કારકિર્દીની શરૂઆત કરી હતી અને લગભગ 37 વર્ષ સુધી સીધા સંસદ સાથે જોડાયેલા રહ્યા હતા. તેઓ વર્ષ 1984થી 1990 દરમિયાન 7મી, 8મી અને 9મી લોકસભાના મહાસચિવ (સેક્રેટરી જનરલ) રહ્યા હતા. આ ત્રણેય લોકસભાના કાર્યકાળ દરમિયાન સંસદીય કામકાજના સંચાલનમાં અને સંસદીય સંસ્થાઓને મજબૂત બનાવવામાં તેમણે અજોડ ભૂમિકા ભજવી હતી. વૈશ્વિક સ્તરે પણ તેમણે જિનીવા સ્થિત ઈન્ટરનેશનલ સેન્ટર ફોર પાર્લામેન્ટ્રી ડૉક્યુમેન્ટેશન(IPU)નું નેતૃત્વ કર્યું હતું. ડૉ. સુભાષ કશ્યપ ભારતીય બંધારણ અને સંસદીય પ્રક્રિયાઓના એટલા મોટા જ્ઞાની હતા કે તેમણે પોતાના જીવનકાળ દરમિયાન 100થી વધુ પુસ્તકો અને 500થી વધારે રિસર્ચ પેપર્સ લખ્યા હતા.



# વિકાસનો અર્થ એવો નહીં ગામડાઓ ખતમ થઈ જાય: CJI

### વિકાસનો સાચો માપદંડ ગામડાં કેટલા આત્મનિર્ભર બન્યા, શહેરીકરણ નહીં; શહેરોમાં વ્યક્તિ ભીડમાં પણ એકલો

નવી દિલ્હી

ઊંચી ઈમારતો, પહોળા રસ્તાઓ અને તીવ્ર આર્થિક ગતિવિધિઓ પ્રગતિનું પ્રતીક માનવામાં આવે છે, પરંતુ આ વિકાસ યાત્રા વચ્ચે એક મહત્વપૂર્ણ પ્રશ્ન આપણી સામે ઊભો છે - શું આપણે અજાણતામાં ગામડાઓનો મૂળ આત્મા ગુમાવી રહ્યા છીએ? શું વિકાસનો અર્થ એ હોવો જોઈએ કે ગામડાઓ ધીમે ધીમે શહેરનું રૂપ લઈ લે? અથવા આપણે એવું ભારત બનાવવું જોઈએ, જ્યાં ગામડાઓ પોતાની સાંસ્કૃતિક ઓળખ, સામાજિક આત્મીયતા અને જીવન મૂલ્યોને સુરક્ષિત રાખીને આધુનિક સુવિધાઓથી પણ સંપન્ન હોય? આ સમગ્ર ભારતના ભવિષ્ય સાથે જોડાયેલો પ્રશ્ન છે, પરંતુ હરિયાણાના ગામડાઓનો ઉલ્લેખ એટલા માટે વિશેષ મહત્વ ધરાવે છે, કારણ કે ત્યાં આજે પણ સામૂહિક જીવન, શ્રમ સંસ્કૃતિ, આત્મસન્માન અને સામાજિક સહભાગિતાની પરંપરા જીવંત છે. આ જ સ્થિતિ દેશના અનેક રાજ્યોના ગામડાઓમાં પણ જોવા મળે છે. ભારતની વાસ્તવિક શક્તિ ગામડાઓમાં વસેલી છે. જો ગામડાઓનું ચારિત્ય જ બદલાઈ ગયું તો ભારતના આત્માને પણ અસર થશે. આજે પડકાર એ નથી કે ગામડાઓ સુધી વિકાસ કેવી રીતે પહોંચાડવામાં આવે અસલી પડકાર એ છે કે વિકાસ પહોંચાડતી વખતે ગામડાઓને 'શહેર' બનતા કેવી રીતે બચાવવામાં આવે. ગામડાઓમાં રસ્તાઓ હોય, આધુનિક શાળાઓ, ઉત્તમ સ્વાસ્થ્ય સેવાઓ, ડિજિટલ સુવિધાઓ, રોજગારની તકો હોય, તે જરૂરી છે. પરંતુ તે પણ એટલું જ જરૂરી છે કે ગામડાઓની સામાજિક સંરચના, સામૂહિકતા, પર્યાવરણીય સંતુલન અને માનવીય નિકટતા સુરક્ષિત રહે. વર્તમાન સમયમાં મોટી સંખ્યામાં ગ્રામીણ યુવાનો શહેરો તરફ સ્થળાંતર કરી રહ્યા છે. તેનું મુખ્ય કારણ માત્ર આર્થિક નથી. ઘણી વાર એવી સ્વાભાવિક ધારણા પણ હોય છે કે સન્માનજનક જીવન, તકો અને આધુનિક સુવિધાઓ માત્ર શહેરોમાં જ ઉપલબ્ધ છે. જો આપણે ગામડાઓને સશક્ત બનાવવા હોય અને આ વિચારસરણી બદલવી હોય, તો આપણે આ સ્થળાંતરને નિરુત્સાહિત કરવું પડશે.



## NEWS TRACK

### ટ્રમ્પને મોટો ઝટકો: અમેરિકન સંસદના નીચલા ગૃહમાં ઈરાન યુદ્ધ અટકાવવાનો પ્રસ્તાવ પસાર

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને સંસદ(હાઉસ ઑફ રિપ્રેઝન્ટેટિવ્સ)માં પોતાની જ પાર્ટીના કારણે મોટો રાજકીય આંચકો લાગ્યો છે. સંસદમાં બહુમતી ધરાવતી રિપબ્લિકન પાર્ટીની આગેવાની હેઠળ જ બુધવારે એક મહત્ત્વનો પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યો છે, જેનો મુખ્ય હેતુ પ્રમુખ ટ્રમ્પને ઈરાન સામે ચાલી રહેલા યુદ્ધને આગળ વધારતા રોકવાનો છે. છેલ્લા ત્રણ મહિનાથી ચાલી રહેલા આ યુદ્ધને કારણે હવે ટ્રમ્પની પોતાની જ રિપબ્લિકન પાર્ટીના નેતાઓમાં ચિંતા અને અસંતોષ વધી રહ્યો છે, જે આ મતદાન દરમિયાન સ્પષ્ટપણે બહાર આવ્યો છે. રિપબ્લિકન પાર્ટીના જ ચાર સાંસદોએ ટ્રમ્પની વિરુદ્ધમાં કર્યો વોટ આ વોર પાવર્સ રિઝોલ્યુશન(યુદ્ધ શક્તિ પ્રસ્તાવ) પર અમેરિકન સંસદમાં થયેલા મતદાનમાં પ્રસ્તાવની તરફેણમાં 215 અને વિરોધમાં 208 મત પડ્યા હતા. સંસદમાં ડોનાલ્ડ ટ્રમ્પની રિપબ્લિકન પાર્ટીની બહુમતી હોવા છતાં, તેમના જ ચાર સાંસદોએ પક્ષ બદલીને વિપક્ષ ડેમોક્રેટ્સના સમર્થનમાં અને ટ્રમ્પની વિરુદ્ધમાં વોટ આપ્યો હતો.

### UNમાં પાકિસ્તાનનો ખેલ ખતમ! પહેલીવાર કિર્ગિસ્તાનની એન્ટ્રી, જર્મનીને લાગ્યો મોટો ઝટકો

સંયુક્ત રાષ્ટ્ર (UN) સુરક્ષા પરિષદમાં એક બહુ મોટો અને મહત્ત્વનો બદલાવ જોવા મળ્યો છે. 3 જૂન, 2026ના રોજ યોજાયેલી સંયુક્ત રાષ્ટ્ર મહાસભા (UNGA)ની ખૂબ જ રસાકસી ભરેલી ચૂંટણીમાં કિર્ગિસ્તાનનો શાનદાર વિજય થયો છે. એશિયા-પેસિફિક ગ્રુપની બેઠક માટે કિર્ગિસ્તાન હવે ભારતની સરહદે આવેલા પાડોશી દેશ પાકિસ્તાનની જગ્યા લેશે. પાકિસ્તાનનો 2 વર્ષનો આ કાર્યકાળ 2026ના અંતમાં સમાપ્ત થઈ રહ્યો છે, જેની સાથે જ યુએનની આ શક્તિશાળી સમિતિમાંથી તેની એક્ઝિટ થઈ ગઈ છે. કિર્ગિસ્તાને રચ્યો નવો ઈતિહાસ કિર્ગિસ્તાનનો આ નવો કાર્યકાળ 1 જાન્યુઆરી, 2027થી શરૂ થઈને 31 ડિસેમ્બર, 2028 સુધી એટલે કે પૂરા 2 વર્ષ માટે ચાલશે. વર્ષ 1992માં સંયુક્ત રાષ્ટ્રમાં સામેલ થયા બાદ, ઈતિહાસમાં આ પહેલીવાર બન્યું છે જ્યારે કિર્ગિસ્તાનને વિશ્વની સૌથી પાવરફુલ સુરક્ષા પરિષદની ટેબલ પર બેસવાની ઐતિહાસિક તક મળી છે. એશિયા-પેસિફિક સીટ મેળવવા માટે કિર્ગિસ્તાન અને ફિલિપાઈન્સ વચ્ચે જબરદસ્ત મુકાબલો થયો હતો.

# મહેસાણા ખાખી શરમજનક: SPના 'કમાઉ દીકરા' તરુણસિંહ ડાભીનું કરોડોનું હપ્તા-સામ્રાજ્ય! આ કોન્સ્ટેબલ છે કે જીલ્લાનો 'બીજો સુપર SP'?

## લાંગણજ, નંદાસણ અને કડીમાં ખાખીના આશીર્વાદથી મોતનો સામાન વેચતા બુટલેગરો બેખોફ; રાજસ્થાનના માફિયાઓ સાથે સીધું સેલ-કનેક્શન!

મહેસાણા

ગુજરાતમાં દારૂબંધીના નામે કાયદાના લીરેલીરા ઉડાડતી અને પ્રજાના ભરોસાનો જનાજો કાઢતી એક અત્યંત ભયાનક સિન્ડિકેટ મહેસાણા જિલ્લામાં સક્રિય થઈ છે. અહી કાયદો અને વ્યવસ્થા જનતાની રક્ષા કરવા માટે નહીં, પણ બુટલેગરો અને જુગારીઓ પાસેથી કરોડો રૂપિયાની ઉઘરાણી કરવા માટે ગીરવે મૂકી દેવાઈ હોય તેવી ગંભીર સ્થિતિ છે. આ આખા કાળા કારોબારની પાછળ કોઈ નાનો-મોટો ગુંડો નથી, પણ લાંગણજ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતો પીસી તરુણસિંહ ડાભી છે. આ ભ્રષ્ટ કોન્સ્ટેબલ જિલ્લા પોલીસવડા (SP)ના કથિત 'વહીવટદાર' તરીકે આખા મહેસાણામાં સમાંતર ગુંડા શાસન ચલાવી રહ્યો હોવાના સનસનીખેજ આક્ષેપોથી સમગ્ર પંથક ધણધણી ઊઠ્યો છે!

### ખાખીની ઓથ હેઠળ પાપ નગરી: આ વિસ્તારો બન્યા ગુનાખોરીના અડ્ડા

સૂત્રોના પાકા અહેવાલો કહે છે કે, વહીવટદાર તરુણસિંહના ઈશારે અને સ્થાનિક પોલીસની મિલીભગતથી મહેસાણાના ખૂણે-ખૂણે જુગારધામ અને વિદેશી દારૂની રેલમછેલ થઈ રહી છે:

લાંગણજ પંથક: ગોઝારીયામાં બેચર ઠાકોર, લીંચમાં સુરેશ ઠાકોર અને વિરસોડા-મંડાલીમાં મોસીન નામના શખ્સો પોલીસના સત્તાવાર સંરક્ષણ હેઠળ મોતનો સામાન વેચી રહ્યા છે.

નંદાસણ વિસ્તાર: રાજપુર ગામમાં ઈમ્તિયાઝ અને સરફરાઝ નામના શખ્સોનું આલીશાન જુગારધામ ચાલે છે, જ્યારે કાળુસિંહ દ્વારા ઇંગ્લિશ દારૂનું નેટવર્ક ઓપરેટ થાય છે.

કડી પંથક: અહીં તો જાણે કાયદાનો કોઈ ડર જ નથી! મનોજ, જાવેદ, ઈશ્વરસિંહ અને કિશન ઠાકોર જેવા અસંખ્ય બુટલેગરો બેખોફ બનીને ધંધો કરી રહ્યા છે.

### તરુણસિંહનો સમાંતર ફતવો: "દારૂ ખરીદવો હોય તો માત્ર મારા માણસો પાસેથી જ લેવો પડશે!"

વહીવટદાર તરુણસિંહ ડાભીનો પાવર એટલો માથે ચડીને બોલે છે કે જીલ્લામાં તેની પરમિશન વગર એક પાંદડું પણ હલી શકતું નથી. લાંગણજ, નંદાસણ, કડી, બાવલુ અને સાંથલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં એજન્સીના નામે કરોડો રૂપિયાનો હપ્તો આ ભાઈ પોતે ઉઘરાવે છે. આંતરરાજ્ય બુટલેગરો–જેવા કે આશુ અગ્રવાલ (આબુ રોડ), ગુલાબસિંહ (દાંતીવાડા), છોટુ બિશ્નોઈ, સુરેશ બિશ્નોઈ અને ભજનલાલ બિશ્નોઈ (સાંચોર)–સાથે સેટિંગ કરીને રાજસ્થાન સરહદેથી દારૂના આખેઆખા કન્ટેનરો મહેસાણામાં ઠલવાય છે. તરુણસિંહે સ્થાનિક અડ્ડાવાળાઓ માટે ફતવો બહાર પાડ્યો છે કે દારૂ માત્ર તેના માણસો પાસેથી જ લેવો, નહિતર તેના પર રેડ પાડી દેવાશે!

### LCB પી.આઈ. કામડીયાની બેશરમી: "હું તરુણ ડાભીને ઓળખતો જ નથી!"

જ્યારે આ ભયાનક ભ્રષ્ટાચાર અંગે 'પાક્કો ગુજરાત ન્યૂઝ' દ્વારા મહેસાણા એલસીબી (LCB) પી.આઈ. કામડીયાનો ટેલિફોનિક સંપર્ક કરવામાં આવ્યો, ત્યારે તેમણે સિસ્ટમની લાચારી અને બેશરમીનો પુરાવો આપતા કહ્યું કે, 'જિલ્લામાં કોઈ દારૂ-જુગાર ચાલતો નથી અને તરુણ ડાભી કોણ છે મને ખબર નથી!' ધન્ય છે સાહેબ તમારી ખાખીને! આખા જિલ્લાના અધિકારીઓ જે કોન્સ્ટેબલના રુઆબ અને પાવરથી ફફડે છે, તેનાથી એલસીબી પી.આઈ. અજાણ હોવાનો ઢોંગ કરે છે? રોજ લાખો રૂપિયાનો ભ્રષ્ટાચાર અને કરોડોનો દારૂ આંખ સામેથી પસાર થાય છે, છતાં જિલ્લાના પોલીસવડા (SP) અને એલસીબી મૌન છે, કારણ કે કમાણીનો મોટો હિસ્સો છેક ઉપર સુધી નિયમિત પહોંચી જાય છે!

### નાના કર્મચારીઓ બલીનો બકરો, પણ માસ્ટરમાઇન્ડ સેફ કેમ?

જ્યારે પણ ગાંધીનગરથી સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) ની ટીમ દરોડા પાડે છે, ત્યારે માત્ર સ્થાનિક પીઆઈ કે જમાદારને સસ્પેન્ડ કરીને નાટક કરવામાં આવે છે. પરંતુ આ આખા ખેલના અસલી સૂત્રધાર વહીવટદાર તરુણસિંહ ડાભીને કોઈ આંચ સુદ્ધાં આવતી નથી! જીલ્લાના પોલીસ વડાને લેખિત જાણ કરવા છતાં કોઈ કાર્યવાહી કેમ ન થઈ? તેની પાછળ કયા મોટા નેતા કે આકાઓનો હાથ છે, જે હોમ મિનિસ્ટરની સૂચનાઓને પણ ઘોળીને પી ગયા છે?

### 'પાક્કો ગુજરાત'નો ગૃહ મંત્રાલયને ખુલ્લો પડકાર: શું મહેસાણામાં મોટા લઠ્ઠાકાંડની રાહ જોવાઈ રહી છે?

રોજનો કરોડોનો કાળો કારોબાર ચલાવતા આ વહીવટદારની બેનામી સંપત્તિ પકડવા માટે ક્યારે એક્શન લેવાશે?

'પાક્કો ગુજરાત' આજે રાજ્યના ગૃહ વિભાગ અને હોમ મિનિસ્ટરને સીધા સવાલો પૂછે છે:

1 લાંગણજ પોલીસ સ્ટેશનનો એક સામાન્ય કોન્સ્ટેબલ આખા જિલ્લાનો બાપ અને 'બીજો SP' કેવી રીતે બની ગયો? કોના આશીર્વાદથી આ આખો ખેલ ચાલે છે?

2 જો કાલે સવારે મહેસાણા જિલ્લામાં આ કેમિકલવાળા ઝેરી દારૂના લીધે કોઈ 'ભયાનક લઠ્ઠાકાંડ' સર્જાયો અને ગરીબોના ઘરના ચિરાગ ઓલવાઈ ગયા, તો તેની જવાબદારી કોની રહેશે? જિલ્લા પોલીસવડાની, એલસીબી પી.આઈ. કામડીયાની કે પછી હપ્તાખોર તરુણસિંહ ડાભીની? ગૃહ મંત્રાલય હવે આંખો ખોલે! જનતા કાગડોળે રાહ જોઈ રહી છે કે આ ખાખી વર્દીધારી કાળા ઘેટાઓ અને ભ્રષ્ટાચારની આખી સિન્ડિકેટ પર ક્યારે સરકારી બુલડોઝર ફરશે!




ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો : 9662420070

# શાહના હુંકારના 5મા દિવસે એક્શન : મિડનાઇટ સર્ચ ઓપરેશન, વીણી-વીણીને ઘૂસણખોરોને પકડવાનું શરૂ!



- ઓપરેશન ડેલ્ટા હન્ટ: રાજ્યભરમાંથી 501 બાંગ્લાદેશી ઝડપાયા:100ની પૂછપરછ
- 100થી વધુ મહિલા અને 30 બાળકો
- અમદાવાદમાં આંકડો 192એ પહોંચ્યો

**ગાંધીનગર/અમદાવાદ**

ગુજરાતમાં ગેરકાયદેસર રહેતા બાંગ્લાદેશી નાગરિકો સામે પોલીસ અને વિવિધ તપાસ એજન્સીઓએ શરૂ કરેલું ઓપરેશન ડેલ્ટા હન્ટ હવે નિર્ણાયક તબક્કામાં પહોંચી ગયું છે. અમદાવાદ સહિત રાજ્યભરમાં આજે સવારે 10 વાગ્યા સુધીમાં 501 બાંગ્લાદેશી નાગરિકોની ધરપકડ કરવામાં આવી છે.

અધિકારીઓના જણાવ્યા અનુસાર આ ઓપરેશન હજુ ચાલુ છે અને આગામી દિવસોમાં ધરપકડનો આંકડો વધી શકે છે. આ સાથે જ ખોટા દસ્તાવેજો બનાવી આપનાર એજન્ટો અને સ્થાનિક મદદગારો સામે પણ કડક કાર્યવાહી કરવામાં આવશે. રાજ્યના વિવિધ શહેરો અને જિલ્લાઓમાં પોલીસની ટીમો દ્વારા સઘન સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. મજૂરી કામ, કન્સ્ટ્રક્શન સાઈટ, ઝૂંપડપટ્ટી વિસ્તાર, ભાડાના મકાનો અને સંવેદનશીલ વિસ્તારોમાં ચેકિંગ કરવામાં આવ્યું હતું. જ્યાં શંકાસ્પદ દસ્તાવેજો ધરાવતા લોકોની પૂછપરછ બાદ તેમની ઓળખ અને નાગરિકતાની ચકાસણી કરવામાં આવી હતી.

અનેક બાંગ્લાદેશી નાગરિકો વર્ષોથી ખોટા આધારકાર્ડ, મતદાર કાર્ડ અને અન્ય દસ્તાવેજોના આધારે ગુજરાતમાં રહેતા હતા. કેટલાક લોકો મજૂરી, ફેક્ટરી અને નાના ધંધા સાથે સંકળાયેલા હોવાનું પણ તપાસમાં સામે આવ્યું છે. પોલીસ અને ગુપ્તચર એજન્સીઓ દ્વારા છેલ્લા કેટલાક સમયથી આવા લોકોની વિગતો એકત્ર કરવામાં આવી રહી હતી. જે બાદ રાજ્યવ્યાપી ઓપરેશન શરૂ કરી એકસાથે કાર્યવાહી હાથ ધરી છે.

ધરપકડ કરાયેલા તમામ લોકોના દસ્તાવેજોની તપાસ ચાલી રહી છે અને તેઓ ભારતમાં કેવી રીતે ઘૂસ્યા તથા તેમને સ્થાનિક દસ્તાવેજો કોણે બનાવી આપ્યા તેની પણ તપાસ કરવામાં આવી રહી છે. ખાસ કરીને અમદાવાદ, સુરત, વડોરા, રાજકોટ સહિતના મોટા શહેરોમાં પોલીસે અલગ અલગ ટીમો બનાવી સર્ચ ઓપરેશન ચલાવ્યું હતું.

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે 2 જૂને અલગ અલગ વિસ્તારમાંથી 166 જેટલા બાંગ્લાદેશીઓની અટકાયત કરી હતી, જ્યારે 3 જૂને પણ પોલીસનું ઓપરેશન ચાલુ રહ્યું હતું અને આ દરમિયાન શહેરના અલગ અલગ વિસ્તારમાંથી વધુ 16 બાંગ્લાદેશીઓ ઝડપાયા હતા. સ્પેશિયલ બ્રાન્ચ દ્વારા તમામ ઝડપાયેલા બાંગ્લાદેશીઓને ડિટેન્શન સેન્ટર મોકલી આપવામાં આવ્યા છે.

## ઉમરેઠમાં કાલસર ગામ નજીક મહી કેનાલમાં દંપતીએ મોતની છલાંગ લગાવી, પોલીસે તપાસ હાથ ધરી

**આણંદ**

આણંદ જિલ્લાના ઉમરેઠ તાલુકાના કાલસર ગામમાંથી એક અત્યંત દૂખદ અને ચકચારી ઘટના સામે આવી છે. કાલસર ગામ નજીકથી પસાર થતી મહી કેનાલમાંથી એક પરિણીત દંપતીના મૃતદેહ મળી આવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. કોઈ અજ્ઞાત કારણોસર આ પતિ-પત્નીએ કેનાલના ધસમસતા પ્રવાહમાં ઝંપલાવીને પોતાનું જીવન ટૂંકાવી લીધું છે.

મળતી માહિતી અનુસાર, કેનાલમાંથી મળી આવેલા મૃતક દંપતીની ઓળખ કાલસર ગામના ગીતાબહેન તેમના પતિ શૈલેષકુમાર તરીકે થઈ છે. દંપતીએ કાલસર ગામ પાસેથી પસાર થતી મહી કેનાલમાં આપઘાત કરવાના ઈરાદે ઝંપલાવ્યું હતું. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક લોકો અને વહીવટી તંત્ર દ્વારા કેનાલના પાણીમાં ભારે શોધખોળ શરૂ કરવામાં આવી હતી. કેનાલના તણાવ અને પ્રવાહના કારણે બંનેના મૃતદેહ અલગ-અલગ જગ્યાએ તણાઈ ગયા હતા.

દંપતીના મોતના સમાચાર મળતા જ ઉમરેઠ પોલીસ મથકનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયો હતો. પોલીસે સ્થાનિક તરવૈયાઓની મદદથી બંને શવોનો કબજો મેળવીને પોસ્ટમોર્ટમ (PM) ની કાયદેસરની વિધિ માટે સરકારી હોસ્પિટલ ખાતે ખસેડ્યા છે. દંપતીએ કયા કારણોસર આ આકરું પગલું ભર્યું છે, તેનું ચોક્કસ કારણ હજી સુધી જાણી શકાયું નથી. પોલીસે આ મામલે ગુનો નોંધીને આગળ કાર્યવાહી તપાસ હાથ ધરી છે.

## વડોદરા કોર્પો.ના નવા બોર્ડની પ્રથમ સ્થાયી સમિતિની બેઠક : વૃક્ષારોપણના વાર્ષિક કોન્ટ્રાક્ટના કામોમાં વિવાદ

**વડોદરા**

વડોદરા કોર્પોરેશનમાં નવું બોર્ડ સત્તા પર આવ્યા બાદ પ્રથમ સ્થાયી સમિતિની બેઠકનો એજન્ડા બહાર પાડવામાં આવ્યો છે. જેમાં અગાઉના વર્ષોની જેમ જ કોન્ટ્રાક્ટરોને ફાયદો થાય તે રીતના કામો રજૂ કરવામાં આવી રહ્યા છે. જેમાં પાર્ક એન્ડ ગાર્ડન શાખા દ્વારા ખાનગી એજન્સી પાસે વૃક્ષારોપણના કામમાં એક કોન્ટ્રાક્ટરનો ભાવ 30 ટકા ઓછા અને અન્ય એક કોન્ટ્રાક્ટરના 18.98% ઓછા ભાવના ટેન્ડર આવ્યા છે જેને કારણે વિવાદ સર્જાયો છે. પાર્ક્સ એન્ડ ગાર્ડન શાખા દ્વારા સ્થાયી સમિતિમાં ત્રણ ઝોનમાં રૂ.ત્રણ કરોડની મર્યાદામાં વૃક્ષારોપણના વાર્ષિક કોન્ટ્રાક્ટના કામોમાં કોન્ટ્રાક્ટરો દ્વારા જે રકમ અને ઓછા ભાવના ટેન્ડર ભરવામાં આવ્યા છે. ત્યારે ઉત્તર ઝોન વિસ્તારમાં અલગ-અલગ જગ્યા પર પ્લાન્ટેશન કરવાના કામે ઈજારદાર આનંદ ફાર્મ એન્ડ નર્સરીનું ભાવપત્ર જે અંદાજીત ભાવથી 30% ઓછાનું ભર્યું છે અને રૂ.1 કરોડની મર્યાદામાં વર્ષ દરમ્યાન કામગીરી કરાવવામા આવશે. એ જ પ્રમાણે દક્ષિણ ઝોન વિસ્તારમા પ્લાન્ટેશન કરવાના હરિકૃષ્ણ નર્સરી એન્ડ પ્લાન્ટેશન દ્વારા રજુ કરવામાં આવેલા ભાવ પત્રમાં અંદાજિત ભાવ કરતા 18.98 % ઓછા ભાવ ભર્યા છે અને રૂ.1-કરોડની મર્યાદામાં ખર્ચ કરશે. પુર્વ ઝોન વિસ્તારમાં પણ પ્લાન્ટેશન કરવાના વાર્ષિક કોન્ટ્રાક્ટ પણ હરિકૃષ્ણ નર્સરી એન્ડ પ્લાન્ટેશને મેળવવા તેઓએ અંદાજીત ભાવથી 18.98 % ઓછા ભાવ ભર્યા છે.પાર્ક એન્ડ ગાર્ડન શાખા દ્વારા રજૂ કરવામાં આવેલા ત્રણ ઝોનના કામોમાં એક કોન્ટ્રાક્ટરે 30 ટકા ઓછા ભાવ ભર્યા છે ત્યારે અન્ય એક કોન્ટ્રાક્ટરે બે ઝોનના કામ માટે 18.98% ઓછા ભાવ ભર્યા છે.

## પહેલા રોડ બનાવ્યો, પછી તોડી નાખ્યો : સુરત પાલિકાના આયોજનના ધજાગરા ઉડ્યા

**સુરત**

સુરત મહાનગરપાલિકામાં વિકાસ કાર્યોના નામે પ્રજાના ટેક્સના નાણાંનો કેવા બેફામ બગાડ થઈ રહ્યો છે તેનો વધુ એક ચોંકાવનારો કિસ્સો રાંદેર ઝોનના પાલ વિસ્તારમાં સામે આવ્યો છે. કરોડો રૂપિયાના વિકાસનાં દાવા કરતી પાલિકા પોતાના જ વિભાગો વચ્ચે સામાન્ય સંકલન જાળવી શકતા નથી તે હકીકત ફરી એકવાર ખુલ્લી પડી છે. પાલ વિસ્તારમાં માત્ર 45 દિવસ પહેલાં પાંચેક લાખ રૂપિયાના ખર્ચે રોડનું રી-કાર્પેટિંગ કરવામાં આવ્યું હતું, પરંતુ થોડા જ સમયમાં તંત્રને યાદ આવ્યું કે અહીં ડ્રેનેજ લાઈન નાખવાની કામગીરી બાકી છે. પરિણામે લાખો રૂપિયાના ખર્ચે તૈયાર કરેલો નવો રોડ જેસીબી વડે ખોદી નાખવામાં આવ્યો છે. વિકાસના નામે લાખો રૂપિયાનો ખર્ચ કર્યા બાદ થોડા જ દિવસોમાં એ જ કામગીરી તોડી નાખવી એ માત્ર વહીવટી ભૂલ નહીં પરંતુ જાહેર નાણાં પ્રત્યેની ઘોર બેદરકારી હોવાથી જવાબદારી નક્કી કરવા માગણી થઈ રહી છે.

પાલિકાના રાંદેર ઝોનના પાલ વોકવે સામે આવેલી સ્તુતિ રેસીડેન્સીની ગલીમાં માત્ર 45 દિવસ પહેલાં અંદાજે પાંચ લાખ રૂપિયાના ખર્ચે રોડનું રી-કાર્પેટિંગ કરવામાં આવ્યું હતું. આ રોડનો બરાબર ઉપયોગ થાય તે પહેલાં પાલિકાના અધિકારીઓને યાદ આવ્યું કે રોડ રી-કાર્પેટ થઈ ગયો છે પરંતુ ડ્રેનેજ કામગીરી બાકી રહી ગઈ છે. તેથી માત્ર 45 દિવસ પહેલા બનેલા રોડ પર બુલડોઝર આવી ગયું અને રોડ ડ્રેનેજ કામગીરી માટે રોડ ખોદાણ કામગીરી શરૂ કરવામાં આવી છે. આ વિસ્તારના લોકો 45 દિવસ પહેલા રોડ રી કાર્પેટ થયેલા રોડ પર બુલડોઝરથી ખોદાણ થતું જોઈ ચોંકી ગયાં છે. સ્થાનિકોમાં ચર્ચા છે કે જો ડ્રેનેજની કામગીરી બાકી હતી તો રોડ બનાવતા પહેલાં જ તેનું આયોજન કેમ કરવામાં આવ્યું નહીં? એક તરફ પાલિકા વિકાસ કાર્યો પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરી રહી હોવાના દાવા કરે છે, જ્યારે બીજી તરફ એક વિભાગ દ્વારા કરવામાં આવેલી કામગીરીને બીજો વિભાગ થોડા જ દિવસોમાં તોડી નાખે છે.

## રાજકોટની 'ઠાકર ઘણી' હોટેલમાં ગેસ બોટલ બ્લાસ્ટમાં યુવકનું મોત

**રાજકોટ**

રાજકોટના ભાવનગર રોડ પર આવેલી જાણીતી 'ઠાકર ઘણી' હોટેલના કિચનમાં બુધવારે એક અત્યંત વિચિત્ર અને હૃદયદ્રાવક અકસ્માત સર્જાયો છે. હોટેલના રસોડામાં રાખવામાં આવેલા રેફ્રિજરેટર (ફ્રિજ)માં કૂલિંગ માટે વપરાતી કુલંટ ગેસની બોટલ અચાનક પ્રચંડ ધડાકા સાથે બ્લાસ્ટ થઈ હતી. આ દુર્ઘટનામાં ત્યાં જ કામ કરી રહેલા 20 વર્ષીય રાજસ્થાની યુવક અરવિંદસીંગ સીસોદીયાને માથાના ભાગે આ બોટલ વાગતાં તેનું કરુણ મોત નીપજ્યું છે. આ સમગ્ર ઘટનાના લાઈવ સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યા છે, જે જોઈને કંપારી છૂટી જાય તેમ છે.

સામે આવેલા સીસીટીવી ફૂટેજ અનુસાર, આ ઘટના 3 જૂન, બુધવારના રોજ બપોરે આશરે 3:20 વાગ્યાની આસપાસ બની હતી. હોટેલના કિચનમાં રોજની જેમ સામાન્ય માહોલ હતો અને એકસાથે 11 જેટલા કર્મચારીઓ પોતપોતાનું કામ કરી રહ્યા હતા. આ દરમિયાન ફ્રિજ આગળ એક યુવાન ઊભો રહીને કામ કરી રહ્યો હતો. બરાબર 3:21 વાગ્યે અચાનક ફ્રિજ પાસેથી કુલંટ માટેની ગેસ બોટલ પ્રચંડ ધડાકા સાથે બ્લાસ્ટ થઈ હતી. ધડાકો એટલો પ્રચંડ હતો કે ગેસ બોટલ સીધી હવામાં ફંટાઈને ત્યાં ઊભેલા અરવિંદસીંગના માથાના ભાગે વાગી હતી. બોટલ વાગતાની સાથે જ યુવક લોહીલુહાણ હાલતમાં ત્યાં જ જમીન પર બેભાન થઈને ઢળી પડ્યો હતો. કિચનમાં હાજર અન્ય કર્મચારીઓ કશું સમજે તે પહેલાં જ ક્ષણભરમાં આખી ઘટના ઘટી ગઈ હતી. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે મૃતક યુવકનું નામ અરવિંદસીંગ સીસોદીયા હતું અને તેણે ધોરણ 12 સુધી અભ્યાસ કર્યો હતો. તે મૂળ રાજસ્થાનનો રહેવાસી હતો. થોડા સમય પહેલા જ તેના પિતાનું પણ અવસાન થઈ ચૂક્યું હોવાથી પરિવારની જવાબદારી તેના પર હતી.

### હોમગાર્ડ કમાન્ડરની ભરત અંગે કૌભાંડ ઉચ્ચ અધિકારીઓની મિલીભગત

## અંબાજી હોમગાર્ડ કમાન્ડરની ભરતી વગર બાપ પછી બેટા ને કમાન્ડર બનાવાયો

**અંબાજી**

યાત્રાધામ અંબાજીમાં અગાઉ પણ હોમગાર્ડ કમાન્ડર વિવાદમાં આવી ચુક્યા છે ત્યારે હાલમાં તો હોમગાર્ડ કમાન્ડર સરહદ છાપરી ચેક પોસ્ટ ઉપર રોજ છ જેટલા હોમગાર્ડ જવાનો ને ફરજ ઉપર મુકીને એક હોમગાર્ડ દિઠ રોજના પાંચસો રૂપિયા ના હિસાબે દરોજ ના હજારો રૂપિયાની કમાણી કરીને મસ્ત કમાણી કરવામાં આવી રહી છે ત્યારે બીજી બાજુ હોમગાર્ડ કમાન્ડર ભરતી વગર સીધા જ હોમગાર્ડ કમાન્ડર બની બેઠા છે ત્યારે હોમગાર્ડની કોઈ પણ પ્રકારની લાયકાત કે હોમગાર્ડ કમાન્ડર નો અનુભવ વગર જ બાપ પછી બેટા ને હોમગાર્ડ કમાન્ડર બનાવતા હોમગાર્ડ જવાનોમાં નારાજગી જોવા મળી રહી ત્યારે અંબાજીમાં હોમગાર્ડ કમાન્ડરની કોઈ પણ પ્રકારની ભરતી પ્રક્રિયા વગર જ ઉચ્ચ અધિકારીઓના સેટિંગ થી જ કોઈ પણ હોમગાર્ડ કમાન્ડરનો અનુભવ ન હોવા છતાં હોમગાર્ડ કમાન્ડર બનાવતા અધિકારીઓ પણ શંકાના દાયરામાં આવતા અનેક સવાલો ઉઠી રહ્યા છે ત્યારે આની ફરિયાદ કરવામાં આવે તો આમા અનેક અધિકારીઓ ની સંડોવળી સામે આવે તેવુ લાગી રહ્યુ છે.



### વિસ્તાર અને માદા ઉપર કબજો મેળવવાની કવાયત હોવાનુ જાણકારોનુ મંતવ્ય

## કાલોલ તાલુકાના સણસોલીના પાની મુવાડી ગામે બે સાપ વચ્ચે સંઘર્ષનો વીડિયો વાયરલ

**કાલોલ, સેહજાદ પઠાણ**

કાલોલ તાલુકાના સણસોલી પાની મુવાડી ગામમાં બે સાપ સામસામે આવી જતાં તેમની વચ્ચે સંઘર્ષ જેવી સ્થિતિ સર્જાઈ હતી. આ અનોખું દૃશ્ય ત્યાં હાજર ગ્રામજનોએ પોતાના મોબાઈલમાં કેદ કર્યું હતું. ત્યારબાદ આ વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ બન્યો હોવાનું જાણવા મળ્યું છે.



વિડિયોમાં બંને સાપ એકબીજા સામે ફૂંફાડા મારતા અને ઝપાઝપી કરતા જોવા મળે છે, જેના કારણે સ્થાનિકોમાં ભારે કુતૂહલ સર્જાયું હતું. ગ્રામજનોના જણાવ્યા અનુસાર આવા દૃશ્યો ભાગ્યે જ જોવા મળતા હોય છે, તેથી મોટી સંખ્યામાં લોકો આ દૃશ્ય જોવા એકત્ર થયા હતા.વન્યજીવ નિષ્ણાતોના જણાવ્યા મુજબ ઘણી વખત સાપો પોતાના વિસ્તાર પર કબજો જમાવવા અથવા માદા સાપ માટે એકબીજા સાથે સંઘર્ષ કરતા હોય છે. આ કોઈ પ્રેમ નૃત્ય નથી, પણ એકબીજાને પછાડવાની કુસ્તી છે. તેઓ એકબીજાને કરડતા નથી કે નુકસાન પહોંચાડતા નથી, પરંતુ માત્ર એકબીજા પર પોતાનું માથું ઊંચું રાખીને, સામેવાળાને જમીન ભેગો કરવાનો પ્રયત્ન કરે છે.

### કાલોલના ખંડોલી ગામમાં પોલીસનો દરોડો

## રહેણાક મકાનમાંથી વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો : મહિલા બુટલેગર ફરાર

**કાલોલ, સેહજાદ પઠાણ**

પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકાના ખંડોલી ગામમાં કાલોલ પોલીસ દ્વારા પ્રોહિબિશન રેઈડ પાડીને એક રહેણાક મકાનમાંથી ગેરકાયદેસર રીતે રાખવામાં આવેલો ભારતીય બનાવટનો ઇંગ્લીશ દારૂનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો છે. જોકે, પોલીસ દરોડા દરમિયાન આરોપી મહિલા ઘરે હાજર ન મળી આવતા તેને પકડવા ચક્રો ગતિમાન કરાયા છે.કાલોલ પોલીસ સ્ટેશનના એએસઆઈ અને પોલીસ કોન્સ્ટેબલ પેટ્રોલિંગમાં હતા. તે દરમિયાન તેઓને ખાનગી બાતમીદાર તરફથી ચોક્કસ માહિતી મળી હતી કે, ખંડોલી ગામના જલારામ મંદિર ફળિયામાં રહેતી સંગીતાબેન મહેશભાઈ પરમાર પોતાના મકાનમાં ઇંગ્લીશ દારૂ રાખીને તેનું વેચાણ કરે છે. જે બાતમીના આધારે પોલીસે સ્થાનિક પંચોને સાથે રાખીને સંગીતાબેનના ખુલ્લા મકાનમાં દરોડો પાડ્યો હતો. તપાસ દરમિયાન ઘરની અંદરથી પ્લાસ્ટિકની એક મીણીયા થેલી મળી આવી હતી. જેની તલાશી લેતા તેમાંથી 'GOA WHISKY' માર્કાના ૧૮૦ મીલીના પ્લાસ્ટિકના સીલબંધ ક્વાટર નગ-૧૨ (કુલ કિંમત ૧,૬૨૦/-) મળી આવ્યા હતા. પોલીસે તમામ મુદ્દામાલ પંચનામું કરીને કાયદેસરની તપાસ અર્થે જપ્ત કર્યો છે.પોલીસની રેઈડ દરમિયાન આરોપી મહિલા સંગીતાબેન પરમાર ઘરે હાજર મળી આવી ન હતી. આ અંગે કાલોલ પોલીસ સ્ટેશનમાં આરોપી મહિલા વિરૂદ્ધ ધી ગુજરાત પ્રોહિબિશન એક્ટની કલમ ૬૫ (એ) (એ) મુજબ ગુનો નોંધી આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે.



## સુરતમાં એકબાદ એક વાહનોને ઉડાવનાર આર્કિટેક્ટ નીકળ્યો

**સુરત**

સુરત શહેરમાં 3 જૂને ફરી એકવાર નશાખોર વાહનચાલકે બેફામ બનીને નિર્દોષ લોકોના જીવ જોખમમાં મૂક્યા હતા. સરથાણા જકાતનાકા પાસે કનૈયા નમકીન નજીક ફૂલ દારૂના નશામાં ચૂર એક આર્કિટેક્ટે પોતાની ઈલેક્ટ્રિક કાર પૂરપાટ ઝડપે હંકારી ભયાનક અકસ્માત સર્જ્યો હતો. આ બેફામ કારે રસ્તા પર જતા બાઈક, સ્કૂટર અને સાઈડમાં પાર્ક કરેલી અન્ય એક કારને જોરદાર અડફેટે લીધી હતી. અકસ્માત એટલો ભયંકર હતો કે, ઘટનાસ્થળે કંપારી છૂટી જાય તેવા દૃશ્યો સર્જાયા હતા. આ દુર્ઘટનામાં બે સગા ભાઈઓ સહિત ચાર લોકોને ગંભીર ઈજાઓ પહોંચતા હોસ્પિટલ ખસેડાયા છે, જ્યારે રોષે ભરાયેલા લોકોએ ચાલકને પકડીને બરાબરનો પાઠ ભણાવ્યો હતો. સરથાણા પી. આઈ. ડી.કે. પટેલે જણાવ્યું કે, પોલીસ તપાસમાં ચોંકાવનારો ખુલાસો થયો છે કે, અકસ્માત કર્યો એ સમયે આરોપી કાર ડ્રાઈવ કરવાની સાથે-સાથે અંદર જ બિયરના ટીન ગટગટાવી રહ્યો હતો.

### નગરપાલિકાના વાયરો પણ ચોરાયાની ચર્ચા

## કાલોલ નગરમાં બોરૂ ઈન્ટેક વેલ ખાતેથી રૂપિયા 10,000ના સરકારી વાયરની ચોરી

**કાલોલ, સેહજાદ પઠાણ**

કાલોલ નગરમાં અને આસપાસના વિસ્તારોમાં દિન પ્રતિદીન ચોરીના બનાવો વધી રહ્યા હોવાની બૂમો ઉઠી રહી છે. તાજેતરમાં જ કાલોલના બોરૂ ઈન્ટેક વેલ ખાતેથી સરકારી વાયરની ચોરી થવાનો વધુ એક બનાવ પ્રકાશમાં આવ્યો છે, જેને પગલે સમગ્ર પંથકમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સામે સવાલો ઉભા થયા છે.પ્રાપ્ત વિગતો અનુસાર, પાણી પુરવઠા વિભાગ (ગોધરા) ખાતે મદદનીશ ઈજનેર યાંત્રીક તરીકે ફરજ બજાવતા ટ્વીંકલબેન ફતેસિંહ પઢીયારે કાલોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ, કાતોલ બોરૂ ઈન્ટેક વેલ ખાતે નર્મદા કેનાલની પાળ ઉપર લગાડેલ આશરે ૨૫ મીટર જેટલો ઈલેક્ટ્રિક વાયર (કેબલ), જેની કિંમત રૂ. ૧૦,૦૦૦/- થાય છે, તે ગત તારીખ ૨૫/૦૫/૨૦૨૬ના રોજ રાત્રિના ૦૦:૦૦ વાગ્યાથી સવારના ૦૫:૦૦ વાગ્યાના સમયગાળા દરમિયાન કોઈ અજાણ્યો ચોર ઈસમ કાપીને ચોરી કરી ગયો હતો. સવારે ઓપરેટર શંકરભાઈ વણકરે વાયર ગાયબ હોવાની જાણ કરતાં આ સમગ્ર મામલો સામે આવ્યો હતો.ત્યારબાદ ઉચ્ચ અધિકારી નાયબ કાર્યપાલક ઈજનેર જે.બી. જાદવની સૂચનાથી ફરિયાદીએ ફરીયાદ આપતા કાલોલ પોલીસ સ્ટેશનમાં અજાણ્યા ચોર ઈસમ વિરુદ્ધ બી.એન.એસ. કલમ ૩૦૩(૨) હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.કાલોલ નગરમાં ચાલતી ચર્ચાઓ મુજબ, માત્ર પાણી પુરવઠા વિભાગ જ નહીં પરંતુ કાલોલ નગરપાલિકાના વાયરો પણ આજ સ્થળોએથી ચોરાયા હોવાની વ્યાપક માહિતી મળી રહી છે. સ્થાનિકોમાં ચર્ચા છે કે આ વાયર ચોરી પાછળ કોઈ સંગઠિત ગેંગ કામ કરી રહી હોઈ શકે છે. ત્યારે લોકમુખે એવા સવાલો પણ ઉઠી રહ્યા છે કે આ વાયર ચોરીના બનાવમાં સંડોવાયેલા તત્વો અગાઉ બનેલી બીજી કોઈ ચોરીની ઘટનાઓમાં પણ સંડોવાયેલા છે કે કેમ? નગરજનોની પ્રબળ માંગ છે કે જો પોલીસ આ મામલે ઊંડાણપૂર્વક અને અસરકારક તપાસ હાથ ધરે, તો કાલોલ પંથકમાં થયેલી અનેક નાની-મોટી ચોરીઓના ભેદ ઉકેલાય તેવી પૂરેપૂરી શક્યતા છે.

## આપત્તિઓની વહેલી ચેતવણી માટે "સચેત" એપ ડાઉનલોડ કરવા રાજ્ય સરકારની અપીલ

**ગાંધીનગર**

ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ (GSDMA) દ્વારા રાજ્યના તમામ અધિકારીઓ, કર્મચારીઓ અને નાગરિકોને પોતાના મોબાઈલ ફોનમાં ભારત સરકારની સત્તાવાર આપત્તિ ચેતવણી એપ્લિકેશન "સચેત, મૌસમ, દામિની' ડાઉનલોડ કરવા માટે ખાસ અપીલ કરવામાં આવી છે. ચોમાસાની શરૂઆત અને સંભવિત આફતો વચ્ચે આ એપ નાગરિકોના જીવન અને માલસામાનની સુરક્ષા માટે અત્યંત ઉપયોગી સાબિત થશે. રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ (NDMA) તથા IMD દ્વારા તૈયાર કરાયેલી આ એપનો મુખ્ય હેતુ નાગરિકોને પૂર, વાવાઝોડું, ધરતીકંપ, ભૂસ્ખલન અને વીજળી પડવી જેવી કુદરતી આપત્તિઓ વિશે ચોક્કસ ભૌગોલિક વિસ્તાર આધારિત વહેલી ચેતવણી (Early Warning Alerts) રીઅલ-ટાઈમમાં આપવાનો છે. આ ઉપરાંત, તેમાં ભારતીય હવામાન વિભાગ (IMD) તરફથી રોજિંદા હવામાનના અહેવાલો અને આગામી દિવસોની સચોટ આગાહીઓ પણ ઉપલબ્ધ છે. ભાષાકીય સરળતા માટે આ એપ ગુજરાતી સહિત ભારતની ૧૨ પ્રાદેશિક ભાષાઓમાં કાર્ય કરે છે. એપ્લિકેશનમાં આપત્તિ સમયે શું કરવું અને શું ન કરવું (Dos & Don'ts), કટોકટીના હેલ્પલાઈન નંબરો અને પ્રભાવિત વિસ્તારોના નકશા જેવી મહત્વપૂર્ણ માહિતી પણ સામેલ છે.

## સુરત મનપામાં ACBનો સપાટો : આસિસ્ટન્ટ ઇજનેર જીજ્ઞેશ મોદી રૂા.45,000ની લાંચ લેતા રંગેહાથ ઝડપાયો!

- ઉધના ઝોન ઓફિસના ગેટ પાસે જ ખેલાયો લોહિયાળ ખેલ; કોન્ટ્રાક્ટરના બિલ મંજૂર કરવા માંગી હતી લાંચ

**સુરત**

સુરત મહાનગરપાલિકાના ભ્રષ્ટ અધિકારીઓ સુધરવાનું નામ નથી લઈ રહ્યા, ત્યારે લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો (ACB) દ્વારા સુરતમાં એક મોટી અને સફળ ટ્રેપ કરીને મનપાના આસિસ્ટન્ટ ઈજનેરને લાખો રૂપિયાના ભ્રષ્ટાચારના ખેલમાં દબોચી લેવામાં આવ્યો છે. સુરત મનપાના ઉધના ઝોનમાં આસિસ્ટન્ટ ઈજનેર (વર્ગ-૨) તરીકે ફરજ બજાવતા જીજ્ઞેશભાઈ નટવરલાલ મોદી (ઉ.વ.૫૫) ને એસીબીની ટીમે રૂ. ૪૫,૦૦૦ની લાંચ લેતા સ્થળ પરથી જ આબાદ ઝડપી પાડ્યો છે.



મળતી માહિતી મુજબ, એક જાગૃત નાગરિકે (કોન્ટ્રાક્ટરે) સુરત મનપાના ઉધના ઝોન વિસ્તારમાં પાણીની લાઈન નાખવાનું સરકારી કામ કર્યું હતું. આ કામના બિલના નાણાં મંજૂર કરવાની ઓફિશિયલ કાર્યવાહી કરવાના અવેજ પેટે ભ્રષ્ટ ઈજનેર જીજ્ઞેશ મોદીએ રૂ. ૫૦,૦૦૦ની લાંચની માંગણી કરી હતી. જો કે, ભારે રકઝકના અંતે રૂ. ૪૫,૦૦૦ આપવાનું નક્કી થયું હતું. ફરિયાદી આ લાંચના નાણાં આપવા માંગતા ન હોવાથી તેમણે તાત્કાલિક એસીબીનો સંપર્ક કરીને સત્તાવાર ફરિયાદ નોંધાવી હતી.

ફરિયાદના આધારે એસીબીની ટીમે બુધવારે (૦૩/૦૬/૨૦૨૬) ઉધના સાઉથ ઝોન ઓફિસના ગેટની બહાર, રોડની સાઈડમાં લાંચના છટકાનું આયોજન કર્યું હતું. જે દરમિયાન ઈજનેર જીજ્ઞેશ મોદીએ ફરિયાદી સાથે હેતુલક્ષી વાતચીત કરી લાંચની રકમ રૂ. ૪૫,૦૦૦ સ્વીકારતા જ એસીબીની ટીમે તેને રંગેહાથ પકડી પાડી તમામ રકમ રિકવર કરી લીધી હતી.

ચોંકાવનારી બાબત એ છે કે, આરોપી જીજ્ઞેશ મોદી અગાઉ વર્ષ ૨૦૨૧ માં રાંદેર ઝોનમાં આસિસ્ટન્ટ ઈજનેર તરીકે ફરજ બજાવતો હતો, ત્યારે પણ ડ્રેનેજ જોડાણની મંજૂરી માટે રૂ. ૧૫,૦૦૦ની લાંચ લેતા પકડાઈ ચૂક્યો હતો. આમ, આ રીઢા ભ્રષ્ટ અધિકારી સામે અગાઉ પણ ગુનો નોંધાયેલો હોવા છતાં તેની આ કાળી કમાણીની ભૂખ સંતોષાઈ નહોતી.

આ સફળ ઓપરેશન ટ્રેપીંગ અધિકારી પી.આઈ. કે.જે.ધડુક અને તેમની ટીમ દ્વારા મદદનીશ નિયામક આર.આર. ચૌધરી અને ઈન્ચાર્જ નાયબ નિયામક બી. એમ.પટેલના સુપરવિઝન હેઠળ પાર પાડવામાં આવ્યું છે. 'પાક્કો ગુજરાત ન્યૂઝ' આવા જાગૃત નાગરિક અને એસીબીની કામગીરીને બિરદાવે છે.

પાક્કો ગુજરાત
શુક્રવાર | 05 જૂન 2026 | અમદાવાદ

# ગાંધીનગરના વિકાસ કાર્યોને ગતિ આપવા હર્ષ સંઘવી એક્શન મોડમાં

## વિવિધ જનહિતના મુદ્દાઓ પર થઈ ઊંડાણપૂર્વક ચર્ચા; લોકાભિમુખ શાસન અને સમયસર કામગીરી પૂર્ણ કરવા ગૃહમંત્રીએ આપ્યું જરૂરી માર્ગદર્શન

ગાંધીનગર

ગુજરાતના પાટનગર ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં ચાલી રહેલા વિકાસલક્ષી કાર્યોની સમીક્ષા કરવા અને પ્રજાલક્ષી પ્રશ્નોના ઝડપી ઉકેલ માટે રાજ્યના ગૃહ અને રમતગમત મંત્રી હર્ષ સંઘવીએ એક મહત્વપૂર્ણ બેઠક યોજી હતી. ગાંધીનગર મહાનગરપાલિકાના પદાધિકારીઓ, વિવિધ સમિતિઓના હોદ્દેદારો અને ઉચ્ચ પ્રશાસનિક અધિકારીઓ સાથે યોજાયેલી આ ઉચ્ચ સ્તરીય બેઠકમાં પાટનગરના સર્વાંગી વિકાસ અને જનસુખાકારીના વિવિધ મુદ્દાઓ પર વિગતવાર ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.

બેઠક દરમિયાન ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવીએ ગાંધીનગર મનપા હદ વિસ્તારમાં ચાલી રહેલા રોડ-રસ્તા, ડ્રેનેજ, પીવાના પાણી અને સ્માર્ટ સિટી પ્રોજેક્ટ અંતર્ગત થઈ રહેલા વિવિધ વિકાસ કાર્યોની વર્તમાન સ્થિતિની ઝીણવટભરી સમીક્ષા કરી હતી. તેમણે અધિકારીઓને સ્પષ્ટ સૂચના આપી હતી કે, પ્રજાના ટેક્સના પૈસાથી થઈ રહેલા કામો ગુણવત્તાયુક્ત હોવા જોઈએ અને તે સમયમર્યાદામાં જ પૂર્ણ થવા જોઈએ. જનતાને પ્રાથમિક સુવિધાઓ મેળવવામાં કોઈ પણ પ્રકારની અગવડતા ન પડે તે સુનિશ્ચિત કરવા પર તેમણે વિશેષ ભાર મૂક્યો હતો.

મંત્રી હર્ષ સંઘવીએ બેઠકમાં ઉપસ્થિત મનપાના હોદ્દેદારો અને અધિકારીઓને પરસ્પર ઉત્તમ સંકલન (કો-ઓર્ડિનેશન) સાથે કામ કરવા માટે જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, ચૂંટાયેલા પ્રતિનિધિઓ જનતાનો અવાજ છે, તેથી વહીવટી તંત્રે પદાધિકારીઓ સાથે મળીને લોકાભિમુખ શાસનનો વ્યાપ વધારવો પડશે. પાટનગરના સિક્યોરિટી અને ટ્રાફિક મેનેજમેન્ટ જેવા મહત્વના વિષયો પર પણ આ બેઠકમાં ચર્ચા થઈ હોવાનું જાણવા મળ્યું છે.

ગૃહમંત્રી હર્ષ સંઘવીની આ સીધી દરમિયાનગીરી અને એક્શન મોડને પગલે ગાંધીનગર મહાનગરપાલિકાના તંત્રમાં ભારે દોડધામ મચી ગઈ છે. કાગળ પર ચાલતી ફાઈલો હવે ગ્રાઉન્ડ લેવલ પર ઝડપથી અસરમાં આવે તેવી પૂરેપૂરી શક્યતાઓ દેખાઈ રહી છે. 'પાક્કો ગુજરાત ન્યૂઝ' આશા રાખે છે કે, આ ઉચ્ચ સ્તરીય બેઠક બાદ પાટનગરની જનતાના પડતર પ્રશ્નોનો વહેલી તકે નિકાલ આવશે અને ગાંધીનગરના વિકાસને એક નવી ઊંચાઈ મળશે.



**પ્રેમિકા અને તેના નવા પ્રેમીની ધરપકડ**

# અંકલેશ્વરમાં પ્રેમપ્રકરણમાં રિક્ષાચાલકની કરાઈ હત્યા

ભરૂચ, રંગુની જાકીર

અંકલેશ્વર શહેરમાં પ્રેમપ્રકરણને લઈને એક હત્યાનો ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે. જુના બોરભાઠા ગામ નજીક ખેતરમાંથી એક રિક્ષાચાલકનો ગળું કાપેલો મૃતદેહ મળી આવ્યો હતો. પોલીસે ગણતરીના કલાકોમાં જ હત્યાનો ભેદ ઉકેલી મૃતકની પ્રેમિકા અને તેના હાલના પ્રેમીની ધરપકડ કરી છે. મૂળ રાજકોટના અને હાલ અંકલેશ્વરના નવા બોરભાઠા ગામે રહેતા કાંતીલાલ ઉર્ફે મુકેશ મોભેરા રિક્ષા ચલાવી પરિવારનું ગુજરાન ચલાવતા હતા. તેમની પત્ની ભારતીબેન જ્યોતિ ટોકીઝ પાસે ફૂલ અને કેળાની લારી ચલાવે છે. ગઈકાલે સવારે કાંતીલાલ રોજની જેમ પત્ની અને બાળકોને લારી પર મૂકીને રિક્ષા લઈને નીકળ્યા હતા. બપોરે 12 વાગ્યા બાદ તેમનો મોબાઈલ ફોન સ્વીચ ઓફ થઈ ગયો હતો. પરિવારજનોએ તેમની શોધખોળ શરૂ કરી હતી. સાંજના સમયે જુના બોરભાઠા રોડ નજીક બુલેટ ટ્રેનના બ્રિજ પાસે આવેલા ખેતરમાંથી કાંતીલાલનો મૃતદેહ મળી આવ્યો હતો. મૃતકનો સફેદ શર્ટ લોહીથી ખરડાયેલો હતો અને ગળાના ભાગે તીક્ષ્ણ હથિયારના ઊંડા ઘા જોવા મળ્યા હતા. ઘટનાસ્થળથી થોડે દૂર તેમની રિક્ષા પણ બિનવારસી હાલતમાં મળી આવી હતી. મૃતકની પત્ની ભારતીબેને પોલીસને જણાવ્યું હતું કે તેમના પતિને છેલ્લા આઠ વર્ષથી તલાવીયાવાડ વિસ્તારમાં રહેતી તેમના સગા કાકાના દીકરાની વિધવા પત્ની જ્યોતિ રાઠોડ સાથે પ્રેમસંબંધ હતો. આ બાબતે અગાઉ પરિવારજનો વચ્ચે વિવાદ પણ થયો હતો. પોલીસે આ દિશામાં તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન ખુલાસો થયો કે જ્યોતિ રાઠોડ અને તેના હાલના પ્રેમી, પીરામણ ગામમાં રહેતા સંજય વસાવાએ મળીને કાંતીલાલની હત્યાની સાજિશ રચી હતી. અંકલેશ્વર એ-ડિવિઝન પોલીસે ઝડપી કાર્યવાહી કરીને બંને આરોપીઓની ધરપકડ કરી લીધી છે.

# પાટણમાં AC બ્લાસ્ટ થતાં મહિલા હેડ કોન્સ્ટેબલ સુરેખાબેન ચૌધરીનું સળગી જવાથી કરુણ મોત...!

## ફાયર વિભાગની ટીમે ઘટનાસ્થળે પહોંચી ઘરનો મુખ્ય દરવાજો અને બેડરૂમનો દરવાજો તોડી અંદર પ્રવેશ કર્યો હતો, પરંતુ ત્યાં સુધીમાં બહુ મોડું થઈ ચૂક્યું હતું

પાટણ

પાટણ શહેરના પદ્મનાભ ચોકડી નજીક આવેલા ગાયત્રી ફ્લેટમાં બુધવારે બપોરે એક હૃદયદ્રાવક દુર્ઘટના ઘટી છે. ફ્લેટના એક રૂમમાં એર કંડિશનર (એસી) માં ભયાનક બ્લાસ્ટ થતાં આખો રૂમ આગનો ગોળો બની ગયો હતો. આ ભીષણ આગમાં એલ.આઈ.આઈ. હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા સુરેખાબેન ચૌધરીનું ઘરની અંદર જ જીવતા સળગી જવાથી કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું.

મળતી માહિતી મુજબ, મહિલા પોલીસકર્મી સુરેખાબેન ચૌધરી બીમાર હોવાથી દવા લઈને બેડ પર આરામ કરી રહ્યા હતા. તે દરમિયાન શોર્ટ સર્કિટ અથવા ગેસ લીકેજના કારણે એસીમાં પ્રચંડ ધડાકો થયો હતો. બ્લાસ્ટ એટલો તીવ્ર હતો કે આગે ગણતરીની સેકન્ડોમાં આખા



બેડને લપેટમાં લઈ લીધો હતો. દવાના ઘેનના કારણે અથવા આગની ઝડપ એટલી ફાસ્ટ હતી કે તેઓને બેડ પરથી ઊભા થઈને બહાર ભાગવાનો પણ સમય મળ્યો નહોતો અને તેઓ ત્યાં જ ભડથું થઈ ગયા હતા.

ઘટના સમયે પાડોશમાં રહેતા પ્રત્યક્ષદર્શીએ જણાવ્યું કે, બપોરે અચાનક એક જોરદાર ધડાકો સંભળાયો હતો. બહાર આવીને જોયું તો સુરેખાબેનના બેડરૂમના બાથરૂમની બારીમાંથી કાળો ડિબાંગ ધુમાડો નીકળી રહ્યો હતો. પાડોશીઓએ તુરંત જ પોલીસ અને ફાયર બ્રિગેડને જાણ કરી હતી.

ફાયર વિભાગની ટીમે ઘટનાસ્થળે પહોંચી ઘરનો મુખ્ય દરવાજો અને બેડરૂમનો દરવાજો તોડી અંદર પ્રવેશ કર્યો હતો. પરંતુ ત્યાં સુધીમાં બહુ મોડું થઈ ચૂક્યું હતું. ફાયર ફાઈટરો જ્યારે આગ પર કાબૂ મેળવી રહ્યા હતા, ત્યારે ધુમાડા વચ્ચે મહિલાનો મૃતદેહ મળી આવ્યો હતો. સુરેખાબેનનું આખું શરીર આગમાં સંપૂર્ણપણે હોમાઈ ચૂક્યું હતું. આ કરુણ ઘટનાને પગલે સમગ્ર પાટણ પોલીસ બેડામાં ભારે શોકની કાલિમા છવાઈ ગઈ છે.

# બોરસદના અલારસા ગામના બસ સ્ટેન્ડ પાસે લીમડાનું ઝાડ ધરાશાઈ થતાં બેને ગંભીર ઇજા એકનું મોત

આણંદ, અરવિંદસિંહ પઢિયાર

આણંદ જિલ્લાના બોરસદ તાલુકાના અલારસા ગામમાં આજે એક ગમખ્વાર દુર્ઘટના સર્જાઈ હતી. ગામના બસ સ્ટેન્ડ નજીક આવેલું વર્ષો જૂનું તોતિંગ લીમડાનું વૃક્ષ અચાનક ધરાશાયી થતાં નીચે ઉભેલા એક રિક્ષા, ટેમ્પો અને ફ્રૂટની લારી દબાઈ ગયા હતા. ઘટનામાં બે લોકોને ગંભીર ઈજાઓ પહોંચી છે, જ્યારે ટેમ્પો ચાલકનું મોત નિપજ્યું હોવાનું સામે આવ્યું છે.



સદનસીબે બપોરના સમયે વૃક્ષ ધરાશાયી થતાં મોટી જાનહાનિ ટળી છે, કારણ કે સાંજના સમયે આ વૃક્ષ નીચે ગામના વડીલો અને યુવાનો મોટી સંખ્યામાં બેસતા હોય છે. ઘટનાની જાણ થતાં ગ્રામજનોએ તાત્કાલિક બચાવ કામગીરી હાથ ધરી ઈજાગ્રસ્તોને સારવાર માટે ખસેડ્યા હતા. હાલ મૃતક ટેમ્પો ચાલકની ઓળખ માટે તજવીજ હાથ ધરવામાં આવી રહી છે.

# રાંધેજા ગામમાં આઈવા ટ્રકચાલકની કરાઈ હત્યા : ખેતરમાંથી લોહી અને ઈજાના નિશાન સાથે લાશ મળી

## ટૂંકા ગાળામાં જ તપાસનો ધમધમાટ શરૂ કરીને પોલીસે આ કેસમાં 3 શકમંદોની અટકાયત કરી તેમની આકરી પૂછપરછ શરૂ કરી દીધી

ગાંધીનગર

ગાંધીનગર નજીક આવેલા રાંધેજા ગામમાં એક આઈવા ટ્રક ડ્રાઈવરની ગળું દબાવીને ક્રૂરતાપૂર્વક હત્યા કરાયેલી લાશ મળી આવતાં સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી ગઈ છે. રાંધેજા ગામના રેલવે ફાટક પાસે આવેલા એક પડતર બાવળ વાળા ખેતરમાંથી 36 વર્ષીય ટ્રકચાલક મગનજી ઉર્ફે મનોજ પ્રહલાદજી ઠાકોરનો લોહીલુહાણ દેહ મળી આવ્યો હતો. પ્રાથમિક તપાસમાં ગળું દબાવીને આ હત્યા કરવામાં આવી હોવાનું બહાર આવતાં પેથાપુર પોલીસે અજાણ્યા શખ્સો વિરુદ્ધ હત્યાનો ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.

મૃતક મગનજી ઠાકોરના પિતરાઈ ભાઈ રાહુલ ઠાકોરે પેથાપુર પોલીસ મથકે નોંધાવેલી સત્તાવાર ફરિયાદ મુજબ, મગનજી ઠાકોર આઈવા ટ્રક ચલાવીને પોતાના પરિવારનું ગુજરાન ચલાવતા હતા. ગત 3 જૂનના રોજ સવારે આશરે 8:00 વાગ્યે તેઓ રોજની જેમ ઘરેથી ટિફિન લઈને નોકરી પર જવા માટે નીકળ્યા હતા.

ત્યારબાદ સાંજના સમયે રાહુલને તેના



ભાણા આઝાદસિંહ પરમારે ફોન પર આઘાતજનક જાણ કરી હતી કે, મગનજી ઠાકોર રાંધેજા ગામના રેલવે ફાટક પાસે આવેલા હુસેનભાઈ મનસુરીના ખેતરમાં મૃત હાલતમાં પડ્યા છે. રાહુલ સહિત પરિવારના સભ્યો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયા હતા. ત્યાં મગનજી જમીન પર ઈજાગ્રસ્ત હાલતમાં પડેલા હતા, તેમના મોઢામાંથી લોહી નીકળતું હતું અને ગળાની ડાબી બાજુએ લોહી જામી જવાથી કાળો લીસોટો પડી ગયો હતો. ઘટનાસ્થળેથી જ તેમનું ટિફિન અને ચપ્પલ પણ મળી આવ્યા હતા.

હત્યાની માહિતી મળતાં જ પેથાપુર સહિત ઉચ્ચ પોલીસ અધિકારીઓનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. પોલીસે કાયદેસરની કાર્યવાહી કરી લાશને પોસ્ટમોર્ટમ માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડી હતી. આ કરુણ ઘટનાને કારણે મગનજીના પરિવાર પર આભ તૂટી પડ્યું છે. તેમના પરિવારમાં પત્ની પાયલ, 2 દીકરા અને 1 દીકરી એમ ત્રણ સંતાને પિતાની છત્રછાયા ગુમાવી દીધી છે.

**ડભોઇ-સાઠોદ રેલવે ઓવરબ્રિજ બન્યો બિસ્માર**

# ગાંડા બાવળ અને ધૂળના સામ્રાજ્યથી વાહનચાલકો ત્રાહિમામ પોકારી ઊઠ્યા

ડભોઇ

ચોમાસાના આગમનને હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે, ત્યારે ડભોઇ પંથકના મુખ્ય માર્ગોની દશા અત્યારથી જ દયનીય બની ગઈ છે. ડભોઈથી સાઠોદ તરફ જતો અત્યંત મહત્વનો રેલ્વે ઓવરબ્રિજ હાલ માર્ગ-મકાન વિભાગની ઘોર ઉપેક્ષાનો ભોગ બન્યો છે. આ આખા ઓવરબ્રિજ પર મોટા પ્રમાણમાં ગાંડા બાવળ, કંટાળા ઝાડી-ઝાંખરા અને માટી-ધૂળનું સામ્રાજ્ય પથરાઈ ગયું છે, જેના કારણે વાહનચાલકો ભારે હાલાકી ભોગવી રહ્યા છે.

નોંધનીય છે કે, આ ઓવરબ્રિજ ડભોઈથી રાજપીપળાને જોડતો અતિ વ્યસ્ત માર્ગ છે. વિશ્વપ્રસિદ્ધ પ્રવાસન ધામ પોઇચા (નીલકંઠધામ), પવિત્ર યાત્રાધામ ચાણોદ-કરનાળી (કુબેર ભંડારી) તેમજ શિનોર તરફ જતા હજારો શ્રદ્ધાળુઓ અને સ્થાનિક વાહનચાલકો રોજ આ બ્રિજ પરથી પસાર થાય છે. બ્રિજની બંને બાજુએ અને ડિવાઇડર પર ઊગી નીકળેલા બાવળોના કારણે રસ્તો સાંકડો થઈ ગયો છે અને વળાંક પર સામેથી આવતા વાહનો ન દેખાતા અકસ્માતનો ભય સતત તોળાતો રહે છે.

બ્રિજ પર જામેલી માટી અને ધૂળની ડમરીઓને કારણે દ્વિચક્રી વાહનચાલકો સ્લિપ થવાનું જોખમ પણ વધી ગયું છે. ચોમાસાના વરસાદી દિવસો શરૂ થાય તે પહેલાં જ તંત્ર યુદ્ધના ધોરણે આ ઓવરબ્રિજ પરથી ઝાડી-ઝાંખરા અને ધૂળની સફાઈ કરાવે તેવી લોક માંગ ઉઠી છે. 'પાક્કો ગુજરાત ન્યૂઝ' સવાલ પૂછે છે કે, શું કુંભકર્ણની નિદ્રામાં પોઢેલું સ્ટેટ હાઈવે તંત્ર કોઈ મોટી હોનારત થાય તેની રાહ જોઈ રહ્યું છે? ચોમાસા પહેલા આ રૂટ સુરક્ષિત કરવો અનિવાર્ય છે.

**મુખ્યમંત્રી તથા પાલિકા શાસકોને પત્ર**

# જંબુસરના વોર્ડ-5માં કાંસના કામમાં રૂ. 32 લાખના ભ્રષ્ટાચારનો આરોપ

ભરૂચ, રંગુની જાકીર

ચોમાસું નજીક આવી રહ્યું છે ત્યારે જંબુસર નગરપાલિકાની પ્રિ-મોન્સૂન કામગીરી સામે ગંભીર સવાલો ઉભા થયા છે. જંબુસર નગરપાલિકાના માજી વિપક્ષ નેતા સાકીર મલેકે આ કામગીરી ઝડપથી અને યોગ્ય રીતે થાય તે માટે મુખ્યમંત્રી સહિત પાલિકા સત્તાધીશોને પત્રના માધ્યમથી રજૂઆત કરી છે.

પત્રમાં કાંસની કામગીરીમાં ભ્રષ્ટાચાર થયો હોવાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે. જંબુસર શહેરના વોર્ડ નં. 5 માં આવેલી નૂરાની સોસાયટી, પ્રભુ કૃપા, ફઝલ પાર્ક, બાલા નગર, જીલાની સોસાયટી, શંકર નગરી, શ્રીજી કુંજ, પટેલ સોસાયટી અને સ્વામિનારાયણ આસપાસના વિસ્તારોમાં દર વર્ષે ચોમાસા દરમિયાન બેથી ત્રણ ફૂટ જેટલા વરસાદી પાણી ભરાઈ જાય છે.

હાલની સ્થિતિએ પણ વરસાદી કાંસ, નાળા અને ડ્રેનેજ લાઈનો કાદવ-કચરાથી ભરેલી હોવાથી પ્રિ-મોન્સૂન



કામગીરીમાં ઘોર બેદરકારી દેખાઈ રહી છે. ભૂતકાળના કામોના વાઉચર નંબર સાથે ચોંકાવનારો આક્ષેપ કરવામાં આવ્યો છે કે, વર્ષ 2017માં બાલનગર સોસાયટીથી શ્રીજી કુંજ સુધીઅને પટેલ સોસાયટીથી સ્વામિનારાયણ સોસાયટી સુધી વરસાદી કાંસ બનાવવા માટે અંદાજે રૂ. 32 લાખ જેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી હતી.

આ રકમમાં મોટો ભ્રષ્ટાચાર થયો હોવાની શંકા છે, કારણ કે આજે પણ ત્યાં પૂરતા કાંસ બન્યા નથી અને જે છે તે જર્જરિત કે અવરોધિત હાલતમાં ખુલ્લા પડ્યા છે, માજી વિપક્ષ નેતા અને સ્થાનિકોએ માંગ કરી છે કે આ મામલે ઉચ્ચ સ્તરેથી નિષ્પક્ષ તપાસ કરાવી જવાબદારો સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે.


વધુમાં, ચોમાસું માથે હોવાથી જનહિતમાં તમામ વરસાદી કાંસ અને ડ્રેનેજ લાઈનોની રાઉન્ડ-ધ-ક્લોક સફાઈ કરાવી પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થા ગોઠવવામાં આવે જેથી નગરજનોને હાલાકી ભોગવવી ન પડે.

**ઓલપાડ ધારાસભ્ય મુકેશ પટેલે 'જનગણના- 2027' અંતર્ગત**

# ડિજિટલ ફોર્મ ભરી નાગરિકોને સહકાર આપવા અપીલ કરી...

ઓલપાડ

૧૫૫-ઓલપાડ વિધાનસભાનાં ધારાસભ્ય અને પૂર્વ રાજ્યમંત્રી મુકેશભાઈ પટેલે 'જનગણના- ૨૦૨૭' અંતર્ગત ઓનલાઇન ડિજિટલ ફોર્મ ભરી નાગરિકોને વસ્તી ગણતરી કરતા કર્મચારીઓને સહકાર આપવા અપીલ કરી છે. ઓલપાડ ધારાસભ્ય મુકેશભાઈ પટેલે ગુરૂવારે પોતાના ઓલપાડ સ્થિત જનસંપર્ક કાર્યાલય ખાતે 'જનગણના -૨૦૨૭' અભિયાન હેઠળ પોતાનું ડિજિટલ સ્વ-ગણતરી પત્રક ભર્યું હતું. આ પ્રસંગે તેમણે વસ્તી ગણતરીની આ નૂતન પ્રક્રિયાને બિરદાવી હતી અને ડિજિટલ માધ્યમનો ઉપયોગ કરીને પોતાની વિગતો નોંધી દેશના આ મહા-અભિયાનમાં પોતાનું યોગદાન આપ્યું હતું.ડિજિટલ પત્રક ભર્યા બાદ ધારાસભ્ય મુકેશ પટેલે જણાવ્યું હતું કે,આ વખતની વસ્તી ગણતરી પ્રક્રિયા ખૂબ જ



સરળ,સુરક્ષિત અને સુલભ છે. ડિજિટલ સ્વ-ગણતરીના કારણે નાગરિકો ઘરે બેઠા પણ આસાનીથી આ પ્રક્રિયા પૂર્ણ કરી શકે છે.દેશના સર્વાંગી અને સુનિયોજિત વિકાસ માટે આ આંકડાઓ અત્યંત મહત્વપૂર્ણ છે. ધારાસભ્ય મુકેશ પટેલે ઓલપાડ તાલુકા સહિત સમગ્ર રાજ્યના નાગરિકોને અપીલ કરી છે કે,તેઓ પણ જાગૃત નાગરિક તરીકે આ ડિજિટલ સ્વ-ગણતરી અભિયાનમાં ઉત્સાહભેર ભાગ લે અને રાષ્ટ્રના વિકાસમાં પોતાનું અમૂલ્ય યોગદાન આપે.

# ધોળકા નજીક નર્મદા કેનાલ પાસે લોહીલુહાણ ખેલ : શિક્ષિકાની હત્યા કરી લાશ સળગાવી દીધી!

## મરણજનાર મહિલા ચિલોડા પ્રાથમિક શાળાના શિક્ષિકા હોવાનું ખુલ્યું

ધોળકા

ગુજરાતમાં મહિલાઓ વિરુદ્ધના ગુનાઓની ગ્રાફ ચિંતાજનક રીતે વધી રહ્યો છે, ત્યારે ધોળકા પંથકમાં કાળજું કંપાવી દે તેવી એક ભયાનક હત્યાની ઘટના સામે આવી છે. ધોળકાના કેલીયા વાસણા ગામ પાસે આવેલી નર્મદા કેનાલના કિનારેથી એક અજાણી મહિલાનો અર્ધ સળગેલી અને અર્ધનગ્ન હાલતમાં મૃતદેહ મળી આવતા સમગ્ર પંથકમાં ભારે સનસનાટી મચી ગઈ છે. હત્યારાઓએ ક્રૂરતાની તમામ હદો વટાવી મહિલાની કરપીણ હત્યા કર્યા બાદ પુરાવાનો નાશ કરવા માટે લાશને સળગાવી દીધી હોવાનું પ્રાથમિક દ્રષ્ટિએ બહાર આવ્યું છે.

કેનાલના પાળા પરથી મળી આવ્યો અર્ધનગ્ન મૃતદેહ મળતી માહિતી મુજબ, કેલીયા વાસણા અને શેખડી ગામની વચ્ચેથી પસાર થતી નર્મદા કેનાલના પાળા પરથી સ્થાનિક લોકો પસાર થઈ રહ્યા હતા ત્યારે તેઓની નજર એક સળગેલી લાશ પર પડી હતી. નજીક જઈને જોતા તે એક અંદાજે મધ્યમ ઉંમરની મહિલાનો અર્ધનગ્ન મૃતદેહ હતો. ઘટનાની જાણ વાયુવેગે પ્રસરતા જ આજુબાજુના ગ્રામજનોના ટોળેટોળા ઘટનાસ્થળે ઉમટી પડ્યા હતા. સ્થાનિક અગ્રણીઓ દ્વારા તાત્કાલિક ધોળકા પોલીસને આ અંગે જાણ કરવામાં આવી હતી, જેના પગલે ઉચ્ચ પોલીસ અધિકારીઓનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસે ઘટનાસ્થળે પહોંચીને તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. મહિલાની ઓળખ મેળવવા માટે આસપાસના વિસ્તારોમાં ગુમ થયેલા લોકોની યાદી ચકાસવામાં આવી હતી. ઊંડાણપૂર્વકની તપાસ દરમિયાન આખરે મહિલાની ઓળખ મળી ગઈ છે. મરણજનાર મહિલા ચલોડા પ્રાથમિક શાળામાં શિક્ષિકા તરીકે ફરજ બજાવતા રીનાબેન બળદેવભાઈ ઝાલા હોવાનું સામે આવ્યું છે. તેઓ મૂળ બદરખા ગામના રહેવાસી હતા અને હાલ ધોળકાના કલીકુંડ વિસ્તારમાં આવેલા બાલાજી સ્ક્વેર ખાતે રહેતા હતા. એક શિક્ષિકાની આ પ્રકારે ઘાતકી હત્યા થતાં શૈક્ષણિક આલમ સહિત સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે. હત્યારાઓએ રીનાબેનની હત્યા કયા કારણોસર કરી? શું આ કોઈ પ્રેમ પ્રકરણ, લૂંટ કે અંગત અદાવતનો મામલો છે? અથવા તેની પાછળ કોઈ અન્ય ચોંકાવનારું રહસ્ય છુપાયેલું છે? તે દિશામાં પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. ગુનાની ગંભીરતાને જોતા એફએસએલ (FSL) ની ટીમની પણ મદદ લેવામાં આવી છે. હાલમાં મૃતદેહને પેનલ પીએમ (પોસ્ટમોર્ટમ) માટે અમદાવાદની સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો છે. પીએમ રિપોર્ટ આવ્યા બાદ જ હત્યા કેવી રીતે કરવામાં આવી અને તે પૂર્વે કોઈ દુષ્કર્મ ગુજારવામાં આવ્યું હતું કે નહીં તે અંગેનું ચિત્ર સ્પષ્ટ થશે.

**સ્ટેચ્યુ ઓફ યુનિટી જતા પ્રવાસીઓના જીવ જોખમમાં!**

# તંત્રની ઘોર બેદરકારી ડભોઇ શિનોર ચોકડી પાસે મસમોટા ખાડા

ડભોઇ

વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા 'સ્ટેચ્યુ ઓફ યુનિટી'ને જોડતો મુખ્ય માર્ગ ડભોઇ શિનોર ચોકડી નજીક ભારે બિસ્માર હાલતમાં ફેરવાઈ ગયો છે. શિનોર ચોકડી પાસે મુખ્ય હાઈવે પર જ બે જગ્યાએ મસમોટા ખાડા પડી ગયા છે, જે દિવસે-દિવસે વધુ ઊંડા અને ભયાનક બની રહ્યા છે. રોજ આ માર્ગ પરથી હજારો સ્થાનિક વાહનો અને દેશ-વિદેશના પ્રવાસીઓની ગાડીઓ પસાર થાય છે, ત્યારે તંત્રની લાલિયાવાડીને કારણે અહીં ગમે ત્યારે કોઈ મોટો અકસ્માત સર્જાઈ શકે છે અને કોઈ નિર્દોષનો ભોગ લેવાઈ શકે તેવી ગંભીર સ્થિતિ સર્જાઈ છે. આ જોખમી રસ્તાને લઈને સ્થાનિક લોકો અને વાહનચાલકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. પ્રજાનો એક જ સવાલ છે કે, જો આ મસમોટા ખાડાઓને કારણે કોઈ મોટી દુર્ઘટના ઘટશે કે કોઈનો જીવ જશે, તો તેની જવાબદારી કોની રહેશે? સ્ટેટ હાઈવેના અધિકારીઓ માત્ર પોતાની એસી ચેમ્બરોમાં બેસીને કાગળ પર જ વિકાસના કામો બતાવી રહ્યા હોય તેવું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. જો આ અધિકારીઓ ઓફિસની બહાર નીકળીને ગ્રાઉન્ડ લેવલ પર તપાસ કરે, તો તેમને ખબર પડે કે હાઈવે પર વાસ્તવિકતામાં કેટલું બધું રિપેરિંગ કામ બાકી પડ્યું છે.

# છોટાઉદેપુર જિલ્લાના ભાજપ મહામંત્રીમાં કેન્દ્રીય નેતૃત્વનો વિશ્વાસ : કાર્યકરોમાં આનંદની લાગણી

## સંગઠન માટે વર્ષો સુધી કરેલી નિષ્ઠાવાન સેવાઓનું ફળ, આદિવાસી વિસ્તારને મળશે મજબૂત પ્રતિનિધિત્વ

છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા

છોટાઉદેપુર જિલ્લાના ભાજપ મહામંત્રી અને આદિવાસી સમાજના અગ્રણી નેતા મુકેશભાઈ રાઠવાની ભારતીય જનતા પાર્ટી દ્વારા રાજ્યસભાના ઉમેદવાર તરીકે પસંદગી કરવામાં આવતા જિલ્લામાં આનંદ અને ગૌરવની લાગણી છવાઈ ગઈ છે. ભાજપની કેન્દ્રીય ચૂંટણી સમિતિએ રાજ્યસભાની દ્વિવાર્ષિક ચૂંટણી-2026 માટે ગુજરાતમાંથી જાહેર કરેલા ઉમેદવારોમાં મુકેશભાઈ રાઠવાનું નામ સામેલ કર્યું છે.

ભાજપ દ્વારા જાહેર કરાયેલી યાદી અનુસાર ગુજરાતમાંથી રાજુભાઈ શુક્લા, મુકેશભાઈ રાઠવા, માનસિંહ પરમાર અને જિતેન્દ્ર મેઘજીભાઈ કંજારિયાને રાજ્યસભા માટે ઉમેદવાર તરીકે પસંદ કરવામાં આવ્યા છે. તેમાં મુકેશભાઈ રાઠવાની પસંદગીને ખાસ મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે, કારણ કે તેઓ સંગઠનના પાયાના કાર્યકર તરીકે લાંબા સમયથી પક્ષ માટે કાર્યરત રહ્યા



છે. મુકેશભાઈ રાઠવાએ આદિવાસી વિસ્તાર અને ગ્રામ્ય સમાજ વચ્ચે ભાજપના સંગઠનને મજબૂત બનાવવા મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. તેઓ અનેક વર્ષોથી પક્ષના વિવિધ હોદ્દાઓ પર રહીને સંગઠનને સશક્ત બનાવવાના પ્રયાસોમાં સક્રિય રહ્યા છે. તેમની સાદગી, સંગઠન પ્રત્યેની નિષ્ઠા અને કાર્યકરો સાથેના સતત સંપર્કને કારણે તેઓ જિલ્લાના કાર્યકરોમાં લોકપ્રિય નેતા તરીકે ઓળખાય છે. તેમની રાજ્યસભા ઉમેદવાર તરીકેની પસંદગી બાદ છોટાઉદેપુર સહિત સમગ્ર આદિવાસી પટ્ટામાં ભાજપ કાર્યકરો અને સમર્થકોમાં ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. કાર્યકરોનું માનવું છે કે ભાજપે ફરી એકવાર પાયાના કાર્યકરની કદર કરી છે અને નિષ્ઠાપૂર્વક કામ કરનારા કાર્યકરોને યોગ્ય સ્થાન આપવાની પોતાની પરંપરા જાળવી રાખી છે.

રાજ્યસભામાં મુકેશભાઈ રાઠવાની સંભવિત એન્ટ્રીથી આદિવાસી સમાજના પ્રશ્નો અને વિકાસના મુદ્દાઓને રાષ્ટ્રીય સ્તરે વધુ મજબૂત અવાજ મળશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

## તંત્રી લેખ...


### જિંદગીનો એ ખાસ માણસ... (જેના હોવાથી જ સવાર પડે છે!)

દુનિયામાં અબજોની વસ્તી છે, રોજ હજારો ચહેરા આપણી નજર સામેથી પસાર થાય છે. કેટલાય લોકો મળે છે, હાથ મિલાવે છે અને સમયના વહેણ સાથે ભુલાઈ જાય છે. પણ આ ભીડમાં કોઈ એક ચહેરો એવો હોય છે, જે મનની સાવ નજીક આવીને ગોઠવાઈ જાય છે. હૃદયના કોઈ ખૂણે એ પોતાનું કાયમી સરનામું બનાવી લે છે. સાચે જ, હર કોઈની જિંદગીમાં કોઈ ને કોઈ તો ખાસ હોય જ છે... અને મારી જિંદગીમાં એ 'ખાસ' વ્યક્તિ તું છે!

લાગણીનો અદ્રશ્ય દોરો

સંબંધો ક્યારેક લોહીના હોય છે તો ક્યારેક સમીકરણોના, પણ આ 'ખાસ' હોવાનો સંબંધ તો સાવ નોખો છે. એમાં કોઈ શરત નથી હોતી, બસ એક વણબોલાયેલો ભરોસો હોય છે. જ્યારે આખી દુનિયા તમારી સામે સવાલો ઊભા કરતી હોય, ત્યારે એ વ્યક્તિની આંખોમાં તમારા માટે અતૂટ વિશ્વાસ હોય છે. ફેસબુકના હજારો ફ્રેન્ડ્સ કે ઈન્સ્ટાગ્રામના લાઈક્સ વચ્ચે પણ, જ્યારે દિલ ઉદાસ હોય ત્યારે જેનો નંબર સ્ક્રીન પર જોતાં જ ચહેરા પર સ્મિત આવી જાય, એ જ સાચો ખાસ માણસ.

'જિંદગી જીવવા માટે આમ તો શ્વાસની જરૂર હોય છે,



પણ જિંદગીને સુંદર બનાવવા માટે કોઈ 'ખાસ' ની જરૂર હોય છે.'

તારું હોવું એટલે...

મારા માટે તારું હોવું એ માત્ર એક હાજરી નથી, પણ એક અહેસાસ છે.

ભરબપોરે મળતો લીમડાનો શીતળ છાંયડો એટલે તું.

અતિશય થાક્યા પછી મળતો ગરમાગરમ ચાનો કપ એટલે તું.

જ્યારે કંઈ જ ન ગમે, ત્યારે મનને મળતી અસીમ શાંતિ એટલે તું.

ઘણીવાર આપણે એ સમજી નથી શકતા કે કોઈ વ્યક્તિ આપણા માટે આટલી મહત્વની કેમ બની જાય છે? કદાચ એટલે, કારણ કે એ આપણને આપણી ખામીઓ સાથે સ્વીકારે છે. તમારી ભૂલો પર દુનિયા વગોવે, પણ એ ખાસ વ્યક્તિ પ્રેમથી કાન પકડીને સાચો રસ્તો બતાવે.

અંતમાં એટલું જ...

જો તમારી જિંદગીમાં પણ કોઈ આવી વ્યક્તિ છે, જે તમારા મનની વાત વગર કહ્યે સમજી જાય છે, તો આજે જ એને કહી દો. કારણ કે વ્યક્ત ન થયેલી લાગણીઓ ક્યારેક સમયના વહેણમાં ખોવાઈ જાય છે.

'પાક્કો ગુજરાત' ના તમામ વાચકોને બસ એટલું જ કહેવું છે કે, જિંદગી ખૂબ ટૂંકી છે. આ દોડધામ ભરેલી લાઈફમાં એ ખાસ માણસનો હાથ ક્યારેય છોડતા નહીં, કારણ કે એના હોવાથી જ આ જિંદગી જીવવા જેવી લાગે છે. મારા માટે એ વ્યક્તિ 'તું' છે... તમારી જિંદગીમાં એ કોણ છે?

**- ગ્રુપ એડિટર પવન માકન**

## શું હંટા વાયરસ કોરોના જેટલો ખતરનાક છે?:અમેરિકામાં 50% કેસોમાં મૃત્યુ નક્કી

એપ્રિલ 2026માં પશ્ચિમ આફ્રિકા નજીક 'એમવી હોન્ડિયસ ક્રુઝ' શિપ પર 'હંટા વાયરસ'ના સંક્રમણ બાદ દુનિયાભરમાં આ બીમારીને લઈને ચિંતા વધી ગઈ છે. જહાજ પર ઘણા લોકો બીમાર પડ્યા. તેમાંથી કેટલાકના મોત પણ થયા. હંટા વાયરસ હવે સ્પેનમાં હંટા વાયરસનો બીજો કેસ પણ તે સ્પેનિશ યાત્રીઓમાં મળ્યો છે, જેને એપ્રિલમાં તે ક્રુઝ જહાજ પર બીમારી ફેલાયા બાદ બહાર કાઢવામાં આવ્યા હતા. અમેરિકાના 'નેશનલ ઈન્સ્ટિટ્યૂટ્સ ઑફ હેલ્થ' અનુસાર, દુનિયાભરમાં દર વર્ષે હંટા વાયરસના લગભગ 1-2 લાખ કેસ સામે આવે છે. તેમાંથી મોટાભાગના યુરોપ અને એશિયાના હોય છે. વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO) અનુસાર, હંટા વાયરસના કારણે અમેરિકામાં 50% કેસોમાં મૃત્યુ થાય છે. જ્યારે એશિયામાં મૃત્યુ દર 15% સુધી છે. મોટાભાગના કેસોમાં મૃત્યુ 6 અઠવાડિયાની અંદર થઈ જાય છે. હંટા વાયરસ એક વાયરસ ગ્રુપ છે, જે મુખ્યત્વે સંક્રમિત ઉંદરો અને અન્ય રોડેન્ટ્સના યુરિન, મળ અથવા લાળના સંપર્કથી મનુષ્યોમાં ફેલાઈ શકે છે. જુદા-જુદા દેશોમાં તેના અલગ સ્ટ્રેન જોવા મળે છે. તેના સંક્રમણથી વ્યક્તિ ગંભીર રીતે બીમાર થઈ શકે છે. તેનું જોખમ આખી દુનિયામાં એક સરખું નથી. સૌથી વધુ જોખમ તે દેશો અને વિસ્તારોમાં હોય છે, જ્યાં રોડેન્ટ્સ (ઉંદર, ખિસકોલી વગેરે) વધુ જોવા મળે છે અને તેમનો મનુષ્યો સાથે વધુ સંપર્ક હોય છે. એવું એટલા માટે, કારણ કે અમેરિકા અને યુરોપના ઘણા દેશોમાં હંટા વયરસનું જોખમ છે. જે લોકો આ દેશોમાં ફરવા જઈ રહ્યા છે, તેમને વધારે જોખમ થઈ શકે છે. ફરવા ગયેલા લોકો કેમ્પિંગ, ટ્રેકિંગ કરે છે તો જોખમ વધારે હોય છે. આ પ્રવૃત્તિઓથી વધે છે હંટા વયરસનું જોખમ- કેમ્પિંગ અથવા ટ્રેકિંગ કરવું. જૂની અથવા બંધ હોટેલ/કેબિનમાં રોકાવું. ગ્રામીણ વિસ્તારોમાં મુસાફરી. રોડ ટ્રિપ અને ટેન્ટમાં રોકાણ અસ્વચ્છ જગ્યાઓ પર રોકાવું. હંટા વાયરસ મુખ્યત્વે સંક્રમિત ઉંદરો અને અન્ય રોડેન્ટ્સના પેશાબ, મળ અને લાળના સંપર્કથી ફેલાય છે. આ વાયરસ સામાન્ય રીતે એક વ્યક્તિથી બીજી વ્યક્તિમાં ફેલાતો નથી. જોકે, દક્ષિણ અમેરિકાના કેટલાક સ્ટ્રેન્સમાં માણસથી માણસમાં સંક્રમણ જોવા મળ્યું છે. હંટા વાયરસના લક્ષણો દેખાય ત્યારે આ કામ કરો- તરત જ ડૉક્ટર અથવા હોસ્પિટલનો સંપર્ક કરો. તાજેતરની મુસાફરી, કેમ્પિંગ, ખેતર અથવા ઉંદરોના સંપર્ક વિશે ડૉક્ટરને જાણ કરો. તાવ, શરીરમાં દુખાવો અને ઉધરસને અવગણશો નહીં. જો શ્વાસ લેવામાં તકલીફ વધી રહી હોય તો તરત જ તબીબી મદદ લો. ડૉક્ટર દ્વારા સૂચવવામાં આવેલા તમામ ટેસ્ટ અને સારવાર કરાવો. પૂરતો આરામ કરો અને શરીરમાં પાણીની કમી ન થવા દો. જાતે કોઈ દવા લેવાને બદલે તબીબી મદદ લો. હંટા વાયરસ માટે કોઈ એન્ટિવાયરલ દવા નથી. તેથી, હંટા વાયરસનો ચેપ લાગવા પર લક્ષણોના આધારે સારવાર કરવામાં આવે છે. હાલમાં મોટાભાગના દેશોમાં સામાન્ય લોકો માટે કોઈ રસી ઉપલબ્ધ નથી. જોકે, ચીન અને દક્ષિણ કોરિયા જેવા દેશોમાં અમુક ખાસ પ્રકારના હંટા વાયરસ માટે મર્યાદિત ઉપયોગવાળી રસીઓ ઉપલબ્ધ છે. વિદેશ યાત્રા દરમિયાન આ જગ્યાઓ પર વધુ સાવચેતી જરૂરી- જંગલ, કેમ્પ સાઈટ,જૂના કેબિન, સ્ટોર રૂમ, ગોદામ, ફાર્મહાઉસ,પહાડી ટ્રેલ્સ યાત્રા પહેલાં આ બાબતો જાણો- જે દેશમાં જઈ રહ્યા છો, ત્યાં હંટા વાયરસના કેસ છે કે નહીં. ત્યાં કોઈ સ્થાનિક હેલ્થ એલર્ટ તો જાહેર થયું નથી. ત્યાં હવામાન કેવું છે, આસપાસ જંગલી વિસ્તાર તો નથી ને. સામાન્ય રીતે એરપોર્ટ કે ફ્લાઈટમાં જોખમ ખૂબ ઓછું હોય છે. કારણ કે અહીં સામાન્ય રીતે ઉંદરો હોતા નથી.

# ખેલ મહાકુંભમાં જીતેલા ખેલાડીઓના કરોડો રૂપિયા ક્યાં ગયા? વિજેતાઓને છેતરપિંડીનો અહેસાસ!




## અંડર-15થી લઈને 60 વર્ષના વિજેતા ખેલાડીઓ ઈનામી રકમ માટે ધક્કા ખાવા મજબૂર; સિસ્ટમથી નારાજ થઈને કેટલાય રમતવીરોએ મેદાન છોડ્યું, અધિકારીઓનો 52 કરોડ ચૂકવ્યાનો દાવો

અમદાવાદ

ગુજરાત સરકાર દ્વારા રાજ્યમાં રમતગમતને પ્રોત્સાહન આપવા અને ગ્રાઉન્ડ લેવલથી ટેલેન્ટ બહાર લાવવા માટે કરોડો રૂપિયાના ખર્ચે 'ખેલ મહાકુંભ'નું આયોજન કરવામાં આવે છે. પરંતુ આ ભવ્ય આયોજન પાછળ ખેલાડીઓ સાથે ભારે અન્યાય અને ઉદાસીનતા વરતાઈ રહી હોવાનો એક ચોંકાવનારો ગ્રાઉન્ડ રિપોર્ટ સામે આવ્યો છે. પરસેવો પાડીને, તનતોડ મહેનત કરીને ખેલ મહાકુંભમાં મેડલ અને સર્ટિફિકેટ જીતનારા અંડર-15 (15 વર્ષથી નીચેના) બાળકોથી લઈને 60 વર્ષના વડીલ સ્પર્ધકો આજે પણ પોતાની હકની ઈનામી રકમ મેળવવા માટે સરકારી કચેરીઓના ધક્કા ખાઈ રહ્યા છે. વહીવટી તંત્રની આ ઢીલી નીતિના કારણે ખેલાડીઓમાં ભારે રોષ છે અને ઘણા આશાસ્પદ રમતવીરોએ તો હતાશામાં આવીને રમવાનું જ છોડી દીધું છે!

### મેડલ મળ્યા, પણ બેંક એકાઉન્ટ ખાલીખમ: ખેલાડીઓમાં છેતરપિંડીની લાગણી

નિયમ મુજબ ખેલ મહાકુંભમાં તાલુકા, જિલ્લા અને રાજ્ય કક્ષાએ વિજેતા બનતા ખેલાડીઓને રોકડ પુરસ્કાર સીધા તેમના બેંક ખાતામાં (DBT દ્વારા) જમા કરાવવાના હોય છે. પરંતુ વાસ્તવિકતા કંઈક જુદી જ છે. મહિનાઓ વીતી ગયા છતાં સેંકડો વિજેતા ખેલાડીઓના ખાતામાં એક રૂપિયો પણ જમા થયો નથી. ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારોમાંથી આવતા ખેલાડીઓ, જેમણે દેવું કરીને કે પેટે પાટા બાંધીને રમતગમતના સાધનો અને ડાયેટનો ખર્ચ ઉઠાવ્યો હતો, તેઓ અત્યારે પોતાને છેતરાયા હોય તેવો અહેસાસ કરી રહ્યા છે. જનતા પૂછી રહી છે કે ડિજિટલ ઈન્ડિયાના જમાનામાં વિજેતાઓના નાણાં ક્યાં અટવાયા છે?

### અધિકારીઓનો બચાવ: "અમે 52 કરોડ રૂપિયા તો ચૂકવી દીધા છે!"

બીજી તરફ, આ સમગ્ર વિવાદ અને ખેલાડીઓના આક્રોશ અંગે જ્યારે રમતગમત વિભાગના ઉચ્ચ અધિકારીઓનો સંપર્ક કરવામાં આવ્યો, ત્યારે તેમણે પોતાની પીઠ થાબડતો દાવો કર્યો છે. અધિકારીઓના જણાવ્યા મુજબ, તંત્ર દ્વારા અત્યાર સુધીમાં અંદાજે 52 કરોડ રૂપિયા જેટલી માતબર રકમ ખેલાડીઓના ખાતામાં ટ્રાન્સફર કરી દેવામાં આવી છે. જો કે, તંત્રના આ મોટા-મોટા દાવાઓ વચ્ચે પ્રશ્ન એ ઊભો થાય છે કે જો કરોડો રૂપિયા ચૂકવાઈ ગયા છે, તો હજુ પણ ગ્રાઉન્ડ લેવલ પર સેંકડો ખેલાડીઓ પોતાના હકના પૈસા માટે કેમ વલખાં મારી રહ્યા છે? ક્યાંક ટેકનિકલ ખામીના નામે ખેલાડીઓને અંધારામાં રાખવામાં આવી રહ્યા છે કે પછી આમાં પણ કોઈ મોટો ખેલ થઈ ગયો છે?

### ખેલાડીઓ રમત છોડવા મજબૂર: કોણ લેશે આ નુકસાનની જવાબદારી?

પ્રોત્સાહનના અભાવે અને સરકારી બાબુઓની આ લાલિયાવાડીથી કંટાળીને ગુજરાતનું ભવિષ્ય એવા કેટલાય યુવા ખેલાડીઓએ રમતગમતની દુનિયાને અલવિદા કહી દીધું છે. નેશનલ કે ઈન્ટરનેશનલ લેવલે ગુજરાતનું નામ રોશન કરી શકે તેવા ખેલાડીઓ આજે નિરાશ થઈને બેસી ગયા છે.

### 'પાક્કો ગુજરાત ન્યૂઝ' રમતગમત મંત્રાલયને સીધા સવાલ પૂછે છે:

તંત્રના કાગળ પરના 52 કરોડના દાવાઓ વચ્ચે સાચા અને હકદાર ખેલાડીઓ કેમ વંચિત છે?

રમતગમત ક્ષેત્રે ગુજરાતને નંબર વન બનાવવાની વાતો વચ્ચે ખેલાડીઓની આ માનસિક પાયમાલી માટે કયા અધિકારીઓ જવાબદાર છે?

જો સમયસર વિજેતાઓને તેમની ઈનામી રકમ નહીં મળે, તો આગામી દિવસોમાં ખેલ મહાકુંભ માત્ર સરકારી બજેટ સગેવગે કરવાનું સાધન બનીને રહી જશે. સરકાર આ મામલે તાત્કાલિક ઓડિટ કરાવે અને દરેક ખેલાડીને તેનો હક અપાવે તેવી માંગ ઉઠી છે.

## રાષ્ટ્ર નિર્માણ અને પત્રકારત્વના સશક્ત હસ્તાક્ષર: સોશિયલ મીડિયા ફાઉન્ડેશનના રાષ્ટ્રીય સ્થાપક અધ્યક્ષ કિશોર ભંડારીજીને જન્મદિવસની અનંત શુભેચ્છાઓ!

મુંબઈ / નાગપુર:

૫ જૂનનો દિવસ મહારાષ્ટ્રના સામાજિક, રાજકીય અને પત્રકારત્વ જગતના એક એવા પ્રખર વ્યક્તિત્વના નામે છે, જેમણે પોતાની કર્તવ્યનિષ્ઠા અને સેવાભાવથી સમાજમાં એક વિશિષ્ટ ઓળખ બનાવી છે. 'સોશિયલ મીડિયા ફાઉન્ડેશન'ના રાષ્ટ્રીય સ્થાપક અધ્યક્ષ, 'અખિલ મરાઠી પત્રકાર સંઘ' (મહારાષ્ટ્ર રાજ્ય)ના પ્રદેશ અધ્યક્ષ તેમજ 'ભાજપ જૈન પ્રકોષ્ઠ' (મહારાષ્ટ્ર રાજ્ય)ના માનનીય ઉપાધ્યક્ષ શ્રી કિશોર ભંડારીજીને તેમના જન્મદિવસના આ પાવન અવસરે 'પાક્કો ગુજરાત' ન્યૂઝ



પેપર પરિવાર અને રાજ્યભરના શુભેચ્છકો તરફથી કોટિ-કોટિ અભિનંદન અને હાર્દિક શુભેચ્છાઓ!

બહુઆયામી વ્યક્તિત્વ: સમાજ, સંગઠન અને લોકશાહીના સજાગ પ્રહરી

એક કુશળ નેતૃત્વકર્તા તરીકે કિશોર ભંડારીજીનું જીવન સમાજના દરેક વર્ગને સાથે લઈને ચાલવા અને તેમના અધિકારો માટે સંઘર્ષ કરવાનું ઉત્તમ ઉદાહરણ રહ્યું છે. તેમની આ અદ્વિતીય સફરના ત્રણ મુખ્ય સ્તંભ આ મુજબ છે:

લોકશાહીનો ચોથો સ્તંભ (પત્રકારત્વ): 'અખિલ મરાઠી પત્રકાર સંઘ'ના મહારાષ્ટ્ર રાજ્ય અધ્યક્ષ તરીકે તેમણે હંમેશા નિષ્પક્ષ પત્રકારત્વને પ્રોત્સાહન આપ્યું છે. રાજ્યભરના પત્રકારોના હિતો, માન-સન્માન અને તેમની સુરક્ષા માટે તેઓ હંમેશા અગ્રેસર રહીને મજબૂતીથી અવાજ ઉઠાવતા આવ્યા છે.

ડિજિટલ ક્રાંતિ અને સામાજિક ચેતના: 'સોશિયલ મીડિયા ફાઉન્ડેશન'ના રાષ્ટ્રીય સ્થાપક અધ્યક્ષ તરીકે તેમણે ડિજિટલ યુગમાં યુવાનો અને સમાજને સાચી દિશા આપવાનું તેમજ સોશિયલ મીડિયાના માધ્યમથી સકારાત્મક અને રચનાત્મક પરિવર્તન લાવવાનું અભૂતપૂર્વ કાર્ય કર્યું છે.

રાજકીય અને આધ્યાત્મિક સમન્વય: 'ભાજપ જૈન પ્રકોષ્ઠ' (મહારાષ્ટ્ર રાજ્ય) ના ઉપાધ્યક્ષ તરીકે તેમણે જૈન સમાજના ઉચ્ચ નૈતિક મૂલ્યો, અહિંસા, કરુણા અને સેવાના સિદ્ધાંતોને રાજકીય મુખ્યધારા સાથે જોડીને રાષ્ટ્ર નિર્માણમાં અમૂલ્ય યોગદાન આપ્યું છે.

'પાક્કો ગુજરાત' ન્યૂઝ પેપર તરફથી મંગલકામનાઓ

'નેતૃત્વ એવું હોય જે રાહ બતાવે, વ્યક્તિત્વ એવું હોય જે પ્રેરણા બની જાય.'

રી કિશોર ભંડારીજીના આ જ પ્રેરણાદાયી નેતૃત્વ, બેબાક અંદાજ અને નિઃસ્વાર્થ સેવાભાવને 'પાક્કો ગુજરાત' ન્યૂઝ પેપર સાદર નમન કરે છે. ઈશ્વરને પ્રાર્થના છે કે તેઓ આપને દીર્ઘાયુ, ઉત્તમ સ્વાસ્થ્ય, અસીમ ઊર્જા અને યશ-કીર્તિ પ્રદાન કરે, જેથી આપના માર્ગદર્શન હેઠળ સમાજ સેવા અને રાષ્ટ્ર કલ્યાણનો આ રથ નિરંતર આગળ વધતો રહે.

ફરી એકવાર, આદરણીય કિશોર ભંડારીજીને જન્મદિવસની સતરંગી શુભેચ્છાઓ!

## ચીનને મજબૂત કરવા અને ભવિષ્યના યુદ્ધમાં બચાવ તથા વળતા હુમલાની તૈયારી માટે ચીને પરમાણુ મિસાઈલોનું ટેસ્ટિંગ અને સ્ટોરેજ શરૂ કર્યું...

ચીને પોતાના રણપ્રદેશમાં વિશેષ કાર્યક્રમ શરૂ કરી દીધો છે. ચીને રણપ્રદેશમાં પરમાણુ કિલ્લો બનાવવાની શરૂઆત કરી દીધી છે. તાજેતરમાં રોયટર્સનો એક અહેવાલ સામે આવ્યો છે. તેમાં હજારો કિ.મી સુધી ફેલાયેલા રણપ્રદેશમાં રેતીની નીચે ચીન દ્વારા અત્યંત સંવેદનશિલ સૈન્ય માળખું તૈયાર કરી રહ્યું છે. જાણકારોના મતે આ માળખાને એવી રીતે બનાવવામાં આવી રહ્યું છે કે, તેના ઉપર પરમાણુ હુમલો થાય તો પણ આ માળખાને સંપૂર્ણ રીતે નષ્ટ ન કરી શકે. તેના ઉપરના સ્તરને નષ્ટ કરી શકે પણ નીચેના માળખાને કશું જ થાય નહીં. બીજી તરફ ચીન આ જ માળખા દ્વારા કોઈપણ હુમલાનો જવાબ પણ આપી શકે. જાણકારોના મતે ચીને એકાએક આ જગ્યાએ શા માટે આવા સૈન્ય માળખાની રચના શરૂ કરી છે. ખાસ કરીને ચીન પરમાણુ સૈન્ય માળખું રેતીની નીચે શા માટે ડેવલપ કરી રહ્યું છે. ચર્ચા એવી ચાલી છે કે, અમેરિકા સાથે વધી રહેલી રણનીતિક સ્પર્ધા, તાઈવાન ઉપર કબજો મેળવવા માટેની તૈયારી અને ભવિષ્યમાં એશિયા ઉપર વર્ચસ્વ જમાવવા માટે ભારત સાથે જો ટક્કર લેવાની આવે તો તેની માટે અત્યારથી જ તૈયારીઓ કરવી પડે તેમ છે. ખાસ કરીને અમેરિકા પાસે જેવા હથિયારો અને યુદ્ધ માળખા છે તે જોતાં



તેને ટક્કર આપવા માટે આધુનિક અને સક્ષમ માળખું અત્યંત જરૂરી છે. ઉલ્લેખનીય છે કે, આ અહેવાલ સાથે અનેક સેટેલાઈટ ઈમેજ પણ સામે આવી છે. તેમાં ૮૦થી વધારે મિસાઈલના લોન્ચ પેડ પણ તૈયાર કરવામાં આવ્યા છે. પૂર્વ શિનિજિયાંગ અને ગાંસુ ખાતે આવેલા રણમાં આ માળખા તૈયાર કરવામાં આવી રહ્યા છે. અહીંયા જે લોન્ચ પેડ બનાવવામાં આવ્યા છે તેમાં મોબાઈલ મિસાઈલ લોન્ચર અને વાયુ સુરક્ષા પ્રણાલીનો ઉપયોગ કરવામાં આવે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે. અમેરિકન મીડિયા એજન્સીઓ અને ગુપ્તચર એજન્સીઓએ જણાવ્યું કે, ચીનના પરમાણુ સાઈટ્સ જ્યાં આવેલી છે તે સાઈલો ક્ષેત્રથી સાઉથ વેસ્ટમાં આ નવી મિલિટરી સાઈટ્સ બનાવવામાં આવી છે. તેમાં સાઈલો સેક્ટરથી એક સાઈટ ૧૪૦ કિલોમીટર દૂર અને બીજી અંદાજે ૨૩૦ કિલોમીટર દૂર આવેલી છે. ચીનના આ માળખમાં ૮૦થી વધારે કોંક્રિટ લોન્ચ પેડ બનાવવામાં આવ્યા છે. મોબાઈલ મિસાઈલ લોન્ચર, એર ડિફેન્સ સિસ્ટમ અને ઈલેક્ટ્રોનિક વોરફેર માટે આ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. તે ઉપરાંત બે મોટા અષ્ટકોણ માળખા બનાવવામાં આવ્યા છે જે સૈન્ય આવાસ, વાહન પાર્કિંગ અને કમાન્ડ સેન્ટર હોય તેમ લાગી રહ્યું છે. છેલ્લાં છ વર્ષમાં તેનું નિર્માણ કરવામાં આવ્યું છે અને હજી પણ કામ ચાલી રહ્યું છે. ચીને જ્યાં પોતાની લાંબા અંતર ઈન્ટરકોન્ટિનેટ બેલેસ્ટિક મિસાઈલ્સ રાખી છે તેવા શિનજિંયાંગ અને ગાંસૂના રણ વિસ્તારમાં આ માળખું વિકસાવાયું છે. આ ઉપરાંત અહીંયા બે સેટેલાઈટ ડિશ અને બે મોટા ટાવર પણ જોવા મળે છે. જાણકારોના મતે આ અષ્ટકોણ માળખા અને ટાવર બંને સી-૩ એટલે કે કમાન્ડ, કંટ્રોલ અને કોમ્યુનિકેશન યુનિટનો ભાગ હોય તેમ લાગે છે. આ કેમ્પસમાં બંકર, હથિયારના ભંડાર, એર સ્ટ્રીપ્સ, રેલવે લાઈનો પણ છે. તાજેતરમાં એપ્રિલ અને મે મહિના દરમિયાન તેના ઉપર સક્રિય સૈન્ય અભ્યાસ પણ કરવામાં આવ્યો હોવાના પુરાવા વિશ્વક સ્તરે ફરી રહ્યા છે. જાણકારો માને છે કે, ચીનને સૌથી વધારે ભય અમેરિકાથી લાગી રહ્યો છે. વાસ્તવિકતા એવી છે કે, ચીનને કોઈપણ ભોગે તાઈવાન ઉપર પોતાની સત્તા જોઈએ છે. તે તાઈવાનને પોતાનો જ ભાગ માને છે. બીજી તરફ અમેરિકા જિયોપોલિટિક્સના ભાગરૂપે તાઈવાનને રાજકીય સાથ અને હથિયારો આપે છે. ચીનને ભય છે કે, જો તેણે તાઈવાન ઉપર હુમલો કર્યો તો આડકતરી રીતે અમેરિકા તેની સામે પડવાનું જ છે. પેસેફિક મહાસાગરમાં અમેરિકી સેનાની હાજરી છે. ગુઆમ, જાપાન, સાઉથ કોરિયા અને ફિલિપાઈન્સમાં અમેરિકાના મિલિટરી બેઝ આવેલા છે. જો તણાવની સ્થિતિ ઊભી થઈ તો ચીન માટે મુશ્કેલી વધી શકે છે. આ સંજોગોમાં રણનીતિમાં ફરફાર કરીને તેણે આ માળખા ઊભા કરવા માંડયા છે જેથી ભવિષ્યમાં કોઈ દબાણ આવે નહીં અથવા તો જે સ્થિતિ આવે તેનો સરળતાથી અને મજબૂત રીતે સામનો કરી શકાય. આ સિવાય અમેરિકાએ એડવાન્સ ચિપ્ટ એન્ડ હાઈ એન્ડ ટેક એક્સપોર્ટ ઉપર પ્રતિબંધ મુકેલો છે. ચીનને લાગે છે કે, ટેકનોલોજીની રેસમાં હવે અમેરિકા તેની ઝડપ રોકવા માગે છે. તેના કારણે પણ બંને દેશો વચ્ચે તણાવ વધી શકે છે અને સમસ્યા સર્જાઈ શકે છે. મહત્ત્વની વાત એવી પણ છે કે, ચીનને અમેરિકી હથિયારોનો પણ ભય છે. અમેરિકા પાસે એડવાન્સ મિસાઈલ ડિફેન્સ સિસ્ટમ અથવા પ્રિસિજન સ્ટ્રાઈક સિસ્ટમ ચીનના પરમાણુ કેન્દ્ર સાઈલોને સરળતાથી નષ્ટ કરી શકે છે. તેના કારણે જ નવા માળખાનો વિકાસ કરવામાં આવી રહ્યો છે. નવી સુવિધાઓ, મોબાઈલ લોન્ચર, બંકર, એર ડિફેન્સ સિસ્ટમ વગેરે અમેરિકાના હુમલાથી બચાવશે અને વળતો હુમલો પણ કરશે. હકિકતે તાઈવાન ઉપર સંભવિત હુમલામાં અમેરિકા વચ્ચે પડશે તે સ્પષ્ટ છે. આ સંજોગોમાં મજબૂત ન્યૂક્લિયર કિલ્લાની જરૂરી છે. જો અત્યારથી ન્યૂક્લિયર કિલ્લો ઊભો કરી લેવામાં આવે તો તે સમયે અમેરિકાને સીધી જ ચેતવણી આપી શકાય તેમ છે. આ રીતે તાઈવાન યુદ્ધથી અમેરિકાને દૂર રાખી શકાય અને પારંપરિક યુદ્ધ પણ અટકી શકે તેમ છે. આ ઉપરાંત ચીન સેકન્ડ સ્ટ્રાઈક કેપેબિલિટી વધારવા માગે છે. ચીની જાણકારો અને સૈન્ય સ્ટ્રેટેજિસ્ટ માને છે કે, કોઈપણ મુદ્દે અમેરિકા સાથે યુદ્ધ થયું તો તે સાયલો ન્યૂક્લિયર સાઈટ ઉપર હુમલા કરીને ત્યાંની સુવિધાઓ નષ્ટ કરી શકે છે. આ સંજોગોમાં મિસાઈલો બચાવવા અને લોન્ચ કરવા માટે કે જવાબી હુમલા કરવા માટે સેકન્ડ સ્ટ્રાઈક કેપેબિલિટીની જરૂર છે. સિપ્રિનો અહેવાલ જણાવે છે કે, થોડા વખત પહેલાં જ ચીની રાષ્ટ્રપ્રમુખ જિનપિંગે જાહેરાત કરી હતી કે, ચીની સેનાને વૈશ્વિક સ્તરની સુવિધા અને સાધનો થકી સક્ષમ બનાવવામાં આવશે.

તેના પગલે જ અમેરિકી હુમલાથી બચવા, વળતો હુમલો કરવા અને પોતાની ક્ષમતા સિદ્ધ કરવા માટે આ માળખાનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. પેન્ટાગોન અને સિપ્રીના અહેવાલ પ્રમાણે ચીન પાસે ૨૦૨૪માં ૫૦૦ ન્યૂક્લિયર વોરહેડ હતા જે ૨૦૨૫માં ૬૦૦ થઈ ગયા હતા. એક અહેવાલ એવું પણ કહે છે કે, ૨૦૨૩ સુધીમાં ચીન પાસે નવા ૧૦૦ વોરહેડ જ હતા. ચીને પોતાના ન્યૂક્લિયર વોરહેડમાં તોતિંગ વધારો કરવાનું શરૂ કરી દીધું છે. અમેરિકન ડિફેન્સ ડિપાર્ટમેન્ટ અને પેન્ટાગોનનો આંતરિક અહેવાલ પણ કહે છે કે, ચીન દ્વારા જે ન્યૂક્લિયર વોરહેડ્સ અને ૪૦૦ જેટલી ઈન્ટરકોન્ટિનેન્ટલ બેલેસ્ટિક મિસાઈલ્સ વિકસાવવામાં આવ્યા છે તે લગભગ અમેરિકાના મોટાભાગના સ્થળોને ટાર્ગેટ કરી શકે તેમ છે. પેન્ટાગોનનો જ અહેવાલ કહે છે કે, ૨૦૩૦ સુધીમાં ચીન પોતાના ન્યૂક્લિયર વોરહેડ્સની સંખ્યા ૧૦૦૦ કરતા વધારે કરી દેશે. હાલમાં રશિયા પાસે ૪૩૦૦ ન્યૂક્લિયર વોરહેડ્સ અને અમેરિકા પાસે ૩૭૦૦ વોરહેડ્સ છે. જાણકારો માને છે કે, ચીન એક ન્યૂક્લિયર પાવર ગણાય છે. તેની પાસે અમેરિકા અને રશિયાની સરખામણીએ ઘણા ઓછા ન્યૂક્લિયર હથિયારો છે. તેના કારણે તેણે તેમાં સતત વધારો કરવાની નીતિ અપનાવી છે. જો કે જાણકારો માને છે કે, તેણે માત્ર હથિયારો વધારવાનું જ નહીં પણ તેને યોગ્ય રીતે જાળવવાનું પણ મિશન શરૂ કરેલું છે. તે પોતાના ન્યૂક્લિયર ફોર્સિસને મોર્ડન બનાવવા માટે સતત પ્રયાસ કરી રહ્યું છે. ચીન રણમાં નકલી સમુદ્ર બનાવીને યુદ્ધ જહાજો તોડવાનો અભ્યાસ કરે છે સૌથી મોટી વાત એ છે કે, ચીન દ્વારા માત્ર ન્યૂક્લિયર હથિયારો બનાવવાની જ નહીં પણ અમેરિકાના યુદ્ધ જહાજો તોડવાની પણ તૈયારીઓ ઘણા સમયથી કરવામાં આવી રહી છે. તે છેલ્લાં છ વર્ષથી પોતાના દક્ષિણ-પશ્ચિમે આવેલા રણ પ્રદેશમાં રેતનો નકલી દરિયો બનાવીને મોટા મોટા જહાજોના મોડલ તોડવાનો યુદ્ધાભ્યાસ કરી રહ્યું છે. તેની આ મોકડ્રિલ તરફ પણ દુનિયાનું ધ્યાન ગયું છે. ચીને તકલામાકન રણમાં રેલવેના પાટા ઉપર અમેરિકાના મોટા મોટા એરક્રાફ્ટ કેરિયર જેવી મોડલ બનાવીને તેને તોડી પાડવાનો અભ્યાસ શરૂ કરેલો છે. અહીંયા આ જહજો રણની માટીમાં તરી રહ્યા હોય તેમ આગળ વધે છે અને ચીની મિસાઈલો તેને તોડવાનો અભ્યાસ કરી રહી છે. અમેરિકા નૌસેનાના જેરાલ્ડ આર ફોર્ડ ક્લાસ એરક્રાફ્ટ કેરિયર અને અર્લે બુર્કે ક્લાસ ડિસ્ટ્રોયરના નકલી મોકઅપ મોડલ પોતાના રણમાં સજ્જ કરેલા છે. તેણે વાંકી ચુંકી, ઉંચી નીચી રેલવે લાઈન નાખેલી છે અને તેની ઉપર આ નકલી જહાજો ચાલે છે અને તેને તોડવા માટેનો અભ્યાસ કરવામાં આવી રહ્યો છે.

### કલોલ પોલીસે મૃતદેહોનો કબજો મેળવી વધુ કાર્યવાહી હાથ ધરી

# કલોલની કેનાલમાં માતા, પુત્રી અને દોહિત્રીનો આપઘાત

### મૃતક નેહાની સોશિયલ મીડિયા પોસ્ટ મુજબ, ભાભીના માનસિક ત્રાસને કારણે માતા સંગીતાબેન અને 2 વર્ષની પુત્રી સાથે તેણે આ અંતિમ પગલું ભર્યું



મહેસાણા

મહેસાણાના તળેટી ગામના પ્રજાપતિ પરિવારના એક માસૂમ સાથે મળી કુલ 3 લોકોએ ગાંધીનગર જિલ્લાના કલોલની કેનાલમાં કૂદીને આત્મહત્યા કરી છે. મૃતક નેહાની સોશિયલ મીડિયા પોસ્ટ મુજબ, ભાભીના માનસિક ત્રાસને કારણે માતા સંગીતાબેન અને 2 વર્ષની પુત્રી સાથે તેણે આ અંતિમ પગલું ભર્યું છે. નેહાએ અન્ય પરિવારજનોને નિર્દોષ ગણાવ્યા છે. કલોલ પોલીસે લાશનો કબજો મેળવી વધુ તપાસ હાથ ધરી છે.

મહેસાણાના તળેટી ગામના એક જ પરિવારના ત્રણ સભ્યોએ સામૂહિક આત્મહત્યા કરી લેતા સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી ગઈ છે. મહેસાણાના પ્રજાપતિ પરિવારની માતા, તેમની પુત્રી અને 2 વર્ષની માસૂમ દોહિત્રી સાથે કલોલના પિયજ ગામ નજીકની કેનાલમાં કૂદીને જીવન ટૂંકાવ્યું છે. આ ઘટનાની જાણ થતાં જ પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને ત્રણેયના મૃતદેહને બહાર કાઢીને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યા હતા.

મૃતકોમાં સંગીતાબેન ગોરધનભાઈ પ્રજાપતિ, તેમની પુત્રી નેહા અને નેહાની 2 વર્ષની દીકરીનો સમાવેશ થાય છે. આજે સવારે ત્રણેયની લાશ કેનાલમાંથી મળી આવી હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં આ એક સુસાઈડ કેસ હોવાનું સામે આવ્યું છે. કલોલ પોલીસે ઘટના સ્થળનું નિરીક્ષણ કરી મૃતકોના પરિવારજનોની પૂછપરછ શરૂ કરી છે.

આ કરુણ ઘટના પાછળનું મુખ્ય કારણ મૃતક નેહાની સોશિયલ મીડિયા પોસ્ટમાં સામે આવ્યું છે. આત્મહત્યા પૂર્વે મૂકવામાં આવેલી પોસ્ટમાં નેહાએ ગંભીર આક્ષેપો કર્યા છે. તેણે લખ્યું છે કે, તે તેની ભાભીના સતત માનસિક ત્રાસથી કંટાળીને આ અંતિમ પગલું ભરી રહી છે. નેહાએ જણાવ્યું હતું કે, ભાભીએ તેના ભાઈને માતા અને બહેન વિરુદ્ધ કરી દીધા હતા, એટલું જ નહીં, સાસુને પણ તેમની વિરુદ્ધ ભડકાવવાનું કામ કર્યું હતું.

પોસ્ટમાં નેહાએ ખૂબ જ ભાવુક લખ્યું કે દીપક, અજય મામા કે તેના પિતા ગોરધનભાઈનો કોઈ જ વાંક નથી. તેણે પરિવારના આ સભ્યોને નિર્દોષ ગણાવીને તેમને કોઈ પણ પ્રકારની તકલીફ ન આપવા વિનંતી કરી છે. હાલમાં કલોલ પોલીસે મૃતદેહોનો કબજો મેળવી વધુ કાર્યવાહી હાથ ધરી છે. મૃતકના પરિવારના અન્ય સભ્યોના નિવેદનનો લેવામાં આવી રહ્યા છે. આ ઘટના બાદ સમગ્ર તળેટી ગામમાં શોકનો માહોલ છવાઈ ગયો છે.

### SDM ચેમ્બરમાં થયું નુકસાન

## બોડેલી સેવાસદનમાં આગ લાગતા અફરાતફરી



છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા

છોટાઉદેપુર જિલ્લાના બોડેલી તાલુકા સેવાસદનમાં ગુરૂવાર અચાનક આગ લાગતા કચેરીમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. આગની ઘટના મુખ્યત્વે SDM (પ્રાંત અધિકારી) ચેમ્બરમાં બની હોવાનું જાણવા મળ્યું છે, જેના કારણે કચેરીમાં રહેલા સાધનોને નુકસાન પહોંચ્યું હતું. પ્રાથમિક માહિતી મુજબ, આગ લાગતાની સાથે જ સેવાસદનમાં ઉપલબ્ધ ફાયર સેફ્ટીના ઉપકરણો દ્વારા આગ પર કાબૂ મેળવવાના પ્રયાસો હાથ ધરાયા હતા. ત્યારબાદ ફાયર ફાઈટરની ટીમને તાત્કાલિક બોલાવવામાં આવી હતી. ફાયર વિભાગની ટીમે સ્થળ પર પહોંચી આગને કાબૂમાં લીધી હતી, જેના કારણે વધુ નુકસાન થતું અટક્યું હતું. આગની ઘટનામાં કમ્પ્યુટર, એ.સી., ખુરશીઓ, ટેબલ સહિતની સામગ્રીને નુકસાન પહોંચ્યું હોવાનું જાણવા મળ્યું છે. પ્રાથમિક તપાસમાં શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હોવાનું અનુમાન વ્યક્ત કરવામાં આવી રહ્યું છે. જોકે આગ લાગવાનું ચોક્કસ કારણ જાણવા માટે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. આગની ઘટનાને પગલે સલામતીના ભાગરૂપે સેવાસદનની તમામ કામગીરી તાત્કાલિક અસરથી બંધ કરી દેવામાં આવી હતી. ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી, જે રાહતની બાબત ગણાઈ રહી છે. વહીવટી તંત્ર દ્વારા નુકસાનનું મૂલ્યાંકન તથા આગના કારણોની તપાસની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## ગરમીથી મળી રાહત પણ મુશ્કેલી વધી : જોરદાર વરસાદના કારણે ગોધરાના અનેક વિસ્તારોમાં વીજળી ગુલ

ગોધરા, ફિરદોસ ગુણીયા

ગોધરા શહેરમાં આજે સમી સાંજે વાતાવરણમાં અચાનક પલટો આવતાં જોરદાર પવન અને ધૂળની ડમરીઓ સાથે ધોધમાર વરસાદ શરૂ થયો હતો. દિવસભરના અસહ્ય ઉકળાટ અને કાળઝાળ ગરમી બાદ આવેલા આ વરસાદથી હવામાં ઠંડક પ્રસરી ગઈ હતી, પરંતુ વાવાઝોડા જેવા જોરદાર પવનના કારણે શહેરના મોટાભાગના વિસ્તારોમાં વીજ પુરવઠો સંપૂર્ણપણે ખોરવાઈ ગયો હતો.



આ અચાનક બદલાવને કારણે માર્ગો પરથી પસાર થઈ રહેલા રાહદારીઓ અને દ્વિચક્રીય વાહનચાલકો ભારે મુશ્કેલીમાં મુકાયા હતા. તીવ્ર પવનને લીધે હવામાં ધૂળ ઉડતા વિઝિબિલિટી ખૂબ ઓછી થઈ ગઈ હતી, જેના કારણે વાહનચાલકોને વાહન ચલાવવામાં હાલાકી વેઠવી પડી હતી અને પાવર કટ થવાના લીધે સ્થાનિક જનજીવન વ્યાપકપણે પ્રભાવિત થયું હતું.

### દાહોદ પોલીસ અધિક્ષક રવિરાજસિંહ જાડેજાના હસ્તે

## મૃતક પોલીસકર્મીના પરિવારને SBI તરફથી રૂપિયા 1 કરોડનો ચેક એનાયત

ઝાલોદ, પંકજ પંડિત

દાહોદ જિલ્લા પોલીસ દળમાં ફરજ બજાવતા પોલીસ કોન્સ્ટેબલ સ્વર્ગસ્થ જિતેન્દ્રભાઈ સોમાભાઈ મછાર (રહે. ઝાભપૂર્વ, તા. સુખસર, જી. દાહોદ)નું ફરજ દરમિયાન માર્ગ અકસ્માતમાં દુઃખદ અવસાન થયું હતું. તેમના નિધન બાદ પરિવાર આર્થિક અને માનસિક સંકટમાંથી પસાર થઈ રહ્યો હતો. ત્યારે ગુજરાત રાજ્ય પોલીસ વડા અને સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (SBI) વચ્ચે થયેલા એમ.ઓ.યુ.ના અનુસંધાનમાં મૃતક પોલીસકર્મીના પરિવારને રૂ. 1 કરોડની સહાયરૂપ રકમનો ચેક એનાયત કરવામાં આવ્યો હતો.

ગુરુવારના રોજ યોજાયેલા કાર્યક્રમમાં દાહોદ જિલ્લા પોલીસ અધિક્ષક રવિરાજસિંહ જાડેજાની અધ્યક્ષતામાં સ્વ. જિતેન્દ્રભાઈ મછારના પત્નીને SBI બેંક તરફથી મળવાપાત્ર લાભનો રૂ. 1 કરોડનો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો. કાર્યક્રમ દરમિયાન જિલ્લા પોલીસના અધિકારીઓ અને SBIના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

આર્થિક સહાય તરીકે મળેલી રૂ. 1 કરોડની રકમ મૃતકના પરિવાર માટે ભવિષ્યમાં મહત્વપૂર્ણ આધારરૂપ બનશે. બાળકોના શિક્ષણ, આરોગ્ય, ઘરખર્ચ તેમજ અન્ય જીવન જરૂરી જરૂરિયાતોની પૂર્તિ માટે આ સહાય આશીર્વાદરૂપ સાબિત થશે. પરિવારના મુખ્ય કમાઉ સભ્યના અવસાન બાદ ઊભી થયેલી આર્થિક અનિશ્ચિતતા દૂર કરવામાં પણ આ રકમ ઉપયોગી બનશે.

દાહોદ જિલ્લા પોલીસ અધિક્ષક રવિરાજસિંહ જાડેજા એ આ પ્રસંગે તેમણે સ્વ. જિતેન્દ્રભાઈ મછારના પરિવારને સાંત્વના પાઠવતા જણાવ્યું હતું કે પોલીસકર્મીઓ સમાજ અને કાયદો-વ્યવસ્થાની જાળવણી માટે પોતાના જીવનનું જોખમ ઉઠાવી ફરજ બજાવે છે. આવા કર્મયોગીઓના પરિવારોની ચિંતા કરવી અને તેમને જરૂરી સહાય પહોંચાડવી એ પોલીસ વિભાગની જવાબદારી છે.

ગુજરાત રાજ્ય પોલીસ અને SBI વચ્ચે થયેલા એમ.ઓ.યુ.ના કારણે ફરજ દરમિયાન અવસાન પામતા પોલીસકર્મીઓના પરિવારોને તાત્કાલિક અને નોંધપાત્ર આર્થિક સહાય ઉપલબ્ધ થઈ રહી છે.

આ યોજના પોલીસ કર્મચારીઓ અને તેમના પરિવારજનોમાં સુરક્ષા અને વિશ્વાસની ભાવના મજબૂત બનાવે છે તેમજ કર્મચારીઓના મનોબળમાં વધારો કરે છે.

આ સમગ્ર કાર્યક્રમ પોલીસ પરિવાર પ્રત્યેની સંવેદના, માનવતા અને કર્મચારી કલ્યાણના મૂલ્યોને ઉજાગર કરતો યાદગાર પ્રસંગ બની રહ્યો હતો.

## મીઠીબોર ગામેથી વિદેશી દારૂ મળી 1028904નો મુદ્દામાલ ઝોઝ પોલીસ દ્વારા ઝડપી પાડવામાં આવ્યો

છોટા ઉદેપુર, ઇમરાન મિર્ઝા

મીઠીબોર ગામે ખાતેથી ભારતીય બનાવટનો વિદેશી દારૂ ૭,૨૮,૯૦૪/- નો પ્રોહીબીશન મુદામાલ તથા મહિન્દ્રા બોલેરો પિકઅપની કિંમત ૩,૦૦,૦૦૦/- મળી કુલ ૧૦,૨૮,૯૦૪/- નો પ્રોહીબીશનનો મુદ્દામાલ ઝોઝ પોલીસે ઝડપી પાડ્યો. છોટાઉદેપુર જિલ્લા પોલીસ અધિક્ષક દ્વારા સમગ્ર જિલ્લામાં પ્રોહીબીશન પ્રવુતિ નેસ્ત નાબૂદ કરવા તેમજ પ્રોહિબીશનના કાયદાનો કડક અમલ થાય તે મુજબ કાર્યવાહી કરવાની જરૂરી સુચનાઓ આપવામાં આવેલ. જેના આધારે જે.ડી.વસાવા પોલીસ ઈન્સ્પેકટર તેમજ પોલીસ સબ ઈન્સ્પેકટર ઝોઝ પોલીસ સ્ટેશનના સ્ટાફના પોલીસ કર્મચારીઓ સાથે ઝોઝ પોલીસ સ્ટેશનના મીઠીબોર આઉટ પોસ્ટ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન બાતમી મળેલ કે, મીઠીબોર ગામે રહેતા "ભીખાભાઈ હેમસીંગભાઈ ઉર્ફે ભલજીભાઈ રાઠવા'નાઓ મીઠીબોર હાઈસ્કૂલ નજીક આવેલ પોતાના ઘરની બાજુમાં આવેલ તેઓના પતરાના સેડ નીચે દારૂ ભરેલ પીકઅપ ડાલુ મુકી રાખેલ છે તેના આધારે તપાસ કરતા મહીન્દ્રા કંપનીની બોલેરો પીકઅપ ગાડીના ડાલામાં ભારતીય બનાવટના દારૂના ટીન બીયરની પેટીઓ નંગ-૧૨૧ જેમા કુલ ટીન બીયર નંગ-૨૯૦૪ જેની કીંમત .૭,૨૮,૯૦૪/- નો પ્રોહીબીશન મુદ્દામાલ અને મહીન્દ્રા કંપનીની બોલેરો પીક અપ ની કીંમત ૩,૦૦,૦૦૦/- તથા આરોપીના ઘરમાંથી કબજે કરેલ કંકોત્રીઓ નંગ-૦૨ તથા લાઈટબીલ નંગ-૦૧ મળી.

### પિતાની નજર સામે પુત્રનું કરુણ મોત!

## કાળમુખો અકસ્માત : સિમેન્ટના થાંભલા ભરેલી ટ્રકે ટ્રેક્ટરને કચડ્યું

છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા

છોટાઉદેપુર પંથકમાં કાળજું કંપાવી દે તેવી એક ભયાનક માર્ગ અકસ્માતની ઘટના સામે આવી છે. છોટાઉદેપુરના ઘેલવાંટ આશ્રમશાળા નજીક સિમેન્ટના ભારેખમ થાંભલા ભરીને પસાર થઈ રહેલી એક બેફામ ટ્રકે ટ્રેક્ટરને જોરદાર અડફેટે લીધું હતું. અકસ્માત એટલો ગંભીર હતો કે ટ્રક ચાલકે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવતા આખી ટ્રક ટ્રેક્ટર પર ચઢી ગઈ હતી. આ ગોઝારા અકસ્માતમાં ટ્રેક્ટરમાં સવાર પુત્રનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું, જ્યારે પિતા ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે.

મળતી માહિતી મુજબ, પિતા અને પુત્ર બંને પોતાના ટ્રેક્ટરમાં ડીઝલ પુરાવવા માટે નીકળ્યા હતા, ત્યારે ઘેલવાંટ આશ્રમશાળા પાસે પાછળથી આવતી મોત સમાન ટ્રકે તેઓને કચડી નાખ્યા હતા.

અકસ્માતને પગલે આસપાસના લોકો તાત્કાલિક બચાવ કામગીરી માટે દોડી આવ્યા હતા. ઈજાગ્રસ્ત પિતાને લોહીલુહાણ હાલતમાં તાત્કાલિક સારવાર અર્થે છોટાઉદેપુરની જનરલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે, જ્યાં તેમની હાલત નાજુક હોવાનું ચર્ચાઈ રહ્યું છે. જ્યારે મૃતક પુત્રના શબને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપવામાં આવ્યો છે.

આ દુર્ઘટનાને પગલે મૃતકના પરિવારમાં આક્રંદ મચી ગયો છે. પરિવારજનોએ ગંભીર આક્ષેપ કરતા જણાવ્યું છે કે, અકસ્માત સર્જનાર ટ્રક ચાલક ભારે નશાની હાલતમાં હતો, જેથી આ મામલે પોલીસ યોગ્ય ન્યાયિક તપાસ કરે તેવી માંગ ઉઠી છે.

ઘટનાની જાણ થતાં જ છોટાઉદેપુર પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો અને ટ્રક ચાલક સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### બોડેલી પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી

## ચોરાયેલ સ્કોરપીયો સાથે રાજ્ય બહારના એક ઇસમને પકડી પાડતી છોટાઉદેપુર લોકલ ક્રાઇમ બ્રાન્ચ

છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા

છોટાઉદેપુર લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) એ બોડેલી પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ચોરાયેલી સ્કોર્પિયો કાર સાથે એક આરોપીની ધરપકડ કરી મહત્વની સફળતા મેળવી છે. પોલીસે આરોપી પાસેથી અંદાજે રૂ. 9.50 લાખની કિંમતની સ્કોર્પિયો કાર કબજે કરી છે, જ્યારે તેના ત્રણ સાગરિતો હજુ ફરાર હોવાનું જાણવા મળ્યું છે.

મળેલી બાતમીના આધારે એલસીબીની ટીમ અલીરાજપુર-વડોદરા હાઈવે પર ડોન બોસ્કો હાઈસ્કૂલ નજીક વોચમાં હતી. આ દરમિયાન શંકાસ્પદ સ્કોર્પિયો કાર દેખાતા તેને રોકવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. જોકે કાર ચાલકે વાહન ન રોકી ભાગવાનો પ્રયાસ કર્યો હતો. ભાગતી વખતે કાર રોડની બાજુએ પલટી ખાઈ ગઈ હતી. ઘટનામાં ડ્રાઈવર ફરાર થઈ ગયો હતો, જ્યારે બાજુની સીટમાં બેઠેલા એક યુવકને પોલીસે પીછો કરીને ઝડપી પાડ્યો હતો.

પકડાયેલા આરોપીની ઓળખ સુશીલભાઈ મનજીભાઈ જાતે-તોમર (ઉ.વ. 19), રહે. કવછા ટેકરી ફળિયા, તા. કઠ્ઠીવાડા, જી. અલીરાજપુર (મધ્યપ્રદેશ) તરીકે થઈ છે. પોલીસ તપાસ દરમિયાન સ્કોર્પિયો કાર પર રજિસ્ટ્રેશન નંબર ન હોવાનું જણાયું હતું. ચેસીસ અને એન્જિન નંબરના આધારે તપાસ કરતાં વાહનનો રજિસ્ટ્રેશન નંબર GJ-11-CL-4028 હોવાનું બહાર આવ્યું હતું. વધુ તપાસમાં આ કાર જૂનાગઢ જિલ્લાના રહેવાસીની હોવાનું જાણવા મળ્યું હતું.

આરોપીની પૂછપરછ દરમિયાન ખુલાસો થયો હતો કે તેણે પોતાના અન્ય ત્રણ સાગરિતો સાથે મળીને બોડેલી તાલુકાના પીઠા ગામ નજીકથી રાત્રી દરમિયાન સ્કોર્પિયો કારની ચોરી કરી હતી. હાલમાં પોલીસે કમલેશભાઈ ચૌહાણ, ઉમેશભાઈ (અટક અજાણ) અને કરમસીંગભાઈ ચૌહાણ નામના ત્રણ આરોપીઓને વોન્ટેડ જાહેર કરી તેમની શોધખોળ શરૂ કરી છે.

આ બનાવ અંગે બોડેલી પોલીસ સ્ટેશનમાં BNSS કલમ 305(બી) હેઠળ નોંધાયેલા ચોરીના ગુનાનો ભેદ ઉકેલવામાં આવ્યો છે. પોલીસે રૂ. 9.50 લાખની કિંમતની એક સ્કોર્પિયો કાર કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ધાનપુર તાલુકા પંચાયત પર 'આપ'નો કબ્જો : નવા પ્રમુખ તરીકે સોનલબેન ભુરીયાએ પદભાર સંભાળ્યો

દેવગઢ બારીઆ, જાબીર શુક્લા

ધાનપુર તાલુકા પંચાયતમાં રાજકીય ગરમાવા વચ્ચે એક નવો અધ્યાય શરૂ થયો છે. આમ આદમી પાર્ટી (AAP) તરફથી ચૂંટાયેલા સોનલબેન ભુરીયાએ ધાનપુર તાલુકા પંચાયતના નવા પ્રમુખ તરીકે વિધિવત રીતે પોતાનો પદભાર સંભાળી લીધો છે. આ પદગ્રહણ પ્રસંગે આમ આદમી પાર્ટીના વરિષ્ઠ આગેવાનો, ઉત્સાહી કાર્યકરો અને મોટી સંખ્યામાં સ્થાનિક સમર્થકો ખાસ ઉપસ્થિત રહ્યા હતા.




પદભાર ગ્રહણ કર્યા બાદ પત્રકારો સાથેની વાતચીતમાં નવા પ્રમુખ સોનલબેન ભુરીયાએ તાલુકાના સર્વાંગી વિકાસ માટે પોતાની મક્કમ પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. તેમણે જણાવ્યું હ

'મારી પ્રાથમિકતા તાલુકા પંચાયતના માધ્યમથી અંતરિયાળ અને ગ્રામ્ય વિસ્તારો સુધી વિકાસના કાર્યો પહોંચાડવાની રહેશે. પ્રજાની જે પણ પાયાની સમસ્યાઓ છે, તેનું વહેલામાં વહેલી તકે અને ઝડપી નિરાકરણ લાવવા માટે હું અને મારી ટીમ સતત પ્રયત્નશીલ રહીશું.'

આ પ્રસંગે ઉપસ્થિત 'આપ'ના આગેવાનોએ સોનલબેનને પુષ્પગુચ્છ આપી શુભેચ્છાઓ પાઠવી હતી અને આશા વ્યક્ત કરી હતી કે તેમના સક્ષમ નેતૃત્વમાં ધાનપુર તાલુકાના વિકાસને એક નવી ઊંચાઈ અને દિશા મળશે. સમગ્ર પદગ્રહણ સમારોહ દરમિયાન કાર્યકરોમાં ભારે ઉત્સાહ અને ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. કાર્યક્રમના અંતે ઉપસ્થિત તમામ મહાનુભાવોએ નવા પ્રમુખને અભિનંદન પાઠવી તેમના સફળ કાર્યકાળ માટે મંગલ કામનાઓ કરી હતી.

### થરાદ પોલીસ સ્ટેશન વિસ્તારના ખોરડા ગામની સીમમાં

## દારૂની મોટી હેરાફેરીનો ભંડાફોડ: ₹6.35 લાખના મુદ્દામાલ સાથે એક આરોપી ઝડપાયો

થરાદ, પ્રધાનજી ઠાકોર

થરાદ પોલીસ સ્ટેશન વિસ્તારના ખોરડા ગામની સીમમાં થરાદ-ડીસા રોડ પરથી એલ.સી.બી. વાવ-થરાદની ટીમે દારૂની હેરાફેરીનો પર્દાફાશ કરી કુલ 6,35,528ના મુદ્દામાલ સાથે એક આરોપીની ધરપકડ કરી છે. બનાસકાંઠા રેન્જના પોલીસ મહાનિરીક્ષક શ્રી પરીક્ષિતા રાઠોડ તથા વાવ-થરાદ જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી ચિંતન તેરૈયાના માર્ગદર્શન હેઠળ જિલ્લામાં પ્રોહિબિશન અને જુગાર જેવી ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સામે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. આ અનુસંધાને એલ.સી.બી. વાવ-થરાદના પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી એ.પી. ચૌધરીના



માર્ગદર્શન હેઠળ પોલીસ સ્ટાફ પેટ્રોલિંગમાં હતો.

દરમિયાન ખોરડા ગામની સીમમાં થરાદથી ડીસા તરફ જતાં માર્ગ પર એક શંકાસ્પદ પીકઅપ ડાલાને રોકી તપાસ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન ઘઉં અને બાજરીના કટ્ટાઓની આડમાં છુપાવી રાખેલો ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે 204 બોટલ વિદેશી દારૂ કિંમત 1,11,528, પીકઅપ ડાલું કિંમત 5 લાખ, મોબાઈલ ફોન કિંમત 5 હજાર અને ઘઉં-બાજરીના 19 કટ્ટા કિંમત 19 હજાર મળી કુલ 6,35,528નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

આ કેસમાં પોલીસે દિનેશકુમાર ભુરારામ ફોજારામ ચૌધરી (પટેલ), રહેવાસી છજારા, તાલુકો સાંચોર, જિલ્લો જાલોર (રાજસ્થાન)ની ધરપકડ કરી છે. ઉપરાંત દારૂનો જથ્થો મંગાવનાર અન્ય એક શખ્સ સામે પણ થરાદ પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

પોલીસ દ્વારા દારૂની હેરાફેરી સામે સતત કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે, જેના કારણે જિલ્લામાં ગેરકાયદેસર પ્રવૃત્તિઓ પર નિયંત્રણ લાવવાના પ્રયાસોને વધુ બળ મળ્યું છે.

## ખનિજ ચોરો પર ત્રાટક્યું તંત્ર : કાલોલ, ગોધરા અને મોરવા હડફમાંથી ગેરકાયદેસર વાહનો સીઝ કરાયા

ગોધરા, ફિરદોસ ગુણીયા

પંચમહાલ જિલ્લા ખાણ-ખનિજ વિભાગે ગેરકાયદેસર ખનિજ ચોરી અને વહન સામે કડક કાર્યવાહી કરીને ૧ જેસીબી (JCB) મશીન, ૧ ટ્રક અને ૨ ટ્રેક્ટર સહિત કુલ ચાર વાહનો જપ્ત કર્યા છે. જુદા-જુદા વિસ્તારોમાં કરાયેલી આ આકસ્મિક કાર્યવાહી દરમિયાન તંત્ર દ્વારા કુલ ૯૦ લાખથી વધુનો મુદ્દામાલ કબજે લેવામાં આવ્યો છે. આ રેડ અંતર્ગત કાલોલ તાલુકાના




નેસડા ગામે ગેરકાયદેસર ખોદકામ કરતા એક જેસીબી મશીનને સીઝ કરાયું હતું. જ્યારે ગોધરાની પરવડી ચોકડી પાસેથી ઓવરલોડ સાદી રેતી ભરેલો ૧ ટ્રક અને મોરવા હડફના સાલિયા ગામ પાસેથી રોયલ્ટી પાસ વિના રેતીનું વહન કરતા ૨ ટ્રેક્ટર ઝડપી પાડવામાં આવ્યા હતા. ખાણ-ખનિજ વિભાગની આ કડક ઝુંબેશના કારણે જિલ્લાના ખનિજ માફિયાઓમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

## સાબરકાંઠાના ઈડરમાં રખડતા આખલાઓના ત્રાસનો વધુ એક બનાવ સામે આવ્યો : ફ્રુટ વિક્રેતા ઘાયલ થયો

### આખલાઓ લડતા લડતા લારી તરફ ધસી આવ્યા હતા અને રાજુભાઈ તેમજ તેમની લારીને અડફેટે લીધી હતી, આજુબાજુના વેપારીઓએ 108 એમ્બ્યુલન્સ બોલાવી રાજુભાઈને ઈડરની સરકારી હોસ્પિટલમાં ખસેડ્યા હતા..

ઈડર, જાકીર મેમણ

રખડતા પશુઓ પર અંકુશની માંગઈડરમાં રખડતા આખલાઓના ત્રાસનો વધુ એક બનાવ સામે આવ્યો છે. ગઈકાલે રાત્રે ઈડરના ખરીદ વેચાણ સંઘ પાસે ફ્રુટની લારી ચલાવતા રાજુભાઈ મણીલાલ પટણીને બે આખલાઓએ અડફેટે લીધા હતા. આ ઘટનામાં રાજુભાઈ ગંભીર રીતે ઘાયલ થયા હતા અને તેમને વધુ સારવાર માટે અમદાવાદ ખસેડવામાં આવ્યા છે.



પ્રાપ્ત માહિતી અનુસાર, ઈડર રેલવે સ્ટેશન રામેશ્વર તળાવ પાસે રહેતા રાજુભાઈ પટણી રાત્રે આઠ વાગ્યાની આસપાસ પોતાની ફ્રુટની લારી પર ઊભા હતા. તે સમયે બે આખલાઓ લડતા લડતા લારી તરફ ધસી આવ્યા હતા અને રાજુભાઈ તેમજ તેમની લારીને અડફેટે લીધી હતી.આજુબાજુના વેપારીઓએ તાત્કાલિક 108 એમ્બ્યુલન્સ બોલાવી રાજુભાઈને ઈડરની સરકારી હોસ્પિટલમાં ખસેડ્યા હતા. પ્રાથમિક સારવાર બાદ તેમને હિંમતનગર સિવિલ હોસ્પિટલ રિફર કરાયા હતા, જ્યાં ડોક્ટરોએ તેમને મગજમાં હેમરેજ હોવાનું જણાવ્યું હતું. તેમની ગંભીર હાલત જોતા તેમને વધુ સારવાર માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે, જ્યાં તેમની હાલત હજુ પણ નાજુક હોવાનું જાણવા મળ્યું છે.ઈડર શહેરમાં છેલ્લા કેટલાક સમયથી રખડતી ગાયો અને આખલાઓનો ત્રાસ સતત વધી રહ્યો છે. શહેરના બસ સ્ટેન્ડથી લઈને સત્યમ ચોકડી સુધી અને મુખ્ય બજારમાં પણ રખડતા પશુઓનો જમાવડો જોવા મળે છે, જેના કારણે રાહદારીઓ અને વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે.



### જેડબ્લ્યુ બ્રાન્ડ મેરિયટની પહેલી ગ્લોબલ બ્રાન્ડ એમ્બેસેડર બની

# ઐશ્વર્યા રાયે મેળવી મોટી સિદ્ધિઃ ઇન્ટરનેશનલ બ્રાન્ડની બની પહેલી ગ્લોબલ બ્રાન્ડ એમ્બેસેડર

મુંબઇ

બોલીવુડની બ્યુટીફૂલ એક્ટ્રેસ અને બચ્ચન પરિવારની બહુરાની ઐશ્વર્યા રાય-બચ્ચન હાલમાં જ કાન ફિલ્મ ફેસ્ટિવલમાં પોતાના લૂકથી લાઈમલાઈટ લૂંટી લીધી હતી. જોકે, છેલ્લાં કેટલાક સમયની વાત કરીએ તો ઐશ્વર્યા રાય-બચ્ચન ફિલ્મની ઝાકઝમાળથી દૂર દીકરી સાથે સમય પસાર કરી રહી છે. વિશ્વ સુંદરી ઐશ્વર્યા રાય બચ્ચન પોતાના ગ્લેમર અને ટેલેન્ટ દ્વારા લોકોના દિલ જીતી ચુકી છે ત્યારે ઐશ્વર્યાના હાથ વધુ એક મોટો પ્રોજેક્ટ લાગ્યો છે. ચાલો જોઈએ શું છે આ ખાસ પ્રોજેક્ટ...

મળતી માહિતી અનુસાર બોલીવૂડ એક્ટ્રેસ ઐશ્વર્યા રાય બચ્ચન તાજેતરમાં જ જેડબ્લ્યુ બ્રાન્ડ મેરિયટની પહેલી ગ્લોબલ બ્રાન્ડ એમ્બેસેડર બની છે. તેણે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને પોતાના ફેન્સ સાથે આ ગુડન્યુઝ શેર કર્યા હતા. ઐશ્વર્યા સોશિયલ મીડિયા પર ખુબ ઓછી એકટીવ રહે છે, પરંતુ જયારે પણ તે કોઈ પોસ્ટ શેર કરે છે, ત્યારે તેની એ પોસ્ટ મિનિટોમાં વાઈરલ થઈ જતી હોય છે. તાજેતરમાં જ બચ્ચન પરિવારની બહુરાની ઐશ્વર્યા રાય બચ્ચને પોતાના કરિયરની એક વધારે સિદ્ધિ હાંસલ કરી હતી. ઐશ્વર્યાએ જેડબ્લ્યુ મેરિયટની ગ્લોબલ બ્રાન્ડ એમ્બેસેડર બનતા તેણે આ ખુશખબર તેના ચાહકો સાથે શેર કરી હતી. આ ખુશી વ્યક્ત કરતાં તેણે લખ્યું હતું કે, હું હંમેશાથી માનું છું કે જિંદગીની સાચી મજા એ પળોમાં છુપાયેલી હોય છે જેને આપણે દિલથી જીવીએ છે, આ પળો આપણી યાદોનો ભાગ બની જાય છે. ઐશ્વર્યા રાય-બચ્ચને પોતાની પોસ્ટમાં આગળ એવું પણ જણાવ્યું હતું કે જેને આપણે હંમેશા સાચવીને રાખીએ છીએ. મને ખુબ જ ગર્વ થઇ રહ્યો છે, કે હું જેડબ્લ્યુ બ્રાન્ડ મેરિયટની પહેલી ગ્લોબલ બ્રાન્ડ એમ્બેસેડરના રૂપમાં જોડાઈ રહી છું, જેનો મને વિશેષ આનંદ છે. અત્રે ઉલ્લેખનીય છે કે ઐશ્વર્યા રાય-બચ્ચન છેલ્લાં કેટલાક સમયથી બચ્ચન પરિવારની દૂર પોતાની માતાના ઘરે દીકરી આરાધ્યા બચ્ચન સાથે રહે છે. હાલમાં જ ઐશ્વર્યા રાય-બચ્ચન કાન ફિલ્મ ફેસ્ટિવલ પહોંચી હતી, જ્યાં તેણે પોતાના લૂકથી તેના ફેન્સ જ નહીં પણ વિદેશી ફોટોગ્રાફર્સને પણ ઘેલું લગાવ્યું હતું. બોલીવુડની બ્યુટીફૂલ એક્ટ્રેસ અને બચ્ચન પરિવારની બહુરાની ઐશ્વર્યા રાય-બચ્ચન હાલમાં જ કાન ફિલ્મ ફેસ્ટિવલમાં પોતાના લૂકથી લાઈમલાઈટ લૂંટી લીધી હતી. જોકે, છેલ્લાં કેટલાક સમયની વાત કરીએ તો ઐશ્વર્યા રાય-બચ્ચન ફિલ્મની ઝાકઝમાળથી દૂર દીકરી સાથે સમય પસાર કરી રહી છે. વિશ્વ સુંદરી ઐશ્વર્યા રાય બચ્ચન પોતાના ગ્લેમર અને ટેલેન્ટ દ્વારા લોકોના દિલ જીતી ચુકી છે.


**ઐશ્વર્યા રાય-બચ્ચન છેલ્લાં કેટલાક સમયથી બચ્ચન પરિવારની દૂર પોતાની માતાના ઘરે દીકરી આરાધ્યા બચ્ચન સાથે રહે છે.**

# પ્રોડ્યુસર પહલાજ નિહલાનીનું 76 વર્ષની ઉંમરે નિધન

## ગોવિંદાને બનાવ્યો સુપરસ્ટાર, 'શોલા ઔર શબનમ'-'આંખે' જેવી ફિલ્મો આપી; અંતિમ દર્શન માટે પહોંચ્યાં સેલેબ્સ

મુંબઇ

ફિલ્મ નિર્માતા અને સેન્ટ્રલ બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશન (CBFC)ના ભૂતપૂર્વ અધ્યક્ષ, પહલાજ નિહલાણીનું 76 વર્ષની વયે અવસાન થયું છે. તેઓ છેલ્લા કેટલાક સમયથી બીમાર હતા અને લીવરની સમસ્યાથી પીડાતા હતા. પહલાજના એક નજીકના મિત્રએ જણાવ્યું હતું કે, તેમને ગઈકાલે રાત્રે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા અને આજે સવારે તેમનું અવસાન થયું. તેઓ લીવરની સમસ્યાથી પીડાતા હતા નિહલાની હિન્દી ફિલ્મ ઉદ્યોગમાં એક જાણીતી વ્યક્તિ હતા. તેઓ દેશની ફિલ્મ સર્ટિફિકેશન સંસ્થાના ભૂતપૂર્વ વડા હતા. તેમણે "આંખેં," "અંદાઝ," "તલાશ," "રંગીલા રાજા," અને "જુલી 2" સહિત અનેક બોલિવૂડ ફિલ્મોનું નિર્માણ કર્યું. નિર્માતા તરીકે, નિહલાની વિવિધ શૈલીઓમાં અસંખ્ય વ્યાપારી હિન્દી ફિલ્મોમાં સામેલ હતા. ફિલ્મ ઉદ્યોગમાં તેમનું યોગદાન ઘણા દાયકાઓ સુધી ફેલાયેલું છે. પહલાજ નિહલાનીએ 2015 થી 2017 દરમિયાન CBFC ના ચેરમેન તરીકે સેવા આપી હતી, આ કાર્યકાળ સેન્સરશીપ અને ફિલ્મ સર્ટિફિકેશનને લગતા વિવાદોને કારણે વારંવાર હેડલાઇન્સમાં રહ્યો હતો. બોર્ડમાં તેમના કાર્યકાળ દરમિયાન, તેમના ઘણા નિર્ણયોએ ફિલ્મ ઉદ્યોગમાં ચર્ચા જગાવી હતી, જેના કારણે તેઓ તાજેતરના વર્ષોમાં સૌથી વધુ ચર્ચિત CBFC ચેરમેન બન્યા હતા. નિહલાનીએ 1980ના દાયકાની શરૂઆતમાં ફિલ્મ નિર્માતા તરીકે પોતાની કારકિર્દીની શરૂઆત કરી હતી. તેમની પહેલી ફિલ્મ, "હથકડી" 1982 માં રિલીઝ થઈ હતી, ત્યારબાદ 1985માં "આંધી તૂફાન" આવી હતી. 1986માં, તેમણે "ઈલ્ઝામ"નું નિર્માણ કર્યું, જે ફિલ્મ ગોવિંદાના અભિનયની શરૂઆત હતી. પહલાજ નિહલાનીને 5 વર્ષ પહેલા લોહીની ઊલટીઓ થઈ હતી, જેના પછી તેઓ 28 દિવસ સુધી મુંબઈની નાણાવટી હોસ્પિટલમાં દાખલ રહ્યા હતા. તેમણે એક ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે, 'એક રાત્રે અચાનક 3 વાગ્યે મને બેચેની થવા લાગી અને લોહીની ઊલટીઓ પણ થઈ.




# માલદીવ્સમાં વેકેશન એન્જોય કરી રહી છે અભિનેત્રી સોહા અલી ખાન

## સોહા અલીખાને માલદીવ્યના વેકેશનના વીડિયો શૅર કર્યા છે. આ ફોટોમાં તે પૂલમાં પોતાની દીકરી ઈનાયા સાથે ચિલ કરતી જોવા મળી હતી

મુંબઇ

એક્ટ્રેસ સોહા અલીખાન પોતાના પતિ કૃણાલ ખેમું સાથે વેકેશન એન્જોય કરી રહી છે. આ વેકેશનના કેટલાક ફોટો તેમણે શૅર કર્યા છે. આ ફોટોમાં એમનો એક બોલ્ડ લૂક જોવા મળ્યો છે. સૈફ અલીખાનની બહેન અને એક્ટ્રેસ સોહા અલીખાન હાલમાં ફેમિલી વેકેશન એન્જોય કરી રહી છે. સોહા અલીખાને માલદીવ્યના વેકેશનના વીડિયો શૅર કર્યા છે. આ ફોટોમાં તે પૂલમાં પોતાની દીકરી ઈનાયા સાથે ચિલ કરતી જોવા મળી હતી. પતિ કૃણાલ સાથે હાલમાં તે ક્વોલિટી ટાઈમ પસાર કરી રહી છે. માલદીવ્સમાં વેકેશન મૂડ માલદીવ્સના વેકેશન પર સોહા અલીખાને ગ્રીન કલરની મોનોકની પહેરી છે. દીકરી અને પતિ સાથે પૂલમાં મસ્તી કરી રહી છે. નારિયેળ પાણી પીને વોટર એક્ટિવિટી પણ કરી હતી. આ સિવાય એક ફોટોમાં તે બ્લેક કલરની બિકિનીમાં જોવા મળી હતી. 47 માં વર્ષે પણ એમનું બોડી પર્ફેક્ટ બિકિની બોડી લાગી રહ્યું છે. એક લાંબા સમય બાદ એનો બોલ્ડ અંદાજ જોવા મળ્યો હતો. બ્લેક બિકિની સાથે બ્લેક કલરના સનગ્લાસ પણ પહેર્યા હતા. મેકઅપ વગર પણ તે સ્ટનિંગ લાગી રહી છે. વેકેશન એન્જોયમેન્ટની તેણે એક મસ્ત રીલ્સ બનાવી હતી. જેમાં એની તમામ એક્ટિવિટીની ઝલક જોવા મળી હતી. સોહાનો બિકિની અવતાર જોઈને ફેન્સ ચોંકી ગયા હતા. કોમેન્ટ સેક્શનમાં ફેન્સ દિલ ખોલીને એમની પોસ્ટ પર કોમેન્ટ કરી રહ્યા છે. સેબેલ્સ પ્રત્યે પોતાનો પ્રેમ વરસાવી રહ્યા છે. ફેન્સનું એવું કહેવું છે કે, સ્વેગ અને બ્યૂટીના મામલે તે કરીના કપૂરને પણ ટક્કર મારી શકે છે. ફિલ્મોની સાથે વેબસીરિઝમાં પણ કામ કર્યા બાદ તેમણે એક બ્રેક લીધો છે.હવે તે પોતાની પોડકાસ્ટ ચેનલ ચલાવી રહી છે. પ્રોફેશનલ લાઈફના બદલે તે આ વખતે પર્સનલાઈફને લઈને ચર્ચામાં રહી છે. કૃણાલ ખેમુની વાત કરવામાં આવે તો તે રોહિત શેટ્ટીની ફિલ્મ ગોલમાલની સીરિઝમાં એક નવા અંદાજમાં જોવા મળશે.ઓટીટીની દુનિયમાં કૃણાલની વેબસીરિઝ અભય સુપરહિટ રહી હતી. એક્ટ્રેસ સોહા અલીખાન પોતાના પતિ કૃણાલ ખેમું સાથે વેકેશન એન્જોય કરી રહી છે. આ વેકેશનના કેટલાક ફોટો તેમણે શૅર કર્યા છે.





# ભોજપુરી એક્ટ્રેસ સંભાવના શેઠના ઘરે એકસાથે બે કિલકારીઓ ગૂંજી, દસ વર્ષે મળ્યા ગૂડ ન્યૂઝ

## બંન્નેની તબિયત સારી છે અને સંભાવનાની તબિયત પણ સારી છે

મુંબઇ

ભોજપુરી ફિલ્મની જાણીતી એક્ટ્રેસ સંભાવના શેઠ 10 વર્ષથી જે ગૂડ ન્યૂઝની રાહ જોઈને બેઠી હતી એ ન્યૂઝ આખરે મળી ગયા છે. 45 વર્ષની સંભાવનાએ જોડિયા બાળકોને જન્મ આપ્યો છે. આ ખુશી તેમણે પોતાના પતિ અવિનાશ સાથે શેર કરી છે. એક દીકરી અને એક દીકરાને જન્મ આપ્યો છે. બંન્નેની તબિયત સારી છે અને સંભાવનાની તબિયત પણ સારી છે. સોશિયલ મીડિયા પર પોસ્ટ મૂકીને તેમણે આ ન્યૂઝ પોતાના સોશિયલ મીડિયા ફેન્સ સાથે શૅર કર્યા છે. આ વર્ષે મહાદિવાળી આવશે.

સંભાવના અને અવિનાશે કોલાબ પોસ્ટ મૂકીને આ વાત જણાવી છે. આ પોસ્ટમાં લખ્યું છે કે, પ્રભુએ અમને એક દીકરી અને દીકરો આપ્યા, અમે જોડિયા બાળકોના માતા-પિતા બન્યા છીએ. આ વર્ષે મહાદિવાળી ઝડપથી આવશે. લક્ષ્મી અને ગણેશ બન્ને ઘરે પધારશે. અમારૂ દિલ કૃતજ્ઞતાથી ભરાઈ ગયું છે. હર હર મહાદેવ. ફેન્સે જ નહીં પણ સેલેબ્સે પણ સંભાવનાને શુભેચ્છાઓ પાઠવી છે. ગોવિદાની પત્ની સુનીતા આહુજાએ અને અક્ષરા સિંહથી લઈને જેમી લીવર, પાખી હેગડે અને ફ્લોરા સૈનીએ શુભેચ્છાઓ પાઠવી છે. દસ વર્ષ સુધી સંતાન માટે સ્ટ્રગલ કર્યા બાદ તેમને આ ખુશી મળી છે. બાળકોની ઝલક જોઈને સંભાવનાની આંખમાંથી આસું સરી પડ્યા હતા. પતિ અવિનાશે એમને સંભાળી હતી. સરોગસી પ્રક્રિયાની મદદથી સંભાવના માતા બની છે. એક ભાવુક તસવીર સોશિયલ મીડિયા પર શૅર પણ કરવામાં આવી છે, જેમાં તે ભગવાનનો આભાર વ્યક્ત કરતી જોવા મળે છે. IVFની મદદ પણ લેવામાં આવી હતી પણ સાત વખત નિષ્ફળ થયા બાદ તે તૂટી ગઈ હતી. આખરે દસ વર્ષે એમને ત્યાં ગૂડ ન્યૂઝ આવતા પરિવારમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. 30 એપ્રિલ 2026ના બન્નેએ સોશિયલ મીડિયા પોસ્ટ મૂકીને પોતે ગર્ભવતી છે એવું એલાન કર્યું હતું. પતિ સાથે એક પોસ્ટર હાથમાં પકડીને ફોટો ક્લિક કરાવ્યો હતો,જેના કેપ્શનમાં લખ્યું હતું કે, 'અમે પ્રેગ્નન્ટ છીએ'. નવા મહેમાનું ઘરમાં પણ જોરશોરથી સ્વાગત થાય એ માટે તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. થોડા સમય સુધી સંતાન ઉછેરમાં સમય આપ્યા બાદ તે ફરી કોઈ ફિલ્મી પ્રોજેક્ટમાં એક્ટિવ થઈ શકે છે. IVFની મદદ પણ લેવામાં આવી હતી પણ સાત વખત નિષ્ફળ થયા બાદ તે તૂટી ગઈ હતી.

# રામ ચરણ અને જહાન્વી કપૂરની 'પેડ્ડી'નો ધમાકો, ઓપનિંગ ડે પર જ કરી કરોડોની કમાણી...

મુંબઇ

સાઉથ ઈન્ડિયન ફિલ્મ ઈન્ડસ્ટ્રીના ગ્લોબલ સુપરસ્ટાર રામ ચરણ અને બોલીવૂડની બ્યુટીફૂલ એક્ટ્રેસ જહાન્વી કપૂર સ્ટારર મોસ્ટ અવેટેડ ફિલ્મ પેડ્ડી (Peddi) આખરે થિયેટર્સમાં રીલિઝ થઈ ચૂકી છે. રિલીઝના પહેલાં જ દિવસે આ ફિલ્મે બોક્સ ઓફિસ પર ધમાકેદાર પ્રદર્શન કરીને કમાણીના નવા રેકોર્ડ તરફ કદમ વધાર્યા છે. રેસલિંગના બેકગ્રાઉન્ડ પર બનેલી આ ફિલ્મને દર્શકો અને ક્રિટિક્સ તરફથી શાનદાર પ્રતિસાદ મળી રહ્યો છે અને બોક્સ ઓફિસ પર ફિલ્મે ધૂઆંધાર કમાણી કરી રહી છે.

બોક્સ ઓફિસ રિપોર્ટ અનુસાર, 'પેડ્ડી'એ ઓપનિંગ ડે પર સાંજે ચાર વાગ્યા સુધીમાં જ ભારતીય બજારમાં 20.69 કરોડ રૂપિયાનો શાનદાર બિઝનેસ કરી લીધો છે. વાત કરીએ થિયેટરોમાં ફિલ્મની ઓક્યુપન્સી વિશે તો તે 42.6 ટકા જેટલી નોંધાઈ છે. જો અલગ-અલગ ભાષાઓના કલેક્શનની વાત કરીએ તો- હિન્દી વર્ઝનઃ 1.37 કરોડ રૂપિયા, તમિળ વર્ઝનઃ 24 લાખ રૂપિયા, કન્નડ વર્ઝનઃ 12 લાખ રૂપિયા, મલયાલમ વર્ઝનઃ પાંચ લાખ રૂપિયા જોકે, આ તો હજી માત્ર સાંજે ચાર વાગ્યા સુધીના આંકડા છે, ફિલ્મનું ફાઈનલ કલેક્શન રાત્રે 10.30 વાગ્યા સુધીમાં સામે આવશે જે આનાથી ઘણું વધારે હોઈ શકે છે. આ ફિલ્મ એટલા માટે પણ ખાસ છે કારણ કે રામ ચરણ અને બોલીવૂડ એક્ટ્રેસ જહાન્વી કપૂર પહેલીવાર સ્ક્રીન શેર કરી રહ્યા છે. ફિલ્મમાં બંનેની ઓન-સ્ક્રીન કેમિસ્ટ્રીને દર્શકો ખૂબ જ પસંદ કરી રહ્યા છે. જહાન્વી કપૂરે આ ફિલ્મમાં રામ ચરણની લેડી લવનો રોલ પ્લે કર્યો છે અને તેનો સાઉથ ઈન્ડિયન લૂક અને એક્ટિંગ ઓડિયન્સના દિલ જીતી રહ્યા છે. કેવી છે ફિલ્મ 'પેડ્ડી'? દિગ્દર્શક બુચી બાબુ સનાના નિર્દેશનમાં બનેલી 'પેડ્ડી' એક પાવરફુલ સ્પોર્ટ્સ ડ્રામા ફિલ્મ છે. આ ફિલ્મમાં કુસ્તીની રમતની સાથે-સાથે મજબૂત ઈમોશન્સ અને સામાજિક-જાતિગત મુદ્દાઓ પર પણ ઊંડાણપૂર્વક પ્રકાશ પાડવામાં આવ્યો છે. રામ ચરણ અને જહાન્વી ઉપરાંત આ ફિલ્મમાં દિવ્યેન્દુ શર્મા, શિવ રાજકુમાર અને જગપતિ બાબુ જેવા દિગ્ગજ કલાકારો પણ મહત્વની ભૂમિકામાં જોવા મળી રહ્યા છે. શાનદાર વાર્તા અને મજબૂત સ્ટારકાસ્ટના કારણે આ ફિલ્મ વીકેન્ડમાં પણ મોટી કમાણી કરે તેવા પૂરેપૂરી શક્યતા છે.



### દેશમુખ ટાઈટલ રેસમાં ટકી રહી; છઠ્ઠા રાઉન્ડમાં તમામ ભારતીયો હાર્યા હતા

# ટીમ ઈન્ડિયાને મોટો ઝટકો, અફઘાનિસ્તાન સામેની સીરિઝ પહેલા કોહલી ટીમમાંથી બહાર

નવી દિલ્હી

ભારતીય ક્રિકેટ ટીમને આગામી 13 જૂનથી અફઘાનિસ્તાન સામે શરૂ થઈ રહેલી 3 મેચોની વનડે ઈન્ટરનેશનલ સીરિઝ પહેલા એક મોટો આંચકો લાગ્યો છે. ટીમના દિગ્ગજ બેટ્સમેન વિરાટ કોહલી હેમસ્ટ્રિંગ ઈન્જરી (Hamstring Injury) ના કારણે આ આગામી વનડે સીરિઝમાંથી બહાર થઈ ગય? છે. અહેવાલ અનુસાર, કોહલીને આ ઈજા તાજેતરમાં જ સમાપ્ત થયેલી આઈપીએલ 2026ની ફાઈનલ મેચ દરમિયાન થઈ હોવાનું માનવામાં આવી રહ્યું છે.

વિરાટ કોહલીની અફઘાનિસ્તાન સામેની સીરિઝ માટે અગાઉથી જ ટીમમાં પસંદગી થઈ ચૂકી હતી, તેથી હવે ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) એ ટૂંક સમયમાં જ તેમના રિપ્લેસમેન્ટ (વૈકલ્પિક ખેલાડી) ની જાહેરાત કરવી પડશે. જોકે, હજુ સુધી આ અંગે BCCI તરફથી કોઈ સત્તાવાર નિવેદન બહાર આવ્યું નથી. પરંતુ એક સૂત્રએ જાણીતી મીડિયા એજન્સી સામે આ મામલે ફોડ પાડ્યો હોવાની ચર્ચા છે. આઈપીએલ 2026ની ફાઈનલ મેચ દરમિયાન વિરાટ કોહલીએ અંત સુધી બેટિંગ કરીને મેચ ફિનિશ કરી હતી, પરંતુ મેચ દરમિયાન બ્રેક વખતે તેઓ મેદાન પર સૂઈને ફિઝિયો પાસેથી ટ્રીટમેન્ટ લેતા જોવા મળ્યો હતો. માનવામાં આવી રહ્યું છે કે તે જ સમયે તેમને હેમસ્ટ્રિંગની સમસ્યા થઈ હતી અથવા ત્યારબાદ ટ્રેનિંગ સેશન દરમિયાન આ ઈજા વધી ગઈ હોઈ શકે છે.

આઈપીએલ પૂરી થયા બાદ કોહલી વૃંદાવનમાં પ્રેમાનંદ મહારાજના દર્શને ગયો હતો અને ત્યાંથી દિલ્હી થઈને મુંબઈ રવાના થઈ ગયો હતો.




કેપ્ટન રોહિત શર્માની ફિટનેસ પર પણ સવાલ કોહલી સિવાય ભારતીય ટીમ માટે કેપ્ટન રોહિત શર્માની ફિટનેસ પણ ચિંતાનો વિષય બનેલી છે. રોહિતને આ સીરિઝ માટે ટીમમાં પસંદ તો કરાયો છે, પરંતુ તે આઈપીએલની છેલ્લી કેટલીક મેચોમાં માત્ર 'ઈમ્પેક્ટ પ્લેયર' તરીકે રમ્યો હતો અને ઘણી મેચો તેણે મિસ પણ કરી હતી. વિરાટ કોહલી માટે આઈપીએલ 2026ની સીઝન શાનદાર રહી હતી. આરસીબી (RCB) તરફથી રમતા તેણે 16 મેચોમાં 1 સદી સાથે 675 રન બનાવ્યા હતા. ફાઈનલ મેચમાં અણનમ 75 રનની શાનદાર ઈનિંગ રમીને તેઓ 'પ્લેયર ઓફ ધ મેચ' બન્યો હતો અને ટીમને બીજી વખત ચેમ્પિયન બનાવી હતી. નોંધનીય છે કે વિરાટ કોહલી ટેસ્ટ અને ટી20 ઈન્ટરનેશનલ ક્રિકેટમાંથી પહેલેથી જ નિવૃત્તિ લઈ ચૂક્યો છે અને હવે તે માત્ર વનડે ફોર્મેટ જ રમે છે. તેવામાં ફેન્સ તેને ફરી બ્લુ જર્સીમાં જોવા આતુર હતા, પરંતુ હવે ઈજાના કારણે તેણે આ સીરિઝ ગુમાવવી પડી છે.

## ગ્રાન્ડ સ્લેમ ઈતિહાસમાં પહેલીવાર 2 ઈટાલિયન વચ્ચે સેમિફાઈનલ

રોમ

વર્લ્ડ નંબર-1 જૈનિક સિનર અને લોરેન્ઝો મુસેટી બહાર હોવા છતાં ફ્રેન્ચ ઓપનમાં ઈટાલીનું વર્ચસ્વ યથાવત છે. બુધવારે રાત્રે ફ્લાવિયો કોબોલી અને માટેઓ અર્નાલ્ડીએ પોતપોતાની મેચ જીતીને મેન્સ સિંગલ્સની સેમિફાઈનલમાં સ્થાન મેળવી લીધું. હવે શુક્રવારે બંને વચ્ચે સેમિફાઈનલ રમાશે. આ ગ્રાન્ડ સ્લેમ ઈતિહાસની પ્રથમ ઓલ-ઈટાલિયન મેન્સ સેમિફાઈનલ હશે. ઓલ-ઈટાલિયન સેમિફાઈનલ પર કોબોલીએ કહ્યું- 'ઈટાલિયન ટેનિસ માટે આ અત્યંત ખુશીની વાત છે.' ગયા વર્ષે સિનર અને મુસેટી બંને



અંતિમ ચારમાં પહોંચ્યા હતા, પરંતુ ડ્રોના અલગ-અલગ ભાગોમાં હતા. 24 વર્ષીય કોબોલીએ કેનેડાના ફેલિક્સ ઓગર-અલિયાસિમેને 4-6, 6-4, 6-4, 6-4થી હરાવીને અંતિમ-4માં સ્થાન મેળવ્યું. જ્યારે, અર્નાલ્ડીને તેમના જ દેશના માટેઓ બેરેટિનીના ઈજાગ્રસ્ત થઈને મેચ છોડવાથી સેમિફાઈનલની ટિકિટ મળી. બેરેટિની ડાબા હિપની ઈજાથી પીડાઈ રહ્યા હતા અને બીજા સેટમાં પાછળ રહ્યા બાદ મુકાબલામાંથી હટી ગયા.

પુરુષ સિંગલ્સ કેટેગરીની બીજી સેમિફાઈનલ જર્મનીના એલેક્ઝાન્ડર ઝ્વેરેવ અને ચેક ખેલાડી જેકબ મેન્સિક વચ્ચે રમાશે. ઝ્વેરેવે સ્પેનના રાફેલ જોદારને 7-6, 6-1, 6-3 થી હરાવ્યો. જ્યારે, મેન્સિકે બ્રાઝિલના જોઆઓ ફોન્સેકાને 6-4, 6-3, 7-6 થી હરાવ્યો. ફોન્સેકાએ નોવાક જોકોવિચને બહાર કર્યો હતો. સારા એરાની અને આન્દ્રેઆ વાવાસોરી ગુરુવારે મિશ્રિત યુગલ ફાઈનલ રમશે. જ્યારે, વાવાસોરી અને સિમોને બોલેલી પુરુષ યુગલની સેમિફાઈનલમાં પહોંચી ચૂક્યા છે.

### ગંભીર સેમસનને કેપ્ટન બનાવવા માંગતા હતા

# સૂર્યકુમારને બદલે શ્રેયસ અય્યર બનશે કેપ્ટન!

મુંબઈ

ક્રિકેટ જગતમાંથી એક મોટા સમાચાર સામે આવી રહ્યા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, આયર્લેન્ડ અને ઈંગ્લેન્ડ સામે રમાનારી આગામી T20 ઈન્ટરનેશનલ સિરીઝમાં શ્રેયસ અય્યર ભારતીય ટીમનું નેતૃત્વ કરવા માટે સંપૂર્ણપણે તૈયાર છે. આ સાથે જ અક્ષર પટેલના સ્થાને વાઈસ કેપ્ટનની જવાબદારી તિલક વર્માને સોંપવામાં આવી શકે છે. રિપોર્ટ અનુસાર, સૂર્યકુમાર યાદવ અને અક્ષર પટેલને કેપ્ટન્સીના પદ પરથી મુક્ત કરવામાં આવશે. આ અંગે નિર્ણય લેવા માટે BCCIની એપ્સ કાઉન્સિલ આજે ઓનલાઈન બેઠક યોજશે, જેમાં નવા કેપ્ટન અને વાઈસ કેપ્ટનના નામની સત્તાવાર જાહેરાત કરાશે. ગંભીર સેમસનને કેપ્ટન બનાવવા માંગતા હતા ટીમના હેડ કોચ ગૌતમ ગંભીર સંજુ સેમસનને સૂર્યકુમાર યાદવના ઉત્તરાધિકારી તરીકે જોવા માંગતા હતા. જોકે, BCCIના મુખ્ય પસંદગીકાર અજીત અગરકર અને પસંદગી સમિતિના અન્ય સભ્યો ગંભીરના આ સૂચન સાથે સહમત નહોતા. તેમનું માનવું છે કે, સેમસનનું પ્રદર્શન સતત એકસરખું રહ્યું નથી. શ્રેયસ અય્યરે ઘરેલું ક્રિકેટ અને IPLમાં સતત પોતાની કેપ્ટન્સી સાબિત કરી છે. તેમની આગેવાની હેઠળ KKRએ 2024માં ટ્રોફી જીતી હતી. ત્યારપછી 2025માં તેમણે લાંબા સમય બાદ પંજાબની ટીમને ફાઈનલ સુધી પહોંચાડી હતી. ચાલુ વર્ષે 2026માં પણ પંજાબનું પ્રદર્શન પ્રથમ હાફમાં સારું રહ્યું હતું, પરંતુ બીજા હાફમાં ટીમ લય ગુમાવી બેઠી હતી. આશ્ચર્યજનક રીતે, IPL 2026માં શાનદાર બેટિંગ કરનાર અને RCBને સતત 2 IPL ટાઈટલ જીતાડવામાં મહત્વની ભૂમિકા ભજવનાર રજત પાટીદારને ટીમમાં સામેલ કરવા અંગે કોઈ ચર્ચા થઈ નથી.



# 'હા ક્રિકેટમાં ફિક્સિંગ થાય છે' લલિત મોદીના સનસનીખેજ ખુલાસા

### દાઉદ ઈબ્રાહિમ તરફથી મળતી હતી જાનથી મારી નાખવાની ધમકીઓ!

મુંબઈ

ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL)ના પૂર્વ કમિશનર લલિત મોદી અવારનવાર પોતાના વિવાદાસ્પદ અને ચોંકાવનારા નિવેદનોને કારણે ચર્ચામાં રહે છે. હવે તેમણે એક નવો દાવો કરીને ક્રિકેટ જગતમાં ખળભળાટ મચાવી દીધો છે. લલિત મોદીનું કહેવું છે કે ક્રિકેટમાં આજે પણ મેચ ફિક્સિંગ થઈ રહ્યું છે. જોકે, તેમણે આઈપીએલમાં આવી કોઈ પ્રવૃત્તિ થતી હોવાનો ઈનકાર કર્યો છે. તેમનું માનવું છે કે આઈપીએલ હવે ખેલાડીઓ માટે એટલી ફાયદાકારક લીગ બની ગઈ છે કે કોઈ પણ ખેલાડી પૈસા માટે પોતાના કરિયરને દાવ પર લગાવવાનું જોખમ નહીં લે. લલિત મોદીએ એક પ્રખ્યાત પોડકાસ્ટમાં ક્રિકેટમાં ભ્રષ્ટાચાર અને મેચ ફિક્સિંગ સહિતના અનેક ગંભીર મુદ્દા પર ખુલીને વાત કરી હતી. ક્રિકેટમાં ફિક્સિંગ થઈ રહ્યું છે, પણ IPL વિશે ખબર નથી



લલિત મોદીને પૂછવામાં આવ્યું કે શું આઈપીએલમાં આજે પણ ફિક્સિંગ થાય છે? આ સવાલના જવાબમાં તેમણે જણાવ્યું કે, 'રમતગમતમાં ભ્રષ્ટાચાર હવે ઘણો જટિલ સ્તરે પહોંચી ગયો છે. ક્રિકેટમાં ફિક્સિંગ ચોક્કસપણે થઈ રહ્યું છે. તે ખૂબ જ હાઈટેક અને અટપટું બની ગયું છે. આઈપીએલમાં ફિક્સિંગ છે કે નહીં, તે મને ખબર નથી. મને નથી લાગતું કે આઈપીએલમાં આવું કંઈ હોય, પણ હું ચોક્કસપણે કહી શકું નહીં કારણ કે મારી પાસે તેની કોઈ સત્તાવાર માહિતી નથી. પરંતુ હા, મને ખાતરી છે કે આ દૂષણ દરેક જગ્યાએ અસ્તિત્વ ધરાવે છે.' તેમણે વધુમાં ઉમેર્યું કે, 'દરેક રમતને પોતાની સમસ્યાઓ હોય છે. હું તમને આ બાબતે સ્પષ્ટ 'હા' કે 'ના' માં જવાબ આપી શકું તેમ નથી. હું ઈચ્છું છું કે તમે મારી આ આખી વાતને એમને એમ જ પ્રસારિત કરો, આ હિસ્સાને કાપશો નહીં, નહીં તો લોકો તેનો ખોટો અર્થ કાઢશે. કારણ કે હું ખૂબ સ્પષ્ટ કહી રહ્યો છું કે મને આઈપીએલ વિશે હાલની સ્થિતિએ કશી ખબર નથી લલિત મોદીએ એવો દાવો કર્યો કે, તેઓ ક્રિકેટ એડમિનિસ્ટ્રેશનથી દૂર થયા તેની પાછળનું સૌથી મોટું કારણ અંડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહિમ અને તેના સાગરિતો તરફથી મળેલી ધમકીઓ હતી. તેમણે આરોપ લગાવ્યો કે, 'મેં ક્રિકેટમાં મેચ ફિક્સિંગને નજરઅંદાજ કરવાનો સ્પષ્ટ ઈનકાર કરી દીધો હતો, જેના કારણે મારા પર ત્રણ વખત હુમલાનો પ્રયાસ કરાયો હતો. મેચ ફિક્સિંગ પર ચૂપ રહેવાના બદલામાં મને કરોડો ડોલરની ઓફર કરાઈ હતી, પરંતુ મેં તે તમામ ઓફરો ઠુકરાવી દીધી હતી.' આઈપીએલ સાઉથ આફ્રિકા લઈ જતાં સટ્ટાબજારો કંગાળ થયા! લલિત મોદીના જણાવ્યા અનુસાર, આઈપીએલની શરૂઆતની ત્રણ સિઝનમાં તેમણે ફિક્સિંગ થવા દીધું ન હતું, જેના કારણે અંડરવર્લ્ડ અને સટ્ટાબાજીનું આખું નેટવર્ક તેમનાથી ભારે નારાજ હતું. જ્યારે આઈપીએલ-2ને ભારતની બહાર દક્ષિણ આફ્રિકા શિફ્ટ કરવાનો નિર્ણય લેવાયો, ત્યારે સટ્ટાબાજોને અબજો રૂપિયાનું નુકસાન થયું હતું, કારણ કે સટોડિયાઓએ આઈપીએલ રદ થવા પર મોટો દાવ લગાવ્યો હતો.

## બિઝનેસ

### આ જ સ્થિતિ ચાલુ રહેશે તો ગ્રાહકોને આગામી તહેવારોમાં ઊંચા દરે ડ્રાય ફ્રૂટ ખરીદવા પડશે

# યુદ્ધને કારણે ડ્રાય ફ્રૂટ્સના ભાવમાં 25 ટકાનો વધારો

મુંબઈ

પશ્ચિમ એશિયામાં વધતા તણાવ અને યુદ્ધની પરિસ્થિતિઓની ભારતના ડ્રાય ફ્રૂટ્સના બજાર પર ભારે અસર પડી રહી છે. મુખ્યત્વે ઈરાન અને અફઘાનિસ્તાનથી આયાત કરવામાં આવતા પિસ્તા, અંજીર, ખજૂર અને અન્ય સૂકા ફળોનો સપ્લાય ખોરવાઈ જતા ભાવમાં ટૂંકાગાળામાં જ ૨૦થી ૨૫ ટકાનો ભડકો જોવા મળ્યો છે. વેપારીઓએ ચેતવણી આપી છે કે જો આ જ સ્થિતિ ચાલુ રહેશે તો ગ્રાહકોને આગામી તહેવારોની મોસમ દરમિયાન નોંધપાત્ર રીતે ઊંચા દરે ડ્રાય ફ્રૂટ ખરીદવા પડી શકે છે. પિસ્તાના ભાવમાં ૨૦થી ૨૫ ટકાનો વધારો થયો છે, જ્યારે અંજીરના ભાવમાં આશરે ૧૦ ટકાનો વધારો જોવા મળ્યો છે. એકંદરે,



મોટાભાગના મુખ્ય ડ્રાય ફ્રૂટના ભાવમાં ૧૦થી ૨૫ ટકાનો વધારો થયો છે. જોકે કાજુ અને કિસમિસના ભાવમાં હાલમાં કોઈ મોટો ઉછાળો થવાની શક્યતા નથી કારણકે આ ડ્રાય ફ્રૂટ્સ ભારતમાં સ્થાનિક સ્તરે ઉત્પન્ન થાય છે અને હાલમાં તેમની બજારની સ્થિતિ સંતુલિત છે. ખાડી દેશોના સંઘર્ષને કારણે શિપિંગ, વીમા અને નૂર શુલ્કમાં વધારો થયો છે. આ સિવાય પરિવહન સમયગાળો પણ અનેકગણો વધ્યો છે. આ સમયગાળો વધતા ડ્રાયફ્રૂટ્સની ગુણવત્તા વધુ બગડવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. નિષ્ણાતો માને છે કે વાસ્તવિક પડકાર તહેવારોની મોસમ, દિવાળી પહેલા ઉભરી આવશે, જે સામાન્ય રીતે ઓગસ્ટ અથવા સપ્ટેમ્બરમાં શરૂ થાય છે. જો ત્યાં સુધીમાં સપ્લાય ચેઈન સામાન્ય નહીં થાય, તો વધતી માંગને કારણે ભાવ વધુ વધી શકે છે અને એકંદર માંગમાં ૧૦થી ૧૫ ટકાનો ઘટાડો થઈ શકે છે. વેપારીઓએ ચેતવણી આપી છે કે જો આ જ સ્થિતિ ચાલુ રહેશે તો ગ્રાહકોને આગામી તહેવારોની મોસમ દરમિયાન નોંધપાત્ર રીતે ઊંચા દરે ડ્રાય ફ્રૂટ ખરીદવા પડી શકે છે. પિસ્તાના ભાવમાં ૨૦થી ૨૫ ટકાનો વધારો થયો છે.

### ઋણ સાધનો પર ઊંચા ખર્ચને પરિણામે કંપનીઓ દ્વારા બેન્ક લોનને વધુ પસંદગી

# એપ્રિલ-મે માસમાં બોન્ડસ જારી કરવાનું પ્રમાણમાં 58 ટકા ઘટાડો

મુંબઈ

બેન્ક ધિરાણની સરખામણીએ બોન્ડસ મારફત ભંડોળ ઊભું કરવાનું મોંઘુ પડતું હોવાથી કંપનીઓ દ્વારા બોન્ડસ જારી કરવાની માત્રામાં નોંધપાત્ર ઘટાડો જોવા મળી રહ્યો છે જ્યારે બેન્ક લોન ઉપાડમાં જોરદાર વધારો થઈ રહ્યો છે.

કંપનીઓ દ્વારા બેન્કો પાસેથી લોન લેવામાં વધારો થઈ રહ્યો છે જ્યારે બોન્ડસ જારી કરવાની માત્રા ઘટીને વર્તમાન નાણાં વર્ષના એપ્રિલ-મેમાં ત્રણ વર્ષની નીચી સપાટીએ રહી છે. કંપનીઓ દ્વારા લોન ઉપાડ વધતા ૧૫મી મેના પખવાડિયામાં બેન્ક ધિરાણમાં ૧૬.૨૦ ટકાની વૃદ્ધિ થઈ છે જે બે વર્ષની ટોચે છે.

એપ્રિલ-મેમાં ભારતીય કંપનીઓએ બોન્ડસ મારફત રૂપિયા ૧.૦૭ ટ્રિલિયન જેટલી રકમ ઊભી કરી છે જે ગયા નાણાં વર્ષના સમાન ગાળાની સરખામણીએ ૫૮ ટકા નીચી છે.




નાણાં વર્ષ ૨૦૨૩ના પ્રથમ બે મહિના બાદ વર્તમાન નાણાં વર્ષના પ્રથમ બે મહિનામાં બોન્ડસ મારફતની રકમ સૌથી નીચી રહી છે. પશ્ચિમ એશિયાના યુદ્ધને પરિણામે બોન્ડસ પરના વ્યાજ દરમાં વધારો થતાં કંપનીઓ માટે તે ખર્ચાળ સાબિત થઈ રહ્યા છે એમ એક વિશ્લેષકે જણાવ્યું હતું. ૧૦ વર્ષના સરકારી બોન્ડસ પરનો દર યુદ્ધ બાદ અંદાજે ૩૫ બેઝિસ પોઈન્ટ વધી હાલમાં સાત ટકા આસપાસ બોલાઈ રહ્યો છે. આ હકીકતને ધ્યાનમાં રાખી અસંખ્ય કંપનીઓ બેન્કો પાસેથી લોન લેવાનું વધુ વ્યવહારુ સમજી રહી છે.

નાણાં વર્ષ ૨૦૨૬ના પ્રથમ બે મહિનામાં કંપનીઓ દ્વારા બોન્ડસના પ્રાઈવેટ પ્લેસમેન્ટ છ વર્ષની ટોચે રહ્યા હતા. વર્તમાન નાણાં વર્ષમાં બોન્ડસ મારફત ભંડોળમાં થયેલા ઘટાડા પાછળ પશ્ચિમ એશિયાના યુદ્ધને પણ કારણભૂત ગણવામાં આવે છે. યુદ્ધની સ્થિતિ હળવી થવા બાદ બૃહદઆર્થિક સ્થિતિ કેવો વળાંક લે છે તેના પર પણ બોન્ડસ માર્કેટની નિર્ભરતા રહેલી હોવાનું વિશ્લેષકે ઉમેર્યું હતું. કંપનીઓ દ્વારા લોન માટેની માગમાં વધારો થતા બેન્કોએ પણ થાપણો મેળવવા આકર્ષક વ્યાજ દર ઓફર કરવા પડી રહ્યા છે.

### HR અને ભરતી સ્ટાફને નોકરીમાંથી છૂટા કરાયા

# ઉબેરમાં મોટી છટણી હજારો કર્મીઓને છૂટા કરાયા

### ઉબેરે સ્પષ્ટતા કરી છે કે નોકરી કાપ સીધી રીતે AI સાથે સંબંધિત નથી. કંપનીના જણાવ્યા મુજબ, આ નિર્ણય ફક્ત સંગઠનાત્મક પુનર્ગઠનનો એક ભાગ છે

મુંબઈ

વૈશ્વિક કેબ એગ્રીગેટર ઉબેરે તેના પીપલ એન્ડ પ્લેસ ડિવિઝનમાં મોટા ફેરફારો કર્યા છે, તેના 23% કર્મચારીઓને છટણી કરી છે. આ ડિવિઝનમાં HR, ભરતી, કાર્યસ્થળ વ્યવસ્થાપન અને કોર્પોરેટ સંસ્કૃતિ સાથે સંકળાયેલા કર્મચારીઓનો સમાવેશ થાય છે. કંપની જણાવે છે કે, આ પગલું સંસ્થાને વધુ ચપળ અને અસરકારક બનાવવા માટે લેવામાં આવ્યું છે. ઉબેરે પ્રભાવિત કર્મચારીઓની ચોક્કસ સંખ્યા જાહેર કરી નથી, પરંતુ મીડિયા રિપોર્ટ્સ અનુસાર, આ ઘટાડો કંપનીના કુલ 34,000 કર્મચારીઓના 1 ટકા કરતા પણ ઓછો છે. અહેવાલો સૂચવે છે કે છટણી મુખ્યત્વે વરિષ્ઠ મેનેજમેન્ટ અને મધ્યમ સ્તરના હોદ્દાઓ પર અસર કરે છે. Uber CEO દારા ખોસરોવશાહીએ કર્મચારીઓને સંદેશમાં જણાવ્યું હતું કે, કંપનીના વિકાસના આગામી તબક્કા માટે કેટલાક મુશ્કેલ નિર્ણયો જરૂરી છે. તેમણે જણાવ્યું હતું કે, આ પુનર્ગઠન પીપલ ટીમની કાર્યક્ષમતા વધારવા અને નિર્ણય લેવાની પ્રક્રિયાને ઝડપી બનાવવા માટે કરવામાં આવ્યું હતું. નવા પ્રમુખે પદ સંભાળ્યા બાદ લીધો નિર્ણય કંપનીના નવા પ્રમુખ, જીલ હેઝલબેકરના નેતૃત્વ હેઠળ છટણી કરવામાં આવી છે. તાજેતરમાં જ તેમને કંપનીમાં મહત્વપૂર્ણ જવાબદારીઓ સોંપવામાં આવી હતી. તેઓ HR, ભરતી, સંદેશાવ્યવહાર અને અન્ય કોર્પોરેટ ટીમોનું સંચાલન કરે છે. કંપની માને છે કે વર્તમાન માળખું નોંધપાત્ર રીતે જટિલ અને ડુપ્લિકેટિવ હતું, જેમાં ઘટાડો જરૂરી હતો. નોકરી કાપનું કારણ AI નહીં ટેક ઉદ્યોગમાં AIના વધતા ઉપયોગ વચ્ચે, આ છટણીઓ અંગે ઘણા પ્રશ્નો ઉભા થયા છે. જો કે, ઉબેરે સ્પષ્ટતા કરી છે કે નોકરી કાપ સીધી રીતે AI સાથે સંબંધિત નથી. કંપનીના જણાવ્યા મુજબ, આ નિર્ણય ફક્ત સંગઠનાત્મક પુનર્ગઠનનો એક ભાગ છે. કંપનીના ચીફ કોર્પોરેટ અફેર્સ ઓફિસર અને પ્રેસિડેન્ટ, જીલ હેઝલબેકરે, એક મેમોમાં જણાવ્યું કે, અગાઉની લોકોની ટીમ જટિલ અને ખંડિત હતી, જેમાં વિરોધાભાસી જવાબદારીઓ હતી. આ છટણીઓ કંપનીને વધુ કનેક્ટેડ, આધુનિક અને કાર્યકારી રીતે મજબૂત સંગઠન બનાવવામાં મદદ કરશે. ઉબેરે આખા વર્ષનું AI બજેટ માત્ર ચાર મહિનામાં ઉડાવ્યું રસપ્રદ વાત એ છે કે, જ્યારે ઘણી ટેક કંપનીઓ કૃત્રિમ બુદ્ધિ (AI) ના આગમન પછી કર્મચારીઓને છટણી કરી રહી છે, ત્યારે ઉબેરે દાવો કર્યો છે કે, આ નિર્ણયનો AI-સંચાલિત પુનર્ગઠન સાથે કોઈ સંબંધ નથી. AI સંબંધિત ખર્ચા એટલા ઝડપથી વધી ગયા છે કે, ઉબેરના ટેક યુનિટે માત્ર ચાર મહિનામાં તેનું 2026 AI બજેટ સંપૂર્ણ રીતે ઉડાવી દીધું. નોંધનીય છે કે વૈશ્વિક કેબ એગ્રીગેટર ઉબેરે તેના પીપલ એન્ડ પ્લેસ ડિવિઝનમાં મોટા ફેરફારો કર્યા છે, તેના 23% કર્મચારીઓને છટણી કરી છે. આ ડિવિઝનમાં HR, ભરતી, કાર્યસ્થળ વ્યવસ્થાપન અને કોર્પોરેટ સંસ્કૃતિ સાથે સંકળાયેલા કર્મચારીઓનો સમાવેશ થાય છે.




# શેરબજારમાં ફ્લેટ કારોબાર રહ્યો, મેટલ અને IT શેરોમાં ભારે વેચવાલી

- **સેન્સેક્સ 74,360 અને નિફ્ટી 23,416 પર બંધ**
- **યુદ્ધના કારણે રોકાણકારો પણ ભારે ચિંતિત દેખાયા**

મુંબઈ

આજે, 4 જૂને શેરબજાર ફ્લેટ કારોબાર રહ્યો. સેન્સેક્સ 14 પોઈન્ટ વધીને 74,360 પર બંધ થયો. નિફ્ટી 11 પોઈન્ટ વધીને 23,417 પર બંધ થયો. મીડિયા અને કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ શેરોમાં ભારે ખરીદી જોવા મળી. આ પહેલા ગઈકાલે એટલે કે 3 જૂને શેરબજારમાં ઘટાડો જોવા મળ્યો હતો. સેન્સેક્સ 303 પોઈન્ટના ઘટાડા સાથે 74,346 પર બંધ થયો હતો. નિફ્ટીમાં પણ 77 પોઈન્ટનો ઘટાડો જોવા મળ્યો હતો, તે 23,405 પર બંધ થયો હતો. સ્થાનિક મોરચે, રોકાણકારો હાલમાં ભારતીય રિઝર્વ બેંક (RBI) ની નાણાકીય નીતિ સમિતિ (MPC) ની બેઠકના પરિણામની રાહ જોઈ રહ્યા છે. RBI શુક્રવારે પોતાનો નિર્ણય જાહેર કરશે. પરિણામે, બજારમાં સાવચેતીનું વાતાવરણ જોવા મળ્યું છે. સવારે 9.30 કલાકે સેન્સેક્સ અને નિફ્ટી બંને લાલ નિશાનમાં ખૂલ્યા. સવારે 9.30 કલાકની વાત કરીએ તો, સેન્સેક્સ 299.46 પોઈન્ટના ઘટાડા સાથે 74,046.71 અંકે ખૂલ્યો જ્યારે નિફ્ટી 71.45 પોઈન્ટના ઘટાડા સાથે 23,334.15 અંકે ખૂલ્યો. મધ્ય પૂર્વમાં પરિસ્થિતિ ફરી એકવાર તંગ બની છે. બુધવારે સવારે, ઈરાને કુવૈત આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર હુમલો કર્યો. એક દિવસ પહેલા જ, યુએસ સેન્ટ્રલ કમાન્ડે ઈરાન દ્વારા છોડવામાં આવેલી અનેક બેલિસ્ટિક મિસાઈલોને અટકાવી હોવાનો દાવો કર્યો હતો. વધુમાં, પર્સિયન ગલ્ફમાં સ્થિત કેશ્મ ટાપુ પર બદલો લેવાનો હુમલો કરવામાં આવ્યો હતો. જોકે, મીડિયા સાથે વાત કરતા, યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું હતું કે ઈરાન પરમાણુ શસ્ત્રો ન રાખવા માટે સંમત થયું છે.

### સનસનાટીભર્યો ખુલાસો: ખાખીની આડમાં ખાનગી ઓફિસથી કરોડોનો કાળો વહીવટ!

# યુનિ.પોલીસ સ્ટેશનનો કર્મચારી 'ગિરી' લાઈમલાઈટમાં: સરકારી પગાર ખિસ્સામાં અને પ્રાઈવેટ અડ્ડેથી બુટલેગરો સાથે ડીલિંગ....!




**અમદાવાદ**

અમદાવાદ પોલીસ બેડાની આબરૂના લીરેલીરા ઉડાવતો અને કાયદો-વ્યવસ્થાની એસીતૈસી કરતો એક અત્યંત શરમજનક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. શહેરમાં વહીવટદાર તરીકે જેનું નામ જોરશોરથી ગુંજી રહ્યું છે તે 'ગિરી' કોઈ ખાનગી કંપનીનો દલાલ નથી, પણ ખુદ પોલીસ ખાતાનો સત્તાવાર કર્મચારી છે! ચોંકાવનારી બાબત એ છે કે, ખાખી વર્દીનો પગાર લેતો આ સરકારી માણસ પોલીસ સ્ટેશને ફરજ બજાવવાને બદલે, વાડજ પોલીસ ચોકી નજીક આવેલી એક 'ગુપ્ત ખાનગી ઓફિસ' માં ડેરો જમાવીને બેસે છે. અહીં જ બેસીને તે આખા શહેરના બુટલેગરો અને ગુનેગારો સાથે રોજનો લાખો રૂપિયાનો વહીવટ ખુલ્લેઆમ પાર પાડે છે.

**ગુલબાઈ ટેકરામાં 'મોતનો સામાન': કેમિકલવાળો દારૂ અને સ્પાની આડમાં પાપનગરી!**

સૂત્રો પાસેથી મળેલી પાકી માહિતી મુજબ, પોલીસ ખાતાના આ કથિત વહીવટદારના સીધા આશીર્વાદથી ગુલબાઈ ટેકરા વિસ્તાર ગુનાખોરીનો મુખ્ય અડ્ડો બની ચૂક્યો છે:

**કેમિકલયુક્ત ઝેરી દેશી દારૂ:** આ વિસ્તારમાં વેચાતો દેશી દારૂ સાદો નથી, પરંતુ અત્યંત જોખમી કેમિકલવાળો છે, જે ગમે ત્યારે લઠ્ઠાકાંડ સર્જીને નિર્દોષ નાગરિકોના જીવ લઈ શકે છે.

**વિદેશી દારૂનું કટિંગ:** આ વહીવટદારની સીધી સાંઠગાંઠથી વિદેશી દારૂના મોટા જથ્થા અને કન્ટેનરોનું કટિંગ અહીં રાતોરાત કરવામાં આવે છે.

**સ્પાની આડમાં દેહવેપાર:** હેલ્થ અને વેલનેસ સ્પાના બોર્ડ લગાવીને અંદર ખુલ્લેઆમ હાઈપ્રોફાઈલ જિસ્મફરોશીનો કાળો ધંધો ધમધમી રહ્યો છે.

> **શું પી.આઈ. બાવાને માત્ર 'મોટા હપ્તા'માં જ રસ છે?**

આખા વિસ્તારમાં આટલું મોટું પાપ સામ્રાજ્ય ધમધમે છે, છતાં સ્થાનિક પી.આઈ. (PI) બાવાને જનતાની પીડા દૂર કરવામાં કોઈ રસ હોય તેવું દેખાતું નથી. જ્યારે આ સમગ્ર કાળા કારોબાર અંગે 'પાક્કો ગુજરાત ન્યૂઝ' દ્વારા પી.આઈ. બાવા સાથે ટેલિફોનિક સંપર્ક કરવામાં આવ્યો, ત્યારે તેમણે હંમેશની જેમ 'અજાણ હોવાનો રાગ આલાપ્યો' હતો! તેમણે જણાવ્યું કે, 'આ બાબતે હું કશું જ જાણતો નથી અને વિસ્તારમાં ચાલતા દારૂ-જુગારની મને કોઈ ખબર નથી.' હવે સવાલ એ થાય છે કે આટલા મોટા ગંભીર નેટવર્કથી પી.આઈ. ખરેખર અજાણ છે કે પછી જાણીજોઈને આંખ આડા કાન કરી રહ્યા છે? શું તેઓ માત્ર સમયસર પહોંચી જતા 'મોટા હપ્તા'ની ઉઘરાણીમાં જ મસ્ત છે?

**સિસ્ટમના આકાઓ મૌન: PCB, ક્રાઈમ બ્રાન્ચ અને DCP સ્કોડ કેમ લાચાર?**

પોલીસ ખાતાનો એક મામૂલી કર્મચારી સરકારી કચેરી છોડીને પ્રાઈવેટ ઓફિસમાંથી આટલું મોટું કાળું નેટવર્ક ચલાવે, તે કોઈ મોટા આશીર્વાદ વગર શક્ય જ નથી. ચર્ચા તો એવી છે કે વહીવટદાર ગિરી ઉપર એસ પી (SP) કક્ષાના ઉચ્ચ અધિકારીઓ, મોટા ગજાના નેતાઓ અને પોલીસ વિભાગના આકાઓનો સીધો હાથ છે. આ જ કારણે સ્ટેટ મોનિટરિંગ સેલ, પી.સી.બી (PCB), ક્રાઈમ બ્રાન્ચ કે ડી.સી.પી (DCP) સ્કોડ જેવી મોટી એજન્સીઓ પણ આ અડ્ડાઓ પર રેડ પાડતા ફફડે છે. આ વહીવટદારની ગોઠવણ એટલી પાકી છે કે તે નીચેથી લઈને છેક ઉપર સુધી નિયમિત 'વહીવટ' પહોંચાડી દે છે, જેથી હોમ મિનિસ્ટરની કડક સૂચનાઓની પણ અહીં સરેઆમ અવગણના થઈ રહી છે.

**કરોડોના આલીશાન બંગલા અને લક્ઝરી ગાડીઓ: ખાખીના પગારમાં આટલી સંપત્તિ ક્યાંથી?**

વર્ષોથી વિવાદોની કેન્દ્રમાં રહેલા આ પોલીસ કર્મચારી ગિરીની સંપત્તિ જોઈને ભલભલા પ્રમાણિક અધિકારીઓ પણ આશ્ચર્યમાં પડી જાય તેમ છે. પોલીસ ખાતાના સામાન્ય સરકારી પગાર પર જીવતા આ માણસ પાસે આજે કરોડો રૂપિયાના આલીશાન બંગલા, મોંઘીદાટ લક્ઝરી ગાડીઓ અને કરોડોની બેનામી જમીનોનું સામ્રાજ્ય ક્યાંથી આવ્યું? આ સંપત્તિ જ વાડજની પ્રાઈવેટ ઓફિસમાં થતા કાળા વહીવટની કમાણીનો જીવતો જાગતો પુરાવો છે.

- **'પાક્કો ગુજરાત'નો ગૃહ વિભાગ અને ઉપમુખ્યમંત્રીને ખુલ્લો પડકાર:**

શું સરકાર લઠ્ઠાકાંડ થવાની રાહ જોઈ રહી છે?

'પાક્કો ગુજરાત ન્યૂઝ' આજે રાજ્યના ઉપમુખ્યમંત્રી અને ગૃહ મંત્રાલયને ખુલ્લો પડકાર ફેંકે છે કે, ખાખીની આડમાં બુટલેગરો સાથે લાખોના સોદા કરતા આવા કાળા ઘેટા સામે કોઈ કડક કાયદાકીય કે ખાતાકીય પગલાં ભરાશે? કે પછી સિસ્ટમના આકાઓ આ બધું ચાલવા દેશે? જો ગુલબાઈ ટેકરાના કેમિકલવાળા દારૂથી શહેરમાં કોઈ મોટી દુર્ઘટના કે લઠ્ઠાકાંડ સર્જાયો, તો તેની જવાબદારી કોની રહેશે? પી.આઈ. બાવાની કે વહીવટદાર ગિરીની? જનતા હવે આ કાળા ચહેરાઓ સામે કાગડોળે કડક એક્શનની રાહ જોઈ રહી છે.

## અમદાવાદના કાલુપુરમાં હાઈપ્રોફાઈલ ડ્રગ્સ કાંડ

### હોટલના રૂમમાંથી યુવક-યુવતી નશાના કાળા કારોબાર સાથે ઝડપાયા!

**અમદાવાદ**

મોજશોખ અને શોર્ટકટથી અમીર બનવાના ચક્કરમાં અમદાવાદના યુવાનો કઈ હદે નશાના રવાડે ચઢી રહ્યા છે, તેનો એક વધુ ચોંકાવનારો કિસ્સો કાલુપુર વિસ્તારમાંથી સામે આવ્યો છે. શહેરના કાલુપુર ઝકરીયા મસ્જિદ પાસે આવેલી એક હોટલના રૂમમાં બેસીને ડ્રગ્સનું નેટવર્ક ચલાવતા એક યુવક અને યુવતીને પોલીસે રંગેહાથ દબોચી લીધા છે. ઝોન-૩ એલ.સી.બી. (LCB) ની ટીમે બાતમીના આધારે સન્ની હોટલમાં દરોડો પાડીને લાખો રૂપિયાના ડ્રગ્સના જથ્થા સાથે હાઈપ્રોફાઈલ ધરપકડ કરી છે.

મળતી માહિતી મુજબ, ઝોન-૩ એલસીબીની ટીમને પાકી બાતમી મળી હતી કે કાલુપુર ઝકરીયા મસ્જિદ નજીક આવેલી 'સન્ની હોટલ' માં ડ્રગ્સની હેરાફેરી થઈ રહી છે. પોલીસે જરાય સમય બગાડ્યા વિના હોટલના રૂમ નંબર ૧૦૯માં અચાનક રેડ પાડી હતી. પોલીસના આ ઓપરેશન દરમિયાન રૂમમાંથી નશાનો કાળો કારોબાર કરતા સાદિક અરબ અને સીમા હરજાણી નામના યુવક-યુવતી ઝડપાઈ ગયા હતા. પોલીસે રૂમની તલાશી લેતા ત્યાંથી આશરે ૧ લાખ રૂપિયાની કિંમતનું ૧૦.૨૯ ગ્રામ મેફેડ્રોન (MD) ડ્રગ્સ મળી આવ્યું હતું.

પોલીસની પ્રાથમિક પૂછપરછમાં ચોંકાવનારો ખુલાસો થયો છે કે આ ડ્રગ્સનો જથ્થો તેઓને શાહિદ સૈયદ નામના શખ્સે પૂરો પાડ્યો હતો. હાલમાં ડ્રગ્સ આપનાર મુખ્ય સપ્લાયર શાહિદ સૈયદ પોલીસને થાપ આપીને ફરાર થઈ ગયો છે. કાલુપુર પોલીસે આ મામલે એન.ડી.પી.એસ. (NDPS) એક્ટ હેઠળ ગુનો દાખલ કરીને આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ગોતા વોર્ડના કોર્પોરેટરોનો સ્થાનિકોએ ઉધડો લીધો : ઘાટલોડિયામાં ઘેરીને ઉગ્ર રજૂઆત કરી

> મામલાની ગંભીરતાને જોતા ગાંધીનગર લોકસભા સાંસદ અને કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે પણ તાત્કાલિક પગલાં લેવા CM અને મેયરને સૂચના આપી

**અમદાવાદ**

અમદાવાદ શહેરના ગોતા અને થલતેજ વોર્ડમાં આવતા ઘાટલોડિયા વિસ્તારની સોસાયટીઓમાં રોગચાળો ફેલાતા ગોતા વોર્ડના ભાજપના કોર્પોરેટરો આજે(4 જૂન) આકાંક્ષા ફ્લેટમાં આવ્યા હતા. ભાજપના કોર્પોરેટરોનો સ્થાનિક લોકોએ ઉધડો લીધો હતો. ખરાબ પાણી પીવાને કારણે સોસાયટીના રહીશો બીમાર પડ્યા હતા, જેને લઈને સોસાયટીના લોકોએ કોર્પોરેટરોને ઘેરીને ઉગ્ર રજૂઆત કરી હતી.



મામલાની ગંભીરતાને જોતા ગાંધીનગર લોકસભા સાંસદ અને કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે પણ તાત્કાલિક પગલાં લેવા CM અને મેયરને સૂચના આપી છે.

ઘાટલોડિયા વિસ્તારના આકાંક્ષા ફ્લેટના સ્થાનિક રહીશોએ ભાજપના કોર્પોરેટર કેતન પટેલ, હેમાબેન પટેલ સહિતના કોર્પોરેટરો સમક્ષ ઉગ્ર રજૂઆત કરી હતી કે શનિવારે મોડી રાત્રે અથવા રવિવારે સવારે કામગીરી કરવાની હતી જે સોમવાર સુધી કર્યું નહીં. જેના કારણે બધાએ ખરાબ પાણી પીધું અને તેના કારણે થઈને આ વિકટ સ્થિતિ ઊભી થઈ હતી. તાત્કાલિક પગલાં લેવા જોઈએ છતાં પગલા લેવામાં આવ્યા નથી. અમે જાણ કરીએ છીએ ત્યાર બાદ તેઓ દ્વારા કાર્યવાહી કરવામાં આવે છે.

સોસાયટીના સ્થાનિક રહીશોએ ઉગ્ર રજૂઆત કરી હતી કે સોસાયટીના રહીશો કઈ લાઈન ક્યાં જાય છે તે તમામ બાબત જાણે છે જે બાબતની અમે વોર્ડના અધિકારીઓને જાણ કરી હતી. અમે અધિકારીઓને જાણ કરી એના પાંચથી છ કલાક બાદ પગલાં લેવામાં આવે છે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને મુખ્યમંત્રીની વિધાનસભા ઘાટલોડિયાના વિસ્તારમાં રોગચાળો ફેલાતાં ભાજપના ગોતા વોર્ડના કોર્પોરેટર કેતન પટેલ અને હેમા પટેલ દોડી ગયા હતા. મુખ્યમંત્રી અને કેન્દ્રીય ગૃહમંત્રીના મતવિસ્તારમાં આ સ્થિતિ ઉભી થતા પ્રતિનિધિ તરીકે ભાજપના શહેર મહામંત્રી દર્શક ઠાકર પણ પહોંચ્યા હતા.

### ધંધુકા-રાણપુર રોડ પર ગંભીર માર્ગ અકસ્માત

## ટ્રક-કાર વચ્ચે ભયાનક ટક્કર, પોરબંદરના શિક્ષકનું મોત : 3 ગંભીર

**અમદાવાદ**

અમદાવાદ જિલ્લાના ધંધુકા-રાણપુર રોડ પર આજે (4 જૂન) એક કાળજું કંપાવી દેનારો ગંભીર માર્ગ અકસ્માત સર્જાયો છે. કિશાન જીન નજીક એક બેકાબૂ ટ્રક અને કાર વચ્ચે સર્જાયેલી ધડાકાભેર ટક્કરમાં કારના કુરચેકુરચા ઉડી ગયા હતા.

આ ભયાનક દુર્ઘટનામાં 35 વર્ષના યુવાન શિક્ષકનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું, જ્યારે મૃતકની પત્ની અને માસૂમ પુત્ર સહિત ત્રણ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. શાળાનું વેકેશન પૂરું થતાં ભોગ બનનાર પરિવાર સામાન ભરીને પોરબંદરથી નોકરીના સ્થળે લીમખેડા જઈ રહ્યો હતો ત્યારે આ કાળમુખો અકસ્માત સર્જાયો હતો.

અકસ્માત એટલો ભયાવહ હતો કે, કારનો આગળનો ભાગ સંપૂર્ણપણે કચડાઈ ગયો હતો. આ અકસ્માતમાં એક યુવકનું ઘટનાસ્થળે જ પ્રાણપંખેરૂ ઉડી ગયું હતું. જ્યારે સ્થાનિક લોકો અને ઈમરજન્સી સેવાઓ દ્વારા તમામ ઘાયલ લોકોને બહાર કાઢવામાં આવ્યા હતા. પરિવારે નજર સામે જ મોભી ગુમાવતાં ચીસાચીસ મચી ગઈ હતી.

મળતી વિગતો અનુસાર, મૂળ પોરબંદર જિલ્લાના અમીપુરા ગામના વતની મોહન પરબતભાઈ વાસણ (ઉં.વ. 35) દાહોદ જિલ્લાના લીમખેડા નજીક આવેલા એક ગામમાં શિક્ષક તરીકે ફરજ બજાવતા હતા. ઉનાળુ વેકેશન પૂરું થતાં અને શાળાઓ પુનઃ શરૂ થવાની હોવાથી, મોહનભાઈ પોતાના પરિવાર સાથે ઘરવખરીનો સામાન લઈને પોરબંદરથી લીમખેડા જવા નીકળ્યા હતા. તેમની સાથે કારમાં પત્ની, પુત્ર અને મામાનો દીકરો સવાર હતા, જ્યારે સામાન ભરેલી બીજી ગાડીમાં ચિરાગ નામનો યુવક પાછળ આવી રહ્યો હતો.

### લેપટોપ, મોબાઈલ સહિતનો મુદ્દામાલ કબજે કરાયો

## ઘરમાં બેસી લોન અપાવવાના બહાને ડોલર ટ્રાન્સફર કરાવી છેતરપિંડી કરતો યુવક ઝડપાયો

### ટેલિગ્રામ ગ્રુપમાંથી અમેરીકન એપ્લીકેસનનો QR કોડ મંગાવી જેમાં ગ્રાહક પાસેથી 100થી 500 ડોલર ટ્રાંસફર કરાવતો હતો

**અમદાવાદ**

અમેરિકન નાગરિકોને લોન આપવાના બહાને છેતરપિંડી કરનાર શખસની દાણીલીમડા પોલીસે ધરપકડ કરી છે. આરોપી ઘરમાં બેસીને ટેક્સ નાવ નામની એપ્લિકેશનથી ઈમેલ કરી લોન આપવાની વાત કરતો હતો અને જો લોન એપ્રુવ કરાવવી હોય તો ક્રેડિટ સ્કોર ઓછો બતાવીને પ્રોસેસિંગ ફીને સિક્યુરિટી ડિપોઝિટ સહિત અલગ અલગ બહાને ડોલર ટ્રાન્સફર કરાવી છેતરપિંડી કરતો હતો. પોલીસે આરોપી પાસેથી લેપટોપ અને મોબાઈલ ફોન સહિતનો મુદ્દામાલ કબજે કર્યો છે.

દાણીલીમડા પોલીસ સ્ટેશનના પીઆઈ સી.ટી દેસાઈની ટીમને બાતમી મળી હતી કે, દાણીલીમડા વિસ્તારમાં શ્રીદેવીપાર્ક સોસાયટીમાં સાહિલ મિર્ઝા નામનો યુવક ગેરકાયદેસર રીતે વિદેશી નાગરિકોને લોન આપવાની લાલચ આપીને છેતરપિંડી કરી રહ્યો છે. જેના આધારે પોલીસે દરોડો પાડતા



પોલીસે યુવકને લેપટોપ અને મોબાઈલ ફોન સહિતના મુદ્દા માલ સાથે વિદેશી નાગરિકો સાથે છેતરપિંડી કરતા ઝડપી લીધો હતો. આરોપીની પૂછપરછ કરતા તેણે જણાવ્યું હતું કે, તેઓ ટેલીગ્રામ ગ્રુપ DGS તથા DOLLERમાંથી તેમજ તેમાંથી લીંક મોકલી વોટ્સઅપ WORK HOLIC નામનુ ગ્રુપ બનાવી અમેરિકન નાગરિકોના મોબાઈલ નંબર તેમજ તેઓના અન્ય ડેટાની લીડ મેળવી લેતો હતો. અમેરિકાના લોકોને PROSPER FINANCE અને LENDING TREE નામની લોન આપનાર કંપની તરીકેની ઓળખ આપી લોન આપવાનું કહીને ઈમેલ આઈ.ડી. મોકલી આપતો હતો. જો કોઈ નાગરિક રસ ધરાવે તો 'GOOGLE VOICE ' નામની એપ્લીકેશન દ્વારા કોલ કરી તમારી લોન એપ્રુવ થઈ ગઈ છે કહી અમેરિકન નાગરિક પાસે કસ્ટમરનું નામ સરનામું એકાઉન્ટ નંબર, રાઉટીંગ નંબર તેમજ એડ્રેસ તથા બેન્કનું નામ સોરિયયલ સિક્યોરીટી નંબરના છેલ્લા ચાર આંકડાઓ મેળવી લેતો. કેડીટ સ્કોર ઓછો હોવાથી લોન સકસેસ ફૂલ થતી નથી. જેથી તમારે અમારી કંપનીમાં પ્રોસેસીંગ ફી તથા સીક્યોરીટી ડિપોઝીટ તથા ઈન્સોરન્સ કરાવવાનો રહેશે જેનાથી તમારો સ્કોર 700 પોઈન્ટ અંદાજે વધી જશે અને સરળતાથી લોન મળી રહેશે અને લોન રકમ સાથે તમે ભરેલા ડોલર રીફન્ડ મળી જશે કહી અલગ અલગ ફીના નામે છેતરપિંડી કરતો હતો.

## સાબરમતી રિવરફ્રન્ટ પર ગાંધીબ્રિજ નીચે બોટમાં લાગી આગ

**અમદાવાદ**

અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ પર આજે એકાએક આગ ભભૂકી ઉઠતાં નાસભાગ મચી ગઈ હતી. ગાંધીબ્રિજની નીચે નદીના કિનારે પાર્ક કરીને રાખવામાં આવેલી એક ખાનગી એજન્સીની બંધ બોટમાં અચાનક જ ભયાનક આગ ફાટી નીકળી હતી. બ્રિજ પરથી પસાર થઈ રહેલા જાગૃત વાહનચાલકો અને નાગરિકોની નજર આગની ગંભીર લપેટો પર પડતાં જ, તેમણે ફાયરબ્રિગેડને આ અંગેની તાત્કાલિક જાણ કરી હતી. કૉલ મળતાં જ ફાયર વિભાગના 2 ફાઈટરો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. હાલ નદીમાં બોટિંગ એક્ટિવિટી બંધ હોવાના લીધે આ બોટ ગાંધીબ્રિજની નીચે બંધ હાલતમાં પાર્ક કરેલી હતી. બોટમાં આગ એટલી ઝડપથી પ્રસરી રહી હતી કે નીચે પહોંચવામાં સમય બગડે તેમ હતો. આથી ફાયરના જવાનોએ ગાંધીબ્રિજની ઉપરથી જ બોટ તરફ પાણીનો મારો ચલાવવાનું શરૂ કરી દીધું હતું. ફાયર ટીમે આગ વધુ વિકરાળ બને તે પહેલાં જ તેના પર કાબૂ મેળવી લીધો હતો. સદનસીબે, બોટ લાંબા સમયથી બંધ હોવાને કારણે તેમજ ઘટના સમયે આસપાસ કોઈ લોકો હાજર ન હોવાથી એક મોટી જાનહાનિ ટળી ગઈ છે. જો કે, આ ભીષણ આગ શોર્ટ સર્કિટના કારણે લાગી છે કે પછી તેની પાછળ અન્ય કોઈ કારણ જવાબદાર છે, તે હજી સુધી સ્પષ્ટ થઈ શક્યું નથી.

## પ્રજ્ઞાચક્ષુ વડીલ પર દાદાગીરી કરનાર PSI સોનલ રાઠોડ સસ્પેન્ડ, હવે થશે ગુનો દાખલ!

### 'પાક્કો ગુજરાત ન્યૂઝ' જનતાના પક્ષે રહીને સવાલ ઉઠાવે છે કે, આવા સંવેદનહીન અધિકારીઓ પ્રજાની રક્ષા કેવી રીતે કરશે? હાલમાં આ મહિલા પીએસઆઈ સામે ગુનો દાખલ કરવાની તજવીજ શરૂ કરાતા અન્ય ભ્રષ્ટ અને દાદાગીરી કરતા કર્મચારીઓમાં ફફડાટ વ્યાપી ગયો છે

**અમદાવાદ**

અમદાવાદ પોલીસ બેડાને લાંછન લગાડતી અને કાયદાના રક્ષકો જ ભક્ષક બન્યા હોવાનો પુરાવો આપતી એક ઘટનામાં આખરે કડક કાર્યવાહી કરવામાં આવી છે. શહેરમાં એક પ્રજ્ઞાચક્ષુ (અંધ) વડીલ પર સરેઆમ હુમલો કરી, તેઓની નિર્દયતાપૂર્વક ધોલાઈ કરનાર મહિલા પીએસઆઈ (PSI) સોનલ રાઠોડને તાત્કાલિક ધોરણે સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. આટલું જ નહીં, કાયદાનો દુરુપયોગ કરનાર આ મહિલા પોલીસ અધિકારી વિરૂદ્ધ હવે ટૂંક સમયમાં જ કાયદેસરની એફઆઈઆર (FIR) પણ દાખલ કરવામાં આવશે.



મળતી માહિતી મુજબ, કાયદો અને વ્યવસ્થા જાળવવાની જવાબદારી જેમના શિરે છે તે પીએસઆઈ સોનલ રાઠોડે માનવતાની તમામ હદો વટાવી દીધી હતી. એક લાચાર અને પ્રજ્ઞાચક્ષુ વડીલ સાથે સામાન્ય બાબતમાં ઉગ્ર બોલાચાલી કરીને તેઓની પર હાથ ઉપાડ્યો હતો અને બેરહેમીથી માર માર્યો હતો. ખાખી વર્દીના નશામાં ચૂર થઈને કરવામાં આવેલી આ દાદાગીરીનો મામલો ઉચ્ચ પોલીસ અધિકારીઓ સુધી પહોંચ્યો હતો. પ્રજ્ઞાચક્ષુ વડીલની આ પ્રકારે નિર્દયતાથી ધોલાઈ કરવાના કિસ્સાએ સોશિયલ મીડિયા પર અને પોલીસ બેડામાં ભારે રોષ જગાવ્યો હતો.

ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈને ઉચ્ચ પોલીસ તંત્ર દ્વારા તાત્કાલિક અસરથી તપાસના આદેશ આપવામાં આવ્યા હતા. પ્રાથમિક તપાસમાં પીએસઆઈ સોનલ રાઠોડ કસૂરવાર જણાતા, ડિપાર્ટમેન્ટ દ્વારા તેઓને સસ્પેન્ડ કરવાનો આકરો નિર્ણય લેવામાં આવ્યો છે.


**આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070**



Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI